સપ્ટેમ્બર-૨૦૨૫

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength (માસિક)

સહ વીર્યં કરવાવહૈ

વર્ષ : ૧૮
અંક : 03
મુલ્ય : રૂા. ૪૦/-



## મહાસભા વાર્ષિક અધિવેશન
## એવં
## અ.ભા. વિરાટ સગપણ સંમેલન

**તા. ૨૧, ૨૨, ૨૩ ડીસે. ૨૦૨૫**
**રવિવાર, સોમવાર, મંગળવાર**

## જગન્નાથપુરી (ઓરિસ્સા)

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**
*C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511*

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


|| વિદ્યાદાન મહાદાન ||   || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ ||   || સા વિદ્યા યા વિમુક્તયે ||

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૮ અંક : 0૩ સપ્ટેમ્બર-૨૦૨૫



માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)

## તંત્રી સ્થાનેથી...

દુ:ખ અને સુખમાં એટલો ફરક છે કે જ્યારે આપણે દુ:ખ વહેંચીએ છીએ ત્યારે તે ઓછું થતું જાય છે. જ્યારે સુખ વહેંચીએ છીએ ત્યારે તે વધતું જાય છે. આજકાલ પરિવારોમાં એકબીજાની મનોભાવનાને ન જાણવાને કારણે જીવનમાં અશાંતિ, હતાશા અને નિરસતા જણાય છે. જેને લઇને લોકો ડિપ્રેશનમાં જીવે છે અને આત્મહત્યા જેવો માર્ગ અપનાવે છે.

કોઇ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવી અને સમાનુભૂતિ પ્રગટ કરવી એ બન્નેમાં અંતર છે. સહાનુભૂતિનો અર્થ છે ''હું સમજું છું, તમને કેવું લાગી રહ્યું છે.'' અને સમાનુભૂતિનો અર્થ છે કે, ''તમને જેવું લાગી રહ્યું છે એવું મને પણ લાગે છે.'' બીજાઓ ઉપર કરવામાં આવેલ અને પોતાની સાથે કરવામાં આવેલ અનુચિત વ્યવહારને આપણે અલગ અલગ દષ્ટિકોણથી જોઇએ છીએ. કોઇ સારા વ્યક્તિનો એક અત્યંત મહત્વપૂર્ણ ગુણ બીજાની અનુભૂતિઓને સમજવાનો છે. જેમાં આ ગુણ હોય છે તે સ્વયંને પૂછે છે કે, ''મને ત્યારે કેવું લાગે, જ્યારે બીજા કોઇ મારી સાથે આવો વ્યવહાર કરે ?''

વિદેશોમાં પાળવા માટે વિવિધ પ્રકારના પ્રાણીઓની દુકાનો હોય છે. એક છોકરો પાળવા માટે એક ગલુડિયું ખરીદવા દુકાન ઉપર ગયો. ત્યાં ચાર સુંદર ગલુડિયાં એક સાથે રમી રહ્યા હતાં. એક ગલુડિયાની કિંમત ૫૦ ડોલર હતી. બાળકની નજર દૂર એક ખૂણામાં બેઠેલા ગલુડિયા પર પડી. બાળકે દુકાનદારને જાણવા ખાતર પૂછ્યું કે, ''ભાઇ સાહેબ, પેલું ખૂણાંમાં બેઠેલું ગલુડિયું વેંચાઉ છે ?'' દુકાનદારે હા પાડી પરંતુ જણાવ્યું કે તે વિકલાંગ છે એટલે હું વેંચતો નથી. બાળકે વધુ જાણવા માટે પૂછ્યું કે એમાં શું ખોટ છે ? ત્યારે દુકાનદારે જણાવ્યું કે, તે પાછળનાં બન્ને પગે અપંગ છે. બાળકે પૂછ્યું તમે એને કેમ સાચવશો ? દુકાનદારે કહ્યું કે, એને સાચવવો મને પોષાય નહીં એટલે જેમ બને તેમ વહેલી તકે એને છુટકારો આપી દઇશ. આ સાંભળી બાળકના હૃદયમાં સહાનુભૂતિની લહેર દોડી ગઇ. તેણે દુકાનદારને કહ્યું કે, શું હું તેની સાથે થોડીવાર રમી શકું ? દુકાનદારે હા પાડી. બાળકે દોડી જઇને ગલુડિયાને ઉપાડી લીધું અને પ્યારથી પુચકારવા લાગી ગયો. ગલુડિયું આનંદિત થઇ ઉઠ્યું અને બાળકને વહાલથી ચાટવા લાગ્યું. બાળકને તે ખૂબ ગમી ગયું. તેને ખરીદવાનો વિચાર કર્યો. દુકાનદારને વાત કરી. તેણે સલાહ આપી કે તારે ખરીદવું જ હોય તો સારૂં ગલુડિયું ખરીદ. આ અપંગ શા માટે ? બાળકે કોઇ જવાબ ન આપ્યો. માત્ર જમણા પગની પેન્ટ ઉંચી કરી પગમાં લગાવેલી બ્રેસ એ દુકાનદારને દેખાડી. દુકાનદાર સમજી ગયો. બાળકની સહાનુભૂતિ જોઇ એ ગલુડિયું તેને ફ્રીમાં આપી દીધું.

સહાનુભૂતિ એ મનની મૂલ્યનિષ્ઠ ભાવના છે. પરંતુ એનાથી વધુ મહત્વપૂર્ણ છે તેની અનુભૂતિ કરવી. પરિવારમાં કે સમાજમાં જ્યારે આપણે એકબીજાની મનોભાવનાની અનુભૂતિ કરશું તો આપણાં સંબંધો અને સંગઠન વધુ ગાઢ બનતા જશે.

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા




**પ્રમુખશ્રી મહાસભા**
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

**વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા**
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644


સહ વીર્યં કરવાવહૈ


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા




## વાર્ષિક અધિવેશન તથા વિરાટ સગપણ સંમેલન

સહ વીર્યં કરવાવહૈ

### તા. ૨૧, ૨૨, ૨૩ ડીસેમ્બર-૨૦૨૫, જગન્નાથપુરી (ઓરિસ્સા)

જય સમાજ સહ જણાવવાનું કે, **શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાનું આગામી વાર્ષિક અધિવેશન પૂર્વ ઓરિસ્સા પ્રાદેશિક** સમિતિના સ્નેહમય આમંત્રણથી **જગન્નાથ પુરી (ઓરિસ્સા)** મધ્યે **તા. ૨૧,૨૨,૨૩ ડીસેમ્બર-૨૦૨૫**ના ત્રણ દિવસ દરમ્યાન યોજાવા જઈ રહ્યું છે. જેમાં **પ્રતિનિધિશ્રીઓની ખાસ સભા, મહાસભા, અખિલ ભારતીય મહિલા મહામંડળ, અખિલ ભારતીય યુવા મહામંડળની કારોબારી મીટીંગ તેમજ સામાન્ય સભાઓના આયોજનો** ઉપરાંત **મેરેજ બ્યુરો સમિતિ દ્વારા સગપણ સંમેલન**નું આયોજન કરવામાં આવેલ છે. સાથે સાથે પ્રાદેશિક સમિતિ દ્વારા **સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ**નું આયોજન પણ કરવામાં આવેલ છે. વધુમાં વધુ સમાજબાંધવો આ પાવન પ્રસંગનો લાભ લે તેવા ઉમદા હેતુથી સમસ્ત સમાજને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### તા. ૨૧/૧૨/૨૦૨૫, રવિવાર

| | | |
|---|---|---|
| **સવારે ૭.૦૦ થી ૯.૦૦** | : | આગમન, રજીસ્ટ્રેશન, અલ્પાહાર |
| **સવારે ૯.૩૦ થી ૧૧.૩૦** | : | ઉદ્‌ઘાટન સમારોહ |
| **સવારે ૧૧.૩૦ કલાકે** | : | મેરેજ બ્યુરો ઉદ્‌ઘાટન |
| **સાંજે ૪.૦૦ થી ૬.૩૦** | : | પ્રતિનિધિઓની ખાસ સભા |
| **સાંજે ૩.૩૦ થી ૭.૩૦** | : | મેરેજ બ્યુરોના કાર્યક્રમો |

### તા. ૨૨/૧૨/૨૦૨૫, સોમવાર

| | | |
|---|---|---|
| **સવારે ૯.૦૦ થી ૧.૦૦ અને બપોરે ૩.૦૦ થી ૭.૦૦** | : | મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક |
| **સવારે ૯.૦૦ થી ૧.૩૦** | : | મેરેજ બ્યુરોના કાર્યક્રમો |
| **સવારે ૧૦.૦૦ થી ૧.૦૦** | : | અખિલ ભારતીય મહિલા મહામંડળની સામાન્ય સભા |
| **સાંજે ૪.૦૦ થી ૭.૦૦** | : | અખિલ ભારતીય યુવા મહામંડળની સામાન્ય સભા |
| **સાંજે ૩.૩૦ થી ૭.૦૦** | : | મેરેજ બ્યુરોના કાર્યક્રમો |

### તા. ૨૩/૧૨/૨૦૨૫, મંગળવાર

| | | |
|---|---|---|
| **સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૭.૦૦** | : | મહાસભાની બંધારણીય સામાન્ય સભાની બેઠક |

**:: વિનિત ::**

**વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર** (મહામંત્રી, મહાસભા)
અંજાર - ૯૯૭૮૭૯૦૪૮૮

**વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર** (વ.મહામંત્રી, મહાસભા)
અંજાર - મો. ૯૪૦૮૨૪૪૬૪૪

**:: સંપર્ક સુત્રો ::**

| | | |
|---|---|---|
| શ્રી દિનેશભાઈ નાનાલાલભાઈ ટાંક | પ્રમુખ, પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિ | ૯૪૩૭૦૭૭૯૯૨, ૭૦૦૮૪૦૯૮૫૭ |
| શ્રી મનોજભાઈ પુરુષોત્તમભાઈ ચાવડા | મંત્રી, પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિ | ૯૪૩૭૩૫૪૬૮૧ |
| શ્રી પ્રકાશભાઈ દેવજીભાઈ ટાંક | પ્રમુખ, કટક ઘટક | ૯૭૭૮૭૫૫૨૧, ૭૦૦૮૩૬૨૮૯૨ |
| શ્રી દિલીપભાઈ ટાંક | પ્રમુખ, અંગુલ ઘટક | ૯૪૩૭૩૮૨૧૮૦ |
| શ્રી રાજેશભાઈ રાઠોડ | પ્રમુખ, ભુવનેશ્વર ઘટક | ૯૪૩૭૯૬૨૨૩૧, ૮૧૧૮૦૫૨૫૨૮ |
| શ્રી ઘનશ્યામભાઈ ટાંક | પ્રમુખ, બાલેશ્વર ઘટક | ૯૮૬૧૪૧૩૯૪૦. |
| શ્રી રાજેશભાઈ પરમાર | પ્રમુખ, કેંજોરગઢ ઘટક | ૯૯૩૭૬૮૨૦૦૬. |
| શ્રી રતિલાલભાઈ ધરમશીભાઈ ચૌહાણ | પ્રમુખ, બ્રહ્મપુર ઘટક | ૭૬૫૫૮૧૧૨૦૪, |
| શ્રી અતુલભાઈ ચાવડા | મંત્રી, ભુવનેશ્વર ઘટક | ૮૧૪૪૮૨૨૭૪૦. |
| શ્રી સિદ્ધાર્થભાઈ યોગેશભાઈ રાઠોડ | પ્રમુખ, યુવા મંડળ કટક | ૯૯૩૭૦૪૪૪૮૯. |



# આધ્યાત્મ આનંદ શ્રી જગન્નાથધામ પુરીમાં

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા પ્રેરિત
રાયપુર ઘટક સહકારિત
શ્રી પૂર્વ ઓડિસા પ્રાદેશિક સમિતિ આયોજીત

## ત્રિવેણી સંગમ

| ભાગવત કથા | વાર્ષિક અધિવેશન | મંગળ પરિચય |
|---|---|---|
| 17 થી 23 ડિસમ્બર 2025 | 21 થી 23 ડિસમ્બર 2025 | 21 થી 22 ડિસમ્બર 2025 |

## રાહ જોઈ રહ્યું જગન્નાથપુરી ધામ
## પધારો અનેરા આનંદ માટે

- થઇ ગઇ છે ભાગવતજી આયોજનની તૈયારીઓ પૂર્ણ
- ઘટક પ્રતિનિધિઓની વિશેષ સભા સાથે આયોજીત થશે અધિવેશન
- ભગવાન જગન્નાથના આશીર્વાદથી બનશે નવ જોડીયો મંગળ પરિચયના માધ્યમથી

કિફાયતિ અને સુવિધાજનક આવાસ વ્યવસ્થા માટે ત્રણ માહ પૂર્વ અગ્રિમ બુકિંગ જરૂરી છે
ટૂરિસ્ટ અને ધાર્મિક મહત્વનું સ્થાન હોવાથી ડિસંબર એન્ડિંગમાં રૂમના રેટ વૃદ્ધિ થવાની શક્યતા છે.

**કથા અને આવાસ સ્થળ**
નીલાદ્રી ભક્ત નિવાસ
શ્રી જગન્નાથ મંદિર પાસે, પુરી (ઓડિસા)

**આવાસ વ્યવસ્થા માટે સંપર્ક સૂત્ર –**
શ્રી વિનોદ દયારામભાઇ ટાંક
90094 48821, 70009 67933



મુખ્ય પ્રાયોજક –
**સમાજ રત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી**
પ્રમુખશ્રી – મહાસભા

ભુપેન્દ્રભાઇ વિસનજીભાઇ પરમાર
પ્રભારી (રાઉરકેલા)

દિનેશ નાનાલાલભાઇ ટાંક
સહ પ્રભારી (કટક)

નિતીન માધવજીભાઇ વરૂ
સહ પ્રભારી (રાઉરકેલા)

કૉ ઓર્ડિનેટર – પ્રકાશ દેવજીભાઇ ટાંક (કટક)

**પાનાનું સૌજન્ય – શ્રી રામ ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીજ – માધાપર (કચ્છ)**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

## "સાભાર સ્વિકાર"

## રૂા. ૨૦,૦૦,૦૦૦ + ૮,૫૧,૦૦૦ = ૨૮,૫૧,૦૦૦





## સ્વ. પુષ્પાબેન ધારશીભાઈ ચૌહાણ પરિવાર

(કચ્છ નાગલપર નિવાસી, હાલ : નાગપુર-મહા.)

ઉપરોક્ત સમાજ પ્રેમી પરિવાર તરફથી મહાસભાને

**રૂા. ૨૮,૫૧,૦૦૦ (અઠ્ઠાવીસ લાખ એકાવન હજાર પૂરા)**

'સંજીવની' યોજના માટે અત્યંત સમાજ ઉપયોગી સહયોગ આપી અપૂર્વ સેવા દ્દષ્ટાંત પુરૂં પાડેલ છે.
પરમકૃપાળુ પરમાત્મા આપ સૌ પરિવારજનોને લાંબું સ્વાસ્થ્ય લાભ, નિરોગી જીવન આપે
અને વધુ સારી સમાજ સેવા કરવા પ્રેરણા આપે એજ...
સ્વ. પુષ્પાબેન ધારશીભાઈ ચૌહાણ પરિવારની અનુકરણીય
સમાજ સેવાને નમન... વંદન... અભિનંદન...

:: વિનિત ::

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી - માધાપર
(પ્રમુખશ્રી, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા)

વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર
(ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રભારી 'સંજીવની')




કોષાધ્યક્ષ, મહાસભા
શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ
રમણ મંદિર વોર્ડ, કુમ્હાર પારા,
ફાફાડીહ, પો. રાયપુર (છ.ગ.)
મો. ૯૩૦૦૬૮૮૭૬૩



સહ કોષાધ્યક્ષ, મહાસભા
શ્રી પાર્થ જશવંતરાય ચાવડા
જુના વાસ, પો. ચંદીયા,
તા. અંજાર (કચ્છ)
મો. ૯૯૯૮૦૮૭૩૩૯
Pjchavda94@gmail.com




## રાયપુર કાર્યાલય

| આવક | એપ્રિલ - ૨૦૨૫ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૧૦,૪૨૩.૧૦ | સેલરી | ૨૩,૦૦૦.૦૦ |
| | | ટેલી સોફ્ટવેર ખર્ચ | ૫,૩૧૦.૦૦ |
| | | નિરાશ્રીત વૃદ્ધ યોજના | ૧૮,૦૦૦.૦૦ |
| | | કુલ બચત | -૩૫,૮૮૬.૯૦ |
| કુલ | ૧૦,૪૨૩.૧૦ | કુલ | ૧૦,૪૨૩.૧૦ |

## સંજીવની-અન્નપુર્ણા

### આવક (સંજીવની) (જુન-જુલાઈ ૨૦૨૫)

| ક્રમ | રકમ | નામ | પહોંચ નંબર |
|---|---|---|---|
| ૧ | ૫,૦૦૦ | સ્વ. રમેશભાઇ જેન્તીલાલભાઇ રાઠોડ - અંજાર | ૩૧ |
| ૨ | ૧,૦૦૦ | પથિક નિતિનભાઇ ટાંક - આદીપુર (યુ.કે.) | ૩૨ |
| ૩ | ૧૧૦૦ | શ્રી દામજીભાઇ હીરજીભાઇ વરૂ - માધાપર | ૩૩ |
| ૪ | ૫,૦૦૦ | શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ | ૩૪ |
| ૫ | ૫,૧૦૦ | બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર | ૩૫ |
| ૬ | ૩,૦૦૦ | શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ - અંજાર | ૩૬ |
| ૭ | ૧,૦૦૦ | શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ - મુંબઇ | ૩૭ |
| ૮ | ૨૫૦ | શ્રી નિશાંત નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ | ૩૮ |
| ૯ | ૫૦૦ | મો. ૯૪૩૮૦૧૩૧૫૫ (૦૨-૦૬-૨૦૨૫) | ૩૯ |
| ૧૦ | ૧૧,૦૦૦ | સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકીજી - માધાપર | ૪૦ |
| ૧૧ | ૫,૦૦૦ | મો. ૯૪૨૭૩૧૨૮૧૫ | ૪૧ |
| ૧૨ | ૨,૦૦૦ | શ્રી રાઘવભાઇ અશોકભાઇ ટાંક - નાગપુર | ૪૨ |
| ૧૩ | ૫,૦૦૦ | શ્રી ?િતેશભાઇ મગનલાલભાઇ વરૂ - રાયપુર | ૪૩ |
| ૧૪ | ૫,૦૦૦ | શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા | ૪૪ |
| ૧૫ | ૧,૦૦૦ | શ્રી સુભાંષુભાઇ સાવરીયા - પૂને | ૪૫ |
| ૧૬ | ૨૪,૦૦૦ | શ્રી જવાહરલાલભાઇ (૦૫-૦૬-૨૦૨૫) | ૪૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૭ | ૨,૧૦૦ | શ્રી રાજેશભાઇ સુર્યકાન્તભાઇ ચાવડા - ટાટાનગર | ૪૭ |
| ૧૮ | ૬,૦૦૦ | (૦૭-૦૬-૨૦૨૫) | ૪૮ |
| ૧૯ | ૨,૧૦૦ | શ્રી રાજેશભાઇ સુર્યકાન્તભાઇ ચાવડા - ટાટાનગર | ૪૯ |
| ૨૦ | ૫૧,૦૦૦ | શ્રીમતી લીનાબેન વિપિનભાઇ રાઠોડસર - બેંગ્લોર | ૫૦ |
| ૨૧ | ૧૧,૦૦૦ | શ્રી પ્રવિણભાઇ કેશવજીભાઇ ચાવડા - કરીમનગર | ૩૦૧ |
| ૨૨ | ૫૦૦ | શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ (?) | ૩૦૨ |
| ૨૩ | ૫,૦૦૦ | શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ | ૩૦૩ |
| ૦૧ | ૨૫૦ | શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ | ૩૦૪ |
| ૦૨ | ૧,૦૦૦ | શ્રીમતી બબિતાબેન વિજયભાઇ ચૌહાણ - મુંબઇ | ૩૦૫ |
| ૦૩ | ૧૧,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૩૦૬ |
| ૦૪ | ૨,૦૦૦ | શ્રી રાઘવભાઇ અશોકભાઇ ટાંક - નાગપુર | ૩૦૭ |
| ૦૫ | ૫૦૦ | શ્રી પ્રતિકભાઇ (?) (૦૧-૦૭-૨૦૨૫) | ૩૦૮ |
| ૦૬ | ૨,૧૦૦ | કર્નલ સત્યાન ડી. રાઠોડસર - અમદાવાદ-પૂના | ૩૦૯ |
| ૦૭ | ૫,૦૦૦ | શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા | ૩૧૦ |
| ૦૮ | ૧,૦૦૦ | શ્રી સુભાંષુભાઇ સાવરીયા - પૂના | ૩૧૨ |
| ૦૯ | ૫,૦૦૧ | ??? (૦૫-૦૭-૨૦૨૫) | ૩૧૩ |
| ૧૦ | ૩,૦૦૦ | શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ | ૩૧૪ |
| ૧૧ | ૨૦,૦૦,૦૦૦ | શ્રીમતી અંબિકાબેન હેમંતભાઇ રાઠોડ - કોઇમ્બપુર<br>(હ. શ્રી મનોજભાઇ ધારશીભાઇ ચૌહાણ - નાગપુર) | ૩૧૫ |
| ૧૨ | ૫૦૦ | શ્રી હર્ષદભાઇ (?) | ૩૧૬ |
| ૧૩ | ૧,૫૦૦ | રોકડા જમા (?) (તા. ૧૬-૦૭-૨૦૨૫) | ૩૧૭ |
| ૧૪ | ૧,૦૦૦ | શ્રી પથિકભાઇ એન. (?) | ૩૧૮ |
| ૧૫ | ૨,૧૦૦ | શ્રી ભૂપેશભાઇ | ૩૧૯ |
| ૧૬ | ૧,૧૦૦ | શ્રી યોગેશભાઇ પી. પરમાર - હૈદ્રાબાદ | ૩૨૦ |
| ૧૭ | ૫,૦૦૦ | શ્રી જીગ્નેશ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ | ૩૨૧ |
| | | **આવક (અન્નપુર્ણા) (જુન-જુલાઇ ૨૦૨૫)** | |
| ૦૧ | ૫,૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોરભાઇ ટાં( - અમદાવાદ | ૬૨ |
| ૦૨ | ૫,૦૦૧ | શ્રી રાજેન્દ્રભાઇ ખેતશીભાઇ પરમાર - આદીપુર | ૬૩ |
| ૦૩ | ૫,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૬૪ |
| ૦૪ | ૧,૦૦૦ | પાર્વતીબેન જયંતિલાલ જેઠવા - કલ્યાણ | ૬૫ |
| ૦૫ | ૬,૦૦૦ | શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ (યુ.એસ.એ.) | ૬૬ |
| ૦૬ | ૧,૧૦૦ | શ્રી ગીરીશભાઇ મેઘજીભાઇ ચૌહાણ - માધાપર | ૬૭ |
| ૦૭ | ૧,૦૦૦ | શ્રી પથિક એન. ટાંક - આદીપુર | ૬૮ |

| | | | |
|---|---|---|---|
| ૦૧ | ૫,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૬૯ |
| ૦૨ | ૬,૦૦૦ | શ્રી ગૌરવભાઇ મોહનભાઇ ચૌહાણ - લખનૌ (યુ.પી.) | ૭૦ |
| ૦૩ | ૬,૩૦૦ | શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર | ૭૧ |
| ૦૪ | ૫,૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ ટાંક - અમદાવાદ | ૭૨ |
| ૦૫ | ૬,૦૦૦ | શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ (યુ.એસ.એ.) | ૭૩ |
| ૦૬ | ૨૪,૦૦૦ | શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા - પૂના | ૭૪ |
| | | **જાવક - (સંજીવની) (જુન-જુલાઈ-૨૦૨૫)** | |
| ૦૧ | ૩,૦૦૦ | કુમ્હારી ઘટક | |
| ૦૨ | ૧૨,૦૦૦ | ટાટાનગર ઘટક | |
| ૦૩ | ૧૫,૦૦૦ | રાયપુર ઘટક | |
| ૦૪ | ૩૦,૦૦૦ | કાગજનગર ઘટક | |
| ૦૫ | ૨૦,૦૦૦ | રાયપુર ઘટક | |
| ૦૬ | ૨,૦૦૦ | સેવા શુલ્ક | |
| ૦૭ | ૨૦,૦૦૦ | રાયપુર ઘટક | |
| ૦૮ | ૧૫,૦૦૦ | કુકમા ઘટક | |
| ૦૯ | ૧,૦૦૦ | ગળપાદર ઘટક | |
| ૧૦ | ૧૦,૦૦૦ | કુકમા ઘટક | |
| ૧૧ | ૧૫,૦૦૦ | અંજાર ઘટક | |
| ૧૨ | ૫,૦૦૦ | ઇન્દોર ઘટક | |
| ૦૧ | ૫૦,૦૦૦ | ભુજ ઘટક | |
| ૦૨ | ૩,૦૦૦ | કુમ્હારી ઘટક | |
| ૦૩ | ૨,૦૦૦ | સેવા શુલ્ક | |
| ૦૪ | ૫૦,૦૦૦ | ભીલાઇ ઘટક | |
| ૦૫ | ૧,૦૦૦ | ગળપાદર ઘટક | |
| ૦૬ | ૨૫,૦૦૦ | અંજાર ઘટક | |
| ૦૭ | ૫૦,૦૦૦ | બર્દવાન ઘટક (પ.બં.) | |
| | | **જાવક - (અન્નપુર્ણા) (જુન-જુલાઈ-૨૦૨૫)** | |
| ૦૧ | ૯,૦૦૦ | ગુલબર્ગા ઘટક | |
| ૦૨ | ૯,૦૦૦ | ગુલબર્ગા ઘટક | |
| ૦૩ | ૩૬,૦૦૦ | ગોંદિયા ઘટક | |
| ૦૪ | ૬,૦૦૦ | ઔરંગાબાદ ઘટક | |
| ૦૧ | ૯,૦૦૦ | સંબલપુર ઘટક | |
| ૦૨ | ૯,૦૦૦ | કટક ઘટક | |

# અંજાર કાર્યાલય

## એપ્રિલ, મે – ૨૦૨૫

| આવક | | | જાવક | | | |
|---|---|---|---|---|---|---|
| પો.નં. | વિગત | રકમ | તા. | ચેક નં. | વિગત | રકમ |
| --- | ---- | ---- | ૬/૬/૨૫ | ૩૩ | રીધમ ઇલે. લાઇટ સામાન | ૫૦,૮૫૦ |
| | | | ૬/૬/૨૫ | ૩૪ | શ્યામ ટાઇલ્સ | ૧૫,૦૦૦ |
| | | | ૭/૬/૨૫ | ૩૫ | હરભોલે ફર્નિચર | ૩૪,૮૨૫ |
| --- | ---- | ---- | ૧૩/૬/૨૫ | ૩૬ | રૂપસિંહ ગુર્જર કલર મજુરી | ૫૦,૦૦૦ |
| | | | ૧૩/૬/૨૫ | ૩૭ | કેશા ભીમા દાફડા – પ્લમ્બર | ૧૮,૦૦૦ |
| | | | ૧૩/૬/૨૫ | ૩૯ | શ્રી ભારત ફર્નિચર | ૬૩,૧૦૦ |
| | | | ૧૯/૬/૨૫ | ૨૫ | પરમ ઇલે. બીલ | ૧૮,૫૩૦ |
| --- | ---- | ---- | | | નામની તક્તીનું બીલ | ૬,૧૮૮ |
| | | | | | છકડા ભાડું | ૧,૧૨૦ |
| | | | | | ગાયત્રી ગ્રાફીક્સ | ૪,૩૩૦ |
| | | | | | ગાયત્રી ગ્રાફીક્સ | ૧,૨૦૦ |
| | | | | | ડીવાઇન સ્ટેશનરી | ૩૩૫ |
| | | | | | ડીવાઇ સ્ટેશનરી | ૫૦૮ |
| | | | | | સ્ક્રુ, કેપ, પ્રદર્શની લગાવવા | ૩,૩૦૦ |
| | | | | | કુરીયર | ૧૫૦ |
| | | | | | ટુલ્સ નંગ ૧૬ | ૨,૨૪૦ |
| | | | | | છકડા ભાડું | ૯૫૦ |
| | | | | | તાળા નંગ ૬ | ૯૦૦ |
| | | | | | ઉદઘાટન ખર્ચ | ૨,૨૦૦ |
| | | | | | લોડર ભાડું | ૬૦૦ |
| | | | | | તક્તી લગાવવાની મજુરી | ૩,૦૦૦ |
| | | | | | ત્રણ દિવસ પરચુરણ રિપેરીંગ | ૪,૫૦૦ |
| | | | | | શૈલેષ ધરમશી ટાઇલ્સ મજુરી | ૫૨,૦૫૮ |

# અભિલાષા

## જુલાઇ – ૨૦૨૫

| આવક | | જાવક | |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી – માધાપર | ૧૧,૦૦૦ | અંજાર ઘટક : લાભાર્થી : ૦૫ | ૬૦,૦૦૦ |
| શ્રી ભુપેન્દ્રકુમાર ચાવડા – રાયપુર | ૫,૦૦૧ | કલ્યાણ ઘટક : લાભાર્થી : ૦૧ | ૫,૦૦૦ |
| શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ – રાયપુર | ૫૦૦ | માધાપર ઘટક : લાભાર્થી : ૦૧ | ૧૦,૦૦૦ |
| શ્રી પથિક નિતીનભાઇ ટાંક – રાયપુર | ૧,૦૦૦ | કુકમા ઘટક : લાભાર્થી : ૦૧ | ૧૫,૦૦૦ |
| | | જયપુર ઘટક : લાભાથી : ૦૧ | ૨૦,૦૦૦ |
| | | રાઉરકેલા ઘટક : લાભાર્થી : ૦૧ | ૧૦,૦૦૦ |
| કુલ | ૧૭,૫૦૧ | કુલ ઘટક : ૬ લાભાથી : ૧૦ | ૧,૨૦,૦૦૦ |

॥ ॐ શાંતિ ॥

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



# 'સંજીવની-૫'

The Lifeline.....

માહિતિ... માર્ગદર્શન... મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**

(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

# મહાસભાની મહત્વકાંક્ષી મેડીકલ યોજના... સંજીવની

## અનેક પરિવાર માટે બની આશાનું કિરણ... મહાસભાની સ્વાસ્થ્ય સંબંધી સુરક્ષા ગેરન્ટી યોજના એટલે સંજીવની

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની વિવિધ સમાજ ઉત્કર્ષ યોજનાઓમાંની એક યોજના એટલે **'સંજીવની'** આપણા સમસ્ત સમાજમાં, ૧૨૫ ઘટકોમાંથી કોઇપણ જરૂરીયાતમંદ, પીડીત, વંચિત પરિવારને આકસ્મિક સ્વાસ્થ્ય સંબંધી આવશ્યકતા ઉભી થતાં, મહાસભા તરફથી આવા પરિવારને નિયમાનુસાર 'સંજીવની' આવેદન પત્ર પૂર્ણ રીતે ભરેલું મળે કે તુરંત જ ન્યૂનતમ ૩ દિવસ અને અધિકતમ આઠ દિવસમાં અરજકર્તાને નિયમાનુસાર નિશ્ચિત રકમ તેમના બેંક એકાઉન્ટમાં જમા થઇ જાય છે.

આજથી બરોબર પંદર વર્ષ પહેલા મહાસભાના તત્કાલીન પ્રમુખ **સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા – રાયપુર**ના કાર્યકાળમાં મહાસભાના કલેવરને કોર્પોરેટ સ્વરૂપ આપવામાં આવ્યું. ત્યારથી રાજનાંદગાંવ અધિવેશનમાં 'સંજીવની' યોજનાનું અવતરણ થયું. 'સંજીવની' સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ આપણા સમાજમાં માત્ર અને માત્ર થોડા રૂપિયાના અભાવમાં કોઇપણ વંચિત સમાજબંધુ પોતાના પ્રિયજનની યોગ્ય સારવાર પણ ન કરાવી શકે તેવી વિષમ પરિસ્થિતિમાં મહાસભા તરફથી 'સંજીવની' મારફતે અરજકર્તા પરિવારને 'ફુલ નહીં તો ફુલની પાંખડી' સ્વરૂપ સહાયરૂપ થવું અને એક એવી સામાજીક સુરક્ષા પુરી પાડવી કે સર્વ સાધારણ સમાજબંધુના મનમાં એવી હૈયા ધારણા રહે કે... **મારા સંકટ સમયમાં મારો સમાજ મારી સાથે ઉભો રહેશે....** આ વિશ્વાસ સંપાદન કરવામાં 'સંજીવની' મારફતે મહાસભા અત્યાર સુધી મહદ્ અંશે સફળ રહી છે.

માત્ર ૧૦,૦૦૦ની અધિકતમ સહાયથી શરૂ થયેલ 'સંજીવની' યોજના આજ અધિકતમ રૂા. ૫૦,૦૦૦ એક જરૂરીયાતમંદ સમાજબંધુને આપી રહી છે. અત્યાર સરેરાશ પ્રતિમાસ રૂા. એકલાખથી બે લાખ રૂા. સુધી પ્રતિમાસ સહાય ચુકવવાની તૈયારી રાખવી પડે છે. પરમકૃપાળુ પરમાત્માની અસિમકૃપાથી 'સંજીવની'નું અક્ષયપાત્ર સતત ભરાયેલું જ રહે છે. શરૂઆતના દિવસોમાં અચાનક માંગ વધી જતાં 'સંજીવની' પણ સંકટમાં આવી જતી. આવા સમયે આપણા સમાજના સમાજપ્રેમી શ્રેષ્ઠીઓ 'સંજીવની'ની વ્હારે આવ્યા અને રૂા. ૫૦૦ થી ૫૦,૦૦૦ના દાનની સરવાણી શરૂ થઇ. 'સંજીવની'એ પણ વિવિધ આકર્ષક યોજનાઓથી સમાજબંધુઓની સુષુપ્ત સંવેદનાઓને સમયસર જગાડી 'સંજીવની'નું નામ જન-જનના સ્મૃતિપટલ પર અંકિત કર્યું.

જેમ જેમ 'સંજીવની' યોજનાનો પ્રચાર-પ્રસાર-વ્યાપ વધતો ગયો તેમ તેમ માંગ પણ પ્રમાણસર વધવા લાગી. પાછલા ૧૫ વર્ષથી અવિરત સમાજસેવાના અખંડ જ્યોત સદાય પ્રજ્વલિત રાખી, સમસ્ત સમાજબંધુઓનો વિશ્વાસ સંપાદન કર્યો અને અકસ્માતે અમને મળ્યા **કર્નલ સત્યાન ડી. રાઠોડ સર.** ભારતીય સેનાના જાંબાઝ કર્નલ એક અનોખી યોજના આપી. કર્નલ સત્યાનસરે કહ્યું કે, ''હું એક સાથે રકમ નહીં આપું પરંતુ પ્રતિ માસ રૂા. ૨૦૦૦ 'સંજીવની'ને આપવાનો સંકલ્પ કરૂ છું અને મારા બેંક

એકાઉન્ટમાં ઓટો ડેબિટ પદ્ધતિથી આ રકમ પ્રત્યેક મહિને 'સંજીવની'ને મળી જશે. આવી પ્રેરક અનુકરણીય પહેલથી જન્મ થયો 'સંજીવની સંકલ્પધારી પરિવાર'નો કન્સેપ્ટ શરૂ થયો અને આ વિચારને બળ પુરૂ પાડ્યું આપણા સૌના પ્રાણ-પ્યારા, હૃદયસમ્રાટ, ભાંગ્યાના ભેરૂ કરૂણાસાગરના સ્વામિ એવા પરમ આદરણીય **'સમાજરત્ન' શ્રીમાન વિનોદભાઈ સોલંકીજીએ પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ નો સંકલ્પ લઇ અન્ય સક્ષમ સમાજશ્રેષ્ઠી પરિવારોને પ્રેરક બળ પુરૂં પાડેલ** અને સોનામાં સુગંધ તો ત્યારે ભળી જ્યારે 'સમાજરત્નશ્રી'ને સમસ્ત સમાજે એકી અવાજે પ્રમુખશ્રીનો પ્રભાર સોંપ્યો. **મહાસભાના પ્રમુખશ્રીનો પદભાર સંભાળતા જ 'સમાજરત્નશ્રી' એ 'સંજીવની'માં પ્રતિમાસ રૂા. ૧૧,૦૦૦** નો સંકલ્પ જાહેર કરતા અનેક સમાજબંધુઓ સ્વયંભૂ પ્રેરિત થઇ રૂા. ૫૦૦ થી રૂા. ૫૦૦૦ના પ્રતિમાસ સંજીવની સંકલ્પધારી બન્યા.

તો મિત્રો, આ તો થઇ 'સંજીવની'ની સાફલ્યગાથાના અમુક રોચક તથ્યો. અત્યારે 'સંજીવની' સમાજબંધુઓને માંદગી બાદ આર્થિક મદદ આપે છે. **મહાસભાના વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ડૉ. મનોજભાઇ સોલંકીજી**ની પ્રેરક દષ્ટિથી જોઇએ તો... માંદગી બાદ મદદરૂપ થઇએ એના કરતા માંદગી જ ન થાય એવી સુદઢ સ્વાસ્થ્ય લાભ યોજનામાં 'સંજીવની'એ હવે કાર્યરત થવું જોઇએ. ડૉ. મનોજભાઇ સોલંકીજી સ્વયં પ્રકૃતિ પ્રેમી, ગૌ પ્રેમી, સ્વદેશી પ્રેમી, સજીવ ખેતી પ્રેમી, સીધા-સાદા, સરળ, સહજ, અત્યંત ઊંચું વ્યક્તિત્વ ધરાવતા સજ્જન પુરૂષ આપણને સદ્ભાગ્યે મળ્યા છે. અખિલ ભારતીય સ્તરે સતત સેમિનારોમાં વ્યક્તવ્ય આપતા ડૉ. મનોજભાઇ સોલંકીજીની પ્રેરણાથી 'સંજીવની' અત્યારે આત્મનિર્ભર થવા જઇ રહી છે ત્યારે ઘટક સ્તરે, પ્રાદેશિક સ્તરે આરોગ્ય વિષય કેમ્પ, સેમિનાર, સનાતન વૈદિક પદ્ધતિથી થતા ઉપચારો માટે નિદાન કેમ્પ, યોગ-પ્રાણાયામ જેવા પ્રોત્સાહક કાર્યક્રમો માટે આંશિક અનુદાન 'સંજીવની' મારફતે મહાસભા આપશે. અત્યારે કોઇ પણ **ઘટક સ્તરના આયોજન માટે રૂા. ૧૦,૦૦૦ અને પ્રાદેશિક સ્તકના આયોજન માટે રૂા. ૩૦,૦૦૦** એવં **નિયમિત યોગ કલાસ ચલાવવા માટે પ્રતિમાસ રૂા. ૫૦૦૦**ની આર્થિક સહાય મહાસભા દ્વારા 'સંજીવની' યોજના અંતર્ગત આપવામાં આવે છે.

હવે મિત્રો કેટલીક **વહીવટી વાતો** કરવી પણ ખુબજ જરૂરી બનેલ છે. મહાસભા અંતર્ગત કોઇપણ ઘટકમાંથી જરૂરીયાતમંદ સમાજબંધુને 'સંજીવની' આવેદન પત્ર પૂર્ણ રૂપે ભરી મોકલી આપવાનું હોય છે. પ્રવર્તમાન નિયમ અનુસાર રૂા. ૧,૦૦,૦૦૦ના ખર્ચ સામે રૂા. ૧૦,૦૦૦ એમ અધિકતમ રૂા. ૫૦,૦૦૦ ની આર્થિક સહાય મળવાપાત્ર છે. આ ખુબજ અગત્યની અને આવશ્યક જાણકારી પ્રત્યેક ઘટક પ્રમુખશ્રી એવં પદાધિકારીશ્રીઓએ રાખવી જરૂરી બને છે. 'સંજીવની' સહાય માત્ર અને માત્ર ઘટક પ્રમુખશ્રી/મંત્રીશ્રીની યોગ્ય ભલામણ બાદ મુકવામાં આવે છે. ક્યારેક યોગ્ય જાણકારીના અભાવે ઘટક પ્રમુખશ્રી/મંત્રીશ્રી અરજકર્તા માંગે તેટલી પુરી રકમ 'સંજીવની' પાસે અપેક્ષા રાખી, અરજકર્તાને ખોટા આશ્વાસન આપી, નિરાશ કરે છે તો આજના લેખના માધ્યમથી સૌ સન્માનનીય ઘટક પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓને વિનંતી કે અરજકર્તાની જરૂરીયાતોની સંપૂર્ણ ખરાઇ (વેરીફીકેશન) કર્યા બાદ નિયમ અનુસાર 'સંજીવની' સહાયતા મળશે એવી પૂર્વ માહિતી અરજકર્તા સમાજબંધુને અવશ્ય આપવી જોઇએ. નિમ્ન કોષ્ટક દરેક ઘટક પદાધિકારીશ્રીઓએ ધ્યાનમાં લેવા નમ્ર વિનંતી છે.

| અરજકર્તાનો અસલી મેડીકલ ખર્ચ | | મળવા પાત્ર રકમ |
|---|---|---|
| ૧,૦૦,૦૦૦ | સુધી | ૧૦,૦૦૦ |
| ૨,૦૦,૦૦૦ | સુધી | ૨૦,૦૦૦ |
| ૩,૦૦,૦૦૦ | સુધી | ૩૦,૦૦૦ |
| ૪,૦૦,૦૦૦ | સુધી | ૪૦,૦૦૦ |
| ૫,૦૦,૦૦૦ | સુધી | ૫૦,૦૦૦ |

આમ અધિકતમ રૂા. ૫૦,૦૦૦ ની તત્કાલ સહાય મળવા પાત્ર છે. આથી વધારે રકમની જરૂર હોય તો મહાસભાના વરિષ્ઠ **મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર – અંજાર (મો. ૯૪૦૮૨૪૪૬૪૪)**નો સંપર્ક કરવા વિનંતી. તેઓશ્રી મહાસભાની આકસ્મિક મેડીકલ સહાય સમિતિના પ્રભારી પણ છે. મિત્રો, આજ બસ આટલું જ... અન્ય વ્યસ્તતાને કારણે ઘણા સમય બાદ આપશ્રીને સેતુ સમાજ સંદેશના માધ્યમથી મળવાનું થયું છે. સમાજના સર્વે સન્માનનીય શ્રેષ્ઠીઓ તરફથી જે મહામૂલો સહયોગ 'સંજીવની'ને મળે છે તે મળતો જ રહેશે એજ અભ્યર્થના સહ..

**– વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા – અંજાર**
**ઉપપ્રમુખશ્રી મહાસભા, વિશેષ પ્રભારી – 'સંજીવની'**

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::**

**'સંજીવની સમ્રાટ' સમાજરત્ન શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર**

**(પ્રમુખશ્રી મહાસભા)**

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ

શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા

શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર

સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર

સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત

શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ

શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-કેન્યા-આફ્રિકા

શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ

શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના

શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના

શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ

શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર

શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર

(પ્રભારી : મ.ઉ.સમિતિ - મહાસભા)

સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર

માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર - રાજકોટ

શ્રી રાજેશભાઇ સુર્યકાન્તભાઇ ચાવડા - ટાટાનગર

શ્રી અનિલભાઇ જીવરામભાઇ ચૌહાણ - કુમ્હાર-રાયપુર ઉપપ્રમુખશ્રી મહાસભા

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ

શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર

શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)

શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના

શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર

(પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)

શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર

(ઉપપ્રમુખશ્રી મહાસભા)

શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ

(પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)

શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા

શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ

શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)

શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર

શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર પરિવાર - અમદાવાદ

શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ

'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ

શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.)

હ. જુગલ ચૌહાણ - વડોદરા

શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર

શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક - મોરબી

શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક - લંડન (આદિપુર)

શ્રી મનોહરભાઇ વિરામભાઇ ટાંક - અમદાવાદ

શ્રી નિરંજનભાઇ પ્રાગજીભાઇ રાઠોડ - રાયપુર

શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ - રાજકોટ ઉપપ્રમુખશ્રી મહાસભા

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦-૨૫૦/-ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર

(પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)

શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર

(મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)

શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ

(પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)

શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર

શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર

શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર

શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ

શ્રી નવીનભાઇ પ્રેમજીભાઇ યાદવ - પ્રમુખશ્રી હાજાપર ઘટક

શ્રી ગીરીશભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડા - રાજનાંદગાંવ

શ્રી પ્રકાશભાઇ હિરજીભાઇ ટાંક - રાજનાંદગાંવ

શ્રીમતી ભૂમિકાબેન નિતિનભાઇ માધવજીભાઇ વરૂ - રાઉરકેલા

શ્રી જૈનેન્દ્રભાઇ કાંતિલાલભાઇ જેઠવા - જબલપુર

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**।। શિક્ષણ દાન એજ મહાદાન ।।**



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

નમસ્કાર... મહાસભાના સેવા કાર્યોમાં એક એવી અભિલાષા શિક્ષણ સહાય યોજના હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં અત્યાર સુધી મળેલ **૨૧ જેટલા આવેદનોનો સ્વીકાર કરી રૂા. ૨,૩૫,૦૦૦ની શિક્ષણ સહાયનું વિતરણ કરવામાં આવેલ છે.** થયેલ વ્યવસ્થા અનુસાર છાત્રના બેન્ક એકાઉન્ટમાં સહાયની રકમ સીધી જમા કરાવવામાં આવે છે હવે પછી જે આવેદનો મળશે તેનો સત્વરે નિકાલ કરવામાં આવશે. અભિલાષાના દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર...



પારિવારિક આનંદના અવસરોને સેવા સાથે જોડવાનો સંતોષ કોઇ ઓર જ હોય છે... આ સમિતિના અનમોલ દાતાશ્રી, સદ્ભાવના નગર - મુન્દ્રાની સફળ આવાસ યોજનાના પ્રણેતા તથા મહાસભાના આદ. ઉપપ્રમુખ **શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા** પરિવારે તેનું ઉદાહરણ પુરૂં પાડ્યું. સંપૂર્ણ સામાજીક્તાને વરેલા ચાવડા પરિવારની લાડલી સુપુત્રી ચિ. અક્ષિતાની શુભ નાળીયેર વિધી ચિ. પાર્થ કિશોરભાઇ વરૂ - ગુલબર્ગ સાથે તા. ૧૪-૦૮-૨૦૨૫ના રોજ સંપન્ન થઇ. મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ ખુશાલી પ્રસંગની યાદગીરીમાં સમાજની અન્ય સેવા યોજનાઓ સાથે 'અભિલાષા' સમિતિને રૂા. ૧૧,૦૦૦ નું ખુશાલી દાન આપવામાં આવ્યું. પરિણયના તાંતણે જોડાવા જઇ રહેલા નવયુગલને શુભકામના સાથે 'સુરભી ગ્રુપ' અને ચાવડા પરિવારનો ખુબ ખુબ આભાર... આભાર...



દાનદાતાશ્રીઓના આ ક્રમમાં સમાજના મહિલા વર્ગને સામાજીક સંસ્કારોના જતન સાથે આધુનિક વિચારોના પ્રણેતા... અ.ભા.મહિલા મહામંડળના પૂર્વ પ્રમુખ **શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર (પરમાર)** જોડાઇ રહ્યા છે. યોગા, પ્રાણાયામ તથા શુદ્ધ અને સાત્વિક વિચારો સાથે જીવનના ૮૦ વર્ષોની સુખદયાત્રા પુરી કરનાર આદ. કાન્તાબેનના સુપુત્ર શ્રી કેતુલભાઇ કોન્ટ્રાકટર મુંબઇ તરફથી રૂા. ૮,૦૦૦ નું ખુશાલી દાન 'અભિલાષા' સમિતિને પ્રાપ્ત થયેલ છે. થેન્ક યુ કેતુલભાઇ.... હેપ્પી બર્થડે (૬/૮/૨૫) કાન્તાબેન... આપ સ્વસ્થ અને તંદુરસ્ત રહો...

આ સિવાય ચાલુ માસે **આદ. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજી** તરફથી માસિક અનુદાન પેટે મળેલ રૂા. ૧૧,૦૦૦, શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક તરફથી પ્રતિમાસ મળતા રૂા. ૧૦૦૦, **શ્રી પથિક નિતીનભાઇ**ના રૂા. ૧૦૦૦, **શ્રી હર્ષદ કેશવજીભાઇ**ના રૂા. ૫૦૦ના યોગદાન બદલ આ સમિતિ ખુબ ખુબ આભાર માને છે.

સામાજીક જીવનમાં વિદ્યાદાન એ મહત્વનું દાન છે. સમાજના ઉદારદિલ દાતાશ્રીઓને વિનંતી કે આપશ્રી પણ પ્રસંગોપાત યથા ઘટિત દાન આપી આ સેવા યજ્ઞમાં જોડાવ... જય સમાજ.. જય સરસ્વતિ માતાજી...

- વિનોદ લીલાધર ચૌહાણ (પ્રભારી અને ઉપપ્રમુખ, મહાસભા)



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**
રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરિત કરીને આત્મનિર્ભર... સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત ૧૭મો પ્રોજેક્ટ ''શ્રાવણ માસ સ્પેશીયલ - હૃદયસ્પર્શી સત્સંગ સરિતા'' સ્પેશ્યલ ગેસ્ટ એપીયરન્સ આપણા માદરે વતન કચ્છ-અંજાર ઘટકના ભજન સમ્રાટ **શ્રીમતી ભારતીબેન ગોહીલ** દ્વારા તા. ૨-૦૮-૨૦૨૫ના રોજ ખુબજ બહોળી સંખ્યામાં બહેનોની ઓનલાઇન ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક લેવામાં આવેલ.




શ્રીમતી ભારતીબેન અશોકભાઇ ગોહિલએ અંજાર નિવાસી સ્વ. દેવકન્યાબેન તથા સ્વ. નાનાલાલભાઇ ગોહિલના પુત્રવધુ તથા ડુંગરપુર (રાજસ્થાન) નિવાસી સ્વ. શ્રીમતી શાંતાબેન તથા સ્વ. કૃષ્ણદાસજી જેઠવા (નાગલપર)ના સુપુત્રી છે. એમના પતિ શ્રી અશોકભાઇ ગોહિલ ભુજની એરફોર્સમાં સર્વિસ હતી. હાલ રિટાયરમેન્ટ છે. એમનું શિક્ષણ ડુંગરપુર-રાજસ્થાનમાં થયેલ છે. ખુબજ નાનપણથી ભક્તિ સંગીતનો વારસો એમના પિતાશ્રી દ્વારા મળેલ છે. તેઓ ત્રણ ભાઇને પોતે એક બહેન છે. તેમના બન્ને મોટા ભાઇ સંગીત સાથે જોડાયેલ છે અને સુપ્રસિદ્ધ ગાયક કલાકાર છે. નાના ભાઇ સુપ્રસિદ્ધ તબલાવાદક છે અને રાજસ્થાનમાં રામદેવ ભક્તિ લહેર નામથી ગ્રુપ ચલાવે છે. તેથી આવો સુંદર ભક્તિરૂપી જ્ઞાન અને વારસો તેમને પિતાશ્રી તથા ભાઇઓ દ્વારા મળેલ છે.

શ્રીમતી ભારતીબેન ગોહીલ પણ અંજારમાં રામદેવ ખોડિયાર મંડળ ચલાવે છે. જે ૧૫ થી ૨૦ બહેનોનું ગ્રુપ છે. આ ગ્રુપ ભજન મંડળ બહાર ગામ પણ ભજન-કિર્તન, રાસ-ગરબા કરવા જાય છે. ભારતીબેનના ભજન ગ્રુપનું મહાન દિવ્ય એકજ ઉદ્દેશ છે કે તેઓ આ ફંડ (રકમ)માંથી માત્ર અને માત્ર ગૌ સેવા અને અબોલા પશુ-પક્ષીઓ માટે આ કાર્ય કરે છે. માં ભગવતીની કૃપાથી જે પણ ફંડ એકત્ર થાય તે બધું જ ફંડ ગૌશાળામાં ગાયોના ચારામાં અને ગૌશાળામાં ઓપરેશન થિયેટરમાં વાપરવામાં આવે છે. નાગલપર કામધેનુ ગૌશાળા અને આદિપુર સંવેદના ગૌશાળામાં આ ફંડ ખર્ચ કરવામાં આવે છે. (અત્યંત સરાહનીય કાર્ય છે.) આ પ્રોજેક્ટમાં તબલાવાદ ભાઇ (અંજાર) શ્રી ભરતભાઇ સોલંકીએ ખુબજ સરસ સાથ આપ્યો એમને ધન્યવાદ.

શ્રીમતી ભારતીબેન કહે છે કે મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે નિતનવીન, ખુબજ ઉપયોગી પ્રોજેક્ટ સતત લઇને આવે છે. પ્રભારી શ્રીમતી મીતાબેન તથા ટીમના અથક પ્રયાસને નમન છે. સમાજની બહેનોને રાષ્ટ્રીય મંચ મળવાના કારણે એક નવી દિશા અને ખુબજ ઉત્સાહ વર્ધક આત્મવિશ્વાસ પણ આવે છે અને બહેનોને ખુબજ લાભદાયી થાય છે.

શ્રીમતી ભારતીબેનના નાનપણના ભજન, સત્સંગ, કિર્તનના વારસાના વાતાવરણને લીધે ભજન ગાયકીનો શોખ આજે આ મુકામે પોતાનું સ્વયંનું ભજન ગ્રુપ તૈયાર કરી મળી રહેલ ફંડમાંથી તેઓ કેવા સરાહનીય, પ્રશંસનીય કાર્યો કરી સમાજને એક સુંદર દાખલો આપે છે. એમની ઉત્કૃષ્ટ કામગીરીને કલા-ગાયકી વારસાને મહિલા ઉત્કર્ષ સમિતિ ખુબ ખુબ અભિનંદન પાઠવે છે. ખુબજ સારી કમાણી સાથે આત્મનિર્ભર બની અબોલ પશુ-પક્ષીઓની સેવા-ગૌસેવાનું પુણ્યનું ભાથું લઇ આત્મ પ્રગતિના પંથે અગ્રેસર ભારતીબેન તમને ખુબ ખુબ શુભકામનાઓ... મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી ભારતીબેન જેવા માદરેવતન કચ્છમાં સુપ્રસિદ્ધ ભજન સામ્રાજ્ઞી, સુશીલ, ગુણવાન, નિતીવાન, પ્રેમાળ, લાગણીશીલ, સમાજ સેવાની ભાવનામાં સમપિત વ્યક્તિત્વ ધરાવતા સમધુર, અપ્રતિમ ગાયકી ધરાવતા સ્નેહી ભારતીબેનને હૃદયથી સૅલ્યુટ આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

- અધ્યક્ષા : શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

श्री કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧

**॥ અન્નદાન મહાદાન ॥**



પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮



Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

## ભગવાન ભુખ્યો ઉઠાડે છે જરૂર, પણ ભુખ્યો સુવાડશે નહીં

## ''ભુખ્યાને ભરપેટ ભોજન... અન્નદાન છે મહાદાન...''

આપણી મહાસભા દ્વારા સંચાલિત અનેકવિધ સમાજ ઉત્કર્ષ યોજનાઓ પૈકી ''અન્નપુર્ણા'' એક અનઅપેક્ષિત, અનઇચ્છનીય યોજના છે અને આવી યોજના ચલાવવી એ પણ મહાસભાની અનિવાર્યતા છે. એક અકલ્પનીય કરૂણતા એ છે કે આજ પણ આપણા સમાજમાં એવા સમાજબંધુઓ આપણી વચ્ચે જ અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે કે જેઓને ત્રણ ટક ભરપેટ ભોજનની કોઇ જ સગવડ નથી. ગમે તેમ કરી દુઃખના દહાડા કાપતા આવા વંચિત, પિડીત, દીનદુઃખી સમાજબંધુઓની પિડાને સત્વરે સમજી આવા કમનસિબ સમાજબંધુઓ કમ સે કમ ત્રણ ટકનું ભોજન સ્વમાનભેર મેળવી શકે તે માટે મહાસભા 'અન્નપુર્ણા' યોજના મારફતે આવા લાભાર્થીને પ્રતિમાસ રૂા. ૧૫૦૦/- રાશનકીટ માટે આપે છે. એક અનુમાન પ્રમાણે એક વ્યક્તિને ત્રણ ટકનું ભરભેટ, પોષણયુક્ત ભોજન એવં એકમદમ જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ની જરૂરીયાત રહે છે. મહાસભાએ પણ પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ પ્રતિ લાભાર્થી આર્થિક સહાય આપી એ સુનિશ્ચિત કરેલ છે કે આપણા સમાજમાં આપણો કોઇપણ ભાઇ-બહેન માત્ર નાણાકીય અભાવમાં ત્રણ ટકનું ભોજન લઇ સન્માનભેર, નિશ્ચિત થઇ જીવન સુખરૂપ વ્યતીત કરી શકે.

મહાસભાની 'સંજીવની' યોજનાની જેમ જ 'અન્નપુર્ણા' યોજના દ્વારા સમાજપ્રેમી સમાજના સુખી-સંપન્ન પરિવારો પ્રતિમાસ અમુક રકમ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને સતત પરિપૂર્ણ રાખવા પોતાનો માનવધર્મ, સમાજધર્મ નિભાવે છે. **સમાજના સુખી-સંપન્ન વર્ગની યથાશક્તિ-યથા ઇચ્છા પ્રતિમાસ અન્નદાનનો સંકલ્પ અનેક જરૂરીયાતમંદ પરિવારોની આંતરડી ઠારે છે.** રૂા. ૫૦૦ થી ૬૦૦૦ સુધીના 'અન્નપુર્ણા' સંકલ્પધારી પરિવારો, નિયમિત પ્રતિમાસ 'અન્નપુર્ણા' સહયોગ આપી જીવનભરનું પુણ્યનું ભાથું બાંધે છે. ભૂતકાળમાં અને વર્તમાન સમયમાં ભારતવર્ષમાં અને ખાસ કરીને કચ્છ-કાઠીયાવાડમાં અનેક જગ્યાએ નિઃશુલ્ક અન્નક્ષેત્રો આજ પણ કાર્યરત છે. તેવી જ રીતે આ 'અન્નપુર્ણા' એ પણ આપણા સમાજનું અખિલ ભારતીય સ્તરનું 'અન્નક્ષેત્ર' જ છે. આ અન્નક્ષેત્રમાં આપ પણ આપશ્રીના સદ્‌ગત સ્વજનોની સ્મૃતિમાં સ્મૃતિદાન તરીકે એકમૂઠ અથવા પ્રતિમાસ એક વંચિત વ્યક્તિ માટે રૂા. ૧૫૦૦/- પ્રતિમાસના ગુણાંકમાં આર્થિક સહયોગ આપી ઘરબેઠા પુણ્યશાળી બની શકો છો. આપશ્રીના નાનકડા આર્થિક સહયોગથી અનેક પિડીત, વંચિત સમાજબંધુઅઓની આંતરડી ઠરશે અને એમના સંતોષના ઓડકાર સ્વરૂપ આશીર્વાદ આપના પરિવારને રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિના શિખર પર પહોંચાડી દેશે.

'અન્નપુર્ણા'ના પ્રતિમાસ સંકલ્પધારી પરિવારોમાં કચ્છ અંજાર નિવાસી હાલ કલ્યાણ (મુંબઇ) વાસી **શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા હાલ અમેરિકામાં** પ્રતિષ્ઠિત કંપનીમાં ઉચ્ચ પદ પર જોબ કરે છે. આ સેવાધારી પરિવારના સુપુત્ર ચિ. દિપેશ જેઠવા સાત સમંદર પાર અમેરીકાથી પ્રતિમાસ રૂા. ૬૦૦૦ અન્નપુર્ણામાં અર્પણ કરી સમાજના જરૂરીયાતમંદ ચાર પરિવારની આંતરડી ઠારવાનું પુણ્યશાળી કામ કરી સમસ્ત જેઠવા પરિવારની પ્રતિષ્ઠા સમાજમાં એક મૂઠી ઊંચી અંકિત કરી છે. આપણા સમાજના યશસ્વી પ્રમુખ **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજી** પણ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી અનેક જરૂરીયાતમંદ સમાજબંધુઓની ભૂખી આંતરડીને ઠારવા માટે સહભાગી થાય છે. અંજાર નિવાસી **શ્રી એવં શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી**ની સેવાભાવના દેશ-પ્રદેશના સીમાડા ઓળંગી સર્વત્ર સુવાસ પ્રસરાવે છે. 'પ્રણામી' સંપ્રદાયના ચુસ્ત અનુયાયી, સનાતન ધર્મ પરાયણ આ યુગલ બેલડી તો 'સત્તકર્મ' માટે સદૈવ તત્પર રહે છે. 'સંજીવની સરતાજ' આ

સોલંકી દંપતિને 'અન્નપુર્ણા' યોજના વિશે જાણ થતાં જ સ્વયંભૂ રૂા. ૧૨,૦૦૦ અર્પણ કરી પોતાની સેવાયાત્રાને ઔરવધુ સાર્થક સાબિત કરી છે. 'અન્નપુર્ણા' યોજના બિલાસપુર અધિવેશનથી વિધિવત આરંભ થઇ ત્યારે જ આપણા સૌના પ્રાણ પ્યારા **'સમાજ મામા' શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (ખંભરા) – જયપુર** હરહંમેશની જેમ જ પોતાના પરિવાર તરફથી રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' માટે અર્પણ કરી 'અન્નપુર્ણા'ને શુકનવંતી શરૂઆત અપાવી અને એ ઉલ્લેખનીય છે કે 'સંજીવની સમ્રાટ' શીવલાલભાઇ ચાવડા પરિવારે 'સંજીવની' યોજનામાં રૂા. ૫,૦૦,૦૦૦ અર્પણ કરી એક અનન્ય, અપૂર્વ, અનુકરણીય પહેલ તો કરી જ છે એવા જ એક સંજીવની સરતાજ **શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા – પુના** પરિવારે પણ સ્વયંભુ રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' ને અર્પણ કરી માનવતાને મહેકાવી છે. ઉપરોકત સમાજપ્રેમી દાતાશ્રીઓએ પોતાનો સમાજધર્મ નિભાવી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને પરિપૂર્ણ કરવા સ્વૈચ્છીક સહયોગ આપેલ છે. અહીં આજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ સૌ સમાજપ્રેમી સમાજબંધુઓને સંવેદનાસભર વિનંતી કે આવો મિત્રો, **આપણે સૌ સાથે મળી એ સુનિશ્ચિત કરીએ કે આજથી આપણા સમાજમાં આપણો સમાજબંધુ ત્રણ ટક ભરપેટ ભોજન માટે કોઇનો ઓશિયાળો નહીં રહે.** આપના ધ્યાનમાં આવા સમાજબંધુઓ આવે તો જરૂરથી ટીમ 'અન્નપુર્ણા'ને ઉપરોક્ત સંપર્કસુત્રનો સંપર્ક કરી આંગણી ચિંધ્યાનું પુણ્ય પણ પ્રાપ્ત કરશોજી. આભાર સહ... જય સમાજ...

**વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (પ્રભારી : અન્નપુર્ણા યોજના – મહાસભા)**

## "સાભાર સ્વિકાર" (અન્નપુર્ણામાં નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી)

| | |
|---|---|
| ૧૨,૦૦૦ | નારીરત્ન શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા – અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૧૨,૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (ઉપપ્રમુખશ્રી અંજાર ઘટક, પ્રભારીશ્રી સીનીયર સીટીઝન સમિતિ – અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૨૪,૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) (ખંભરા-જયપુર (રાજ.) (પ્રતિમાસ રૂા. ૨૦૦૦ના માનદ્ દાતાશ્રી |
| ૧૨,૦૦૦ | શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી – અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૫,૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનહરભાઇ ટાંક – અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમીયમ દાતાશ્રી) |
| ૫,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – પ્રમુખશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૧,૦૦૦ | માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલ જેઠવા – કલ્યાણ (શુભેચ્છા સહયોગ)(પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૬,૦૦૦ | શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા – કલ્યાણ – અમેરીકા (પ્રતિ માસ રૂા. ૬૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૫૦૦ | સ્વ. માતૃશ્રી નયનાબેન પ્રાગજીભાઇ પઢિઆરની સ્મૃતિ અર્થે હ. શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર – અંજાર – મંત્રીશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | સ્વ. નટવરભાઇ ભનુભાઇ પરમારની પુણ્ય સ્મૃતિ અર્થે (હ. પરેશ એવં ગીરીશ પરમાર – અંજાર) (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | માતૃશ્રી શાન્તાબેન સુર્યકાન્તભાઇ વેગડ – અંજાર (હ. શ્રી પ્રવિણભાઇ વેગડ – પ્રભારીશ્રી દેશ-વિદેશ સમન્વય સમિતિ – મહાસભા) (પ્રતિ માસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૬,૩૦૦ | શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ (કુંભારીયા-લાતુર) (પ્રભારી મહિલા ઉત્કર્ષ સમિતિ – મહાસભા) (પ્રતિમાસ રૂા. ૨૧૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૧,૫૦૦ | શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા, પ્રમુખશ્રી અંજાર ઘટક) જન્મોત્સવ ખુશાલી ભેટ |
| ૧૨,૦૦૦ | માતૃશ્રી પ્રાણકુંવરબેન કાંતિલાલ રાઠોડ (કુંભારીયા) – દુર્ગની પુણ્યસ્મૃતિમાં (હ. સુપુત્રી શ્રીમતી મીનાબેન જયંતભાઇ રાઠોડ – અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |

(નોંધ : ઉપરોક્ત યાદીમાં નામ, ગામ, રકમ અંગે કંઇપણ વિસંગતતા હોય તો જાણ કરવા વિનંતી)



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# દેશ-વિદેશ સંકલન સમિતિ

**વિદેશમાં વહાલપ મને મીઠી લાગે શામળા**

પ્રભારી : શ્રી પ્રવિણભાઈ સુર્યકાન્તભાઈ વેગડ
અંજાર (કચ્છ)
મો. +૯૧૯૮૨૫૩૬૧૮૨૨

સહપ્રભારી : શ્રી કેતનભાઈ પ્રકાશભાઈ ચાવડા
બ્રિસબેન (ઓસ્ટ્રેલિયા)
મો. +૬૧૪૧૪૩૭૩૭૩૭



# મહાસભા દેશ-વિદેશ સંકલન સમિતિના પ્રભારીની સિડની (ઓસ્ટ્રેલીયા) મુલાકાત





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના દેશ-વિદેશ સંકલન સમિતિના પ્રભારી શ્રી પ્રવીણભાઈ સુર્યકાન્તભાઈ વેગડ, ઓસ્ટ્રેલિયા ઘટકની ૯ જુલાઈ એ મુલાકાત લીધી હતી. આનો શ્રેય ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઈ દયારામ ભાઈ ચૌહાણને જાય છે. આ બેઠકનું આયોજન તેમને પોતાના ઘરે રાખ્યું હતું. શ્રી પ્રવીણભાઈ અને તેમની ટીમનું આદરપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. ઘટકના બધા સભ્યોએ પોતાનો પરિચય આપ્યો હતો. ત્યાર બાદ શ્રી પ્રવીણભાઈ એ આપણા સમાજ ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સમાજના ઈતિહાસ, સંસ્કૃતિ અને પરંપરાઓ ઉપર વિગતવાર માહિતી પુરી પાડી હતી. શ્રી પ્રવીણભાઈ તથા પ્રમુખ શ્રી રાજેશભાઇ એ આપણા સમાજના અતિથિ રૂપે આવેલા આબુરોડ ઘટકના પ્રમુખ શ્રી કિરીટભાઈ પરમાર અને બાલાસોર થી આવેલ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લક્ષ્મીબહેનનું સમ્માન કરી તેમને ઓસ્ટ્રેલિયાનું સ્મૃતિચિન્હ અર્પણ કર્યું હતું. બન્ને ઘટકના પ્રમુખોએ શ્રી પ્રવીણભાઈ અને ઓસ્ટ્રેલિયા ઘટકનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. મિટિંગના સમાપન પછી બધાએ સ્વરૂચી ભોજનનો આનંદ લઇ વિદાય લીધી હતી.



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઓસ્ટ્રેલિયા ઘટક દ્વારા બોબિન હેડ પિકનિક સ્પોટ ખાતે પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં દસ થી બાર પરિવારોએ ભાગ લીધો હતો. પિકનિકની શરૂઆતમાં બધાએ પોતાનો વિગતવાર પરિચય આપ્યો હતો. ત્યાર બાદ ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઈ એ એક બીજા નો પરિચય કરાવ્યો હતો. પિકનિક સ્પોટ હોવાથી ત્યાં બધાએ ઝીલ જોવા નો, ટ્રેકિંગ કરવાનો તથા કુદરતી સૌંદર્ય નો લાભ લિધો હતો. ત્યાં હાઉઝીનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. પિકનિક દરમિયાન બધાએ એક બીજા સાથે ખૂબ મજા કરી હતી.



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999


# અખિલ ભારતીય મહિલા મહામંડળે યોજ્યો માનસિક સ્વાસ્થ્ય સેમિનાર



અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગતની સંસ્કાર શિબિર સમિતિ દ્વારા તા. ૧૨-૦૭-૨૦૨૫ના રોજ ઓનલાઇન માનસિક સ્વાસ્થ્ય સેમિનાર યોજવામાં આવેલ હતો. આ સેમિનારમાં જાણીતા અસ્ટ્રોલોજર, ન્યુરોલોજીસ્ટ, ટેરોકાર્ડ રીડર, ક્રિસ્ટલ હિલર તથા એનિમલ કોમ્યુનિકેટર **મેઘાબેન રાજેશભાઈ પરમાર – ભિલાઈ** દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ સેમિનારના વક્તા મેઘાબેન દ્વારા મનમાં ઉત્પન્ન થતાં વિચારો અને તેના દ્વારા શરીર, જીવન અને અનુભવોને આપવામાં આવતા આકારની ઉંડાણભરી સમજણ આપવામાં આવી હતી. સાથે સાથે ચિંતા, ગુસ્સો, દુઃખ અને બદલો લેવા જેવી નકારાત્મક લાગણીઓને કાબુમાં રાખી સુખ, શાંતિપ્રિય અને આનંદભર્યું જીવન જીવવાની કલાનો ઉદાહરણ સહ પરિચય આપેલ હતો. ખાસ કરીને આજના અતિ વ્યસ્ત સમયમાં બહેનો પારિવારિક, સામાજીક અને વ્યાવસાયિક જવાબદારીઓને સ્વસ્થ મને કઇ રીતે સંભાળી શકે તેના ઉપર પ્રકાશ પાડવામાં આવેલ હતો.




ઓનલાઇન સેમિનારના આયોજનની વ્યવસ્થા સંસ્કાર શિબીર સમિતિના અધ્યક્ષા શ્રીમતી રોહિણીબેન કિરીટભાઇ ચૌહાણના નેજા હેઠળ મંત્રીઓ શ્રીમતી પ્રિતીબેન વરૂ, શ્રીમતી આશાબેન ચૌહાણ, શ્રીમતી મેઘાબેન પરમાર તથા શ્રીમતી તારાબેન ટાંકએ સંભાળેલ હતી. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ તથા મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણે જરૂરી માર્ગદર્શન આપી વક્તાનો આભાર માનેલ હતો. આ સેમિનારમાં ભારતભરના વિવિધ ઘટકોના બહેનોએ જોડાઇને લાભ લીધો હતો.

# અખિલ ભારતીય મહિલા મહામંડળે યોજ્યું ''બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ રાખડી''

અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગતની શિક્ષણ સમિતિના બાલતરંગ ગ્રુપ તરફથી રક્ષાબંધનના તહેવાર નિમિત્તે એક સુંદર ''બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ રાખડી'' બનાવો સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રાખડીના વેસ્ટ મટિરીયલની ઉપયોગીતા, નવિનતા તથા ક્રિએટીવિટીની થીમ સાથે સમાજના ૬ થી ૧૪ની ઉંમરના બાળકોએ ભાગ લીધો હતો. તા.



૧૦/૦૮/૨૦૨૫ના રોજ યોજાયેલ આ સ્પર્ધાના પ્રાયોજક દાતાશ્રી તરીકે **શ્રીમતી નિર્મળાબેન મહેશભાઇ ચાવડા – જમશેદપુર**એ પોતાનો સહયોગ આપેલ હતો. અ.ભા. મહિલા મહામંડળ દ્વારા ચાલતા બાલતરંગ ગ્રુપના મોટી સંખ્યામાં બાળકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ તથા મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે માર્ગદર્શન આપેલ હતું.

શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી જ્યોતિબેન અરૂણભાઇ રાઠોડ – ભુસાવલના નેતૃત્વ હેઠળ મંત્રીઓ શ્રીમતી કનકબેન જયંતભાઇ ટાંક, શ્રીમતી કલ્પનાબેન રાજેશભાઇ પરમાર, શ્રીમતી તૃપ્તિબેન નંદુભાઇ રાઠોડ તથા શ્રીમતી મોનાબેન નિતીનભાઇ પરમારે આયોજન સંભાળેલ હતું.

**અ.ભા. મહિલા મહામંડળ શિક્ષણ સમિતિ**



જ્યોતીબેન અરૂણભાઈ રાઠોડ
અધ્યક્ષાશ્રી



કનકબેન જયંતભાઈ ટાંક
મંત્રીશ્રી



કલ્પનાબેન રાજેન્દ્રભાઈ પરમાર
મંત્રીશ્રી



તૃપ્તિબેન નંદુભાઈ રાઠોડ
મંત્રીશ્રી



શ્રીમતિ મોનાબેન એન. પરમાર
મંત્રીશ્રી

પ્રથમ – કિયાન રાઠોડ – રાયપુર ઘટક, દ્વિતીય – જૈની ગૌરવભાઇ ચાવડા – અંજાર ઘટક, તૃતિય – ક્રિશવી ચાવડા – હૈદ્રાબાદ ઘટક. આશ્વાસન : ધ્રુવ શિતલકુમાર ચાવડા – બેંગ્લોર, હર્ષાલી ખોડિયાર – બિલાસપુર, માન્યા કલ્પેશ ચૌહાણ – કુકમા. સર્વે વિજેતાઓને ખુબ ખુબ અભિનંદન...

– શ્રીમતી રીટાબેન ચૌહાણ – મહામંત્રી

## આદીપુર મહિલા મંડળ



આદીપુર મહિલા મંડળની કીટી પાર્ટીનું આયોજન તા. ૧૬-૦૭-૨૦૨૫ના રોજ દીપીકાબેન ચૌહાણના ઘરે કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના તેમજ વેલકમ ડ્રીંક લઇ વન મિનીટ ગેમ રમેલ, તેમાં પ્રથમ નંબરે નિશાબેન ચાવડા અને બીજા નંબરે ઉર્મિલાબેન ટાંક આવેલ. તેમજ બીજી ગેમ રમાડેલ, જેમાં તૃપ્તિબેન વાઢેરનો પ્રથમ નંબર આવેલ. ત્યાર બાદ સમાજ ઉપયોગી જનરલ ચર્ચા-વિચારણા અને ગાંધીધામ મધ્યે થનાર સગપણ સંમેલનની ચર્ચા કરેલ. પછી હાઉઝી ગેમ રમી અને ઇડલી-સંભારની મજા માણેલ. દીપીકાબેન તરફથી વન-મિનિટ ગેમના ઇનામ આપવામાં આવેલ. વુમન્સ-ડેની ઉજવણીમાં આદિપુર ઘટકનો ત્રીજો નંબર આવેલ. તેમાં મળેલ ઇનામની રકમમાં મહિલા મંડળે બીજા રૂપિયા ઉમેરીને ભાગ લેનારને



એ.સી. બ્લેન્કેટ ભેટ આપેલ. આગળની કીટીનો ડ્રો કરેલ, ત્યાર બાદ સૌ છુટા પડેલ.

## છત્રપતિ સંભાજીનગર મહિલા મંડળ



છત્રપતિ સંભાજીનગર મહિલા મંડળનું શ્રાવણ માસનું સેવા પ્રોજેક્ટ તા. ૩.૮.૨૫ના લેવામાં આવ્યું હતું. તે દિવસે ભગવાન બાબા સંસ્થાનમાં બહેનો ઉપસ્થિત રહી સેવાનો લાભ લીધો હતો. ત્યાં ૫ થી ૨૦ વર્ષની છોકરીઓ હતી. તેમણે પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન વરુએ મેડીટેશન અને બ્રાઇટર માઇન્ડની એક્સરસાઇઝ કરાવી તેનું મહત્વ અને લાભ બતાવ્યું. અને સંસ્થાનમાં ઉપયોગી થતી ચટાઈ અને બાલિકાઓને બપોરનું ભોજનની વ્યવસ્થા કરી હતી. સૌ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌ ભાઈનો ખુશી ખુશી પાછા વળ્યા હતા.

## મીઠાપુર મહિલા મંડળ




તા. ૨૯-૦૭-૨૦૨૫, રવિવારના રોજ અષાઢીબીજની દ્વારકા મુકામે ઉજવણી કરવામાં આવી હતી. અષાઢીબીજ એટલે આપણા કચ્છના લોકોનું નવું વર્ષ. આ દિવસે ત્રણેય ગામ ઓખા, મીઠાપુર અને દ્વારકાના આપણા સમાજના લોકો ભેગા મળીને દ્વારકા મુકામે સમાજવાડીમાં અષાઢીબીજની ઉજવણી કરી હતી. ત્રણેય ગામના લોકોએ પોત-પોતાના સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કર્યા હતા. મીઠાપુરના લોકોએ કૃષ્ણ ભગવાનનું ભજન ગાઇને પ્રોગ્રામની શરૂઆત કરી હતી. આ ભજન યોષિતાબેન રાઠોડે ગાયું હતું અને કેસિયા ઉપર મ્યુઝીક કાજલબેન ચૌહાણે આપ્યું હતું અને મહિલા મંડળની બહેનોએ તેમને ગાવામાં સાથ આપ્યો હતો. સાંસ્કૃતિક પ્રોગ્રામમાં નાના-નાના ભુલકાઓ, યુવતીઓ અને મહિલા મંડળની બહેનોએ ભાગ લીધો હતો. મહિલા મંડળની બહેનોએ ગરબો રજુ કર્યો હતો. જેમાં જયશ્રીબેન ટાંક, ઉષાબેન રાઠોડ, મયુરીબેન ચૌહાણ, જીજ્ઞાબેન ચૌહાણ, યોષિતાબેન રાઠોડ, ભાવિકાબેન ચૌહાણ, કાજલબેન ચૌહાણ, કવિતાબેન ચૌહાણ, પ્રિયાબેન પરમાર, શિતલબેન વરૂ, ભાવનાબેન ચૌહાણ, કૃપાલીબેન ચૌહાણ, નિરાલીબેન ચૌહાણે ભાગ લીધો હતો.

ત્યાર બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બધાએ ભોજન કર્યું હતું. ચાર વાગ્યે ઇનામ વિતરણનો કાર્યક્રમ ચાલુ થયો હતો. ઇનામ વિતરણ બાદ વિજયભાઇ રાઠોડે કમ્યુનિટી ગેમ રમાડી હતી. મ્યુઝીકલ ચેર, પાસિંગ ધ બોલ જેવી ગેમ પણ બધા



રમ્યા હતા અને ત્યાર પછી રાસની રમઝટ બોલાવી હતી. છેલ્લે રાતનું ભોજન લઇ બધા છુટા પડ્યા હતા. તા. ૧૦-૦૮-૨૦૨૫ના રોજ મીઠાપુર મહિલા મંડળે બેટદ્વારકામાં આવેલ અભ્યાય માતાજીના મંદિરે પિકનીકનું આયોજન કરેલ હતું. બધા ૧૦.૩૦ વાગ્યે માતાજીના મંદિરે પહોંચી ગયેલ. માતાજીના દર્શન કરી બહેનોએ માતાજીના ગરબા અને ભજન ગાયા. મંદિરનું રમણીય વાતાવરણ જોઇ બધી બહેનો ખુબજ ખુશ થઇ. ત્યાર બાદ બધાએ ભોજન લીધું. ભોજનમાં લાડવા ઉષાબેન રાઠોડ તરફથી આપવામાં આવ્યા હતા. ખમણ મહિલા મંડળ તરફથી હતું. ભોજન બાદ સહુ સાથે મળીને તંબોલા ગેમ રમ્યા હતા. વિજયભાઇ રાઠોડે બીજી બે ગેમ રમાડી હતી. આનંદ અને ઉત્સાહની સાથે બધા સાંજે મીઠાપુર પરત ફર્યા હતા.

## ગાંધીધામ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર છત્રીય સમાજ ગાંધીધામ મહિલા મંડળ દ્વારા ૮-૭-૨૦૨૫ના મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મોનાબેન નીતિનભાઈ પરમારના અધ્યક્ષસ્થાનેથી મીટીંગ રાખવામાં આવેલ હતી.

સર્વ પ્રથમ દેશી ગર્લ ગ્રુપ દ્વારા જોરદાર આપણા ગામડાની પ્રાચીન સંસ્કૃતિને અને જીવનશૈલીને ભવાઈના સ્વરૂપે ખુબ સુંદર રીતે લાઇવ સંગીત અને ખૂબ સરસ ગાયન કોઈ પણ જાતનું રેકોર્ડિંગ વગર ખુબ સરસ પ્રસ્તુત કરવામાં આવ્યું.

તે પછી બાજરા માંથી બનતી વાનગીની સ્પર્ધામાં પણ ૧૬ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં બધાએ એક થી એક આઈટમ બનાવી હતી. આ પ્રતિયોગિતાના જજ ગાંધીધામ ઘટકના ગૌરવ અને કચ્છ લેવલે માસ્ટર સેફ બનેલા ખ્યાતિબેન હતા. તેમાં (૧) નયનાબેન ચૌહાણ (૨) નીતાબેન જેઠવા (૩) જ્યોતિબેન ખોડીયાર આવ્યા હતા. સ્પેશિયલ કેટેગરીમાં દીપાબેન પરમાર કે જેમને દેશી ઢબથી પાટલા ઉપર કાંસાની થાળી વાટકી ગ્લાસ લોટો રાખી આખું મેન્યુ સજાવ્યું હતું. પછી ખ્યાતિબેનનું પણ સાલ ઓઢાળીને સન્માન કરવામાં આવ્યું હતું.

પછી ગ્રુપ લીડર દિનિશા બેન દ્વારા આલ્ફાબેટની ખુબ મસ્ત ગેમ રમાડવામાં આવી તેમાં બધાએ ખૂબ એન્જોય કર્યું તેમાં પ્રથમ કલાબેન પરમાર દ્વિતીય મલ્લિકાબેન ચૌહાણ આવ્યા હતા. ટેડી બિયર પાસિંગ ગેમમાં પ્રથમ સીમાબેન દ્વિતીય ભાવિકા બેન આવ્યા હતા. આ પ્રોગ્રામમાં વરસાદી વાતાવરણ હોવા છતાં પણ ૧૦૦ જેટલી સંખ્યામાં બહેનો આવ્યા હતા. ત્યાર બાદ હાઉસી રમી અને ગરમાગરમ અલ્પાહાર લઈ બધા છૂટા પડ્યા હતા.

# કુકમા મહિલા મંડળ





કુકમા મહિલા મંડળની જનરલ મીટીંગ તા. ૧૭-૦૭-૨૦૨૫ના રોજ સમાજવાડી મધ્યે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શોભનાબેન જે. ટાંકના અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવેલ હતી. જેમાં મુખ્ય મહેમાન અંજારના શ્રીમતી યામિનીબેન ઠક્કર (સાંઇ હોસ્પિટલ) આ કાર્યક્રમમાં વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમણે સ્ત્રીઓના આભુષણોનું મહત્વ તેમજ ભારતીય સંસ્કૃતિના મુલ્યોનું માર્ગદર્શન વિસ્તારથી સમજાવેલ. આજે લુપ્ત થતાં ભારતીય સંસ્કૃતિના મુલ્યોને ફરી ઉજાગર કરવા સ્ત્રીઓને આગળ આવવું પડશે. જેમણે અનેક ઉદાહરણો શાસ્ત્રોના આપી બહેનોને માર્ગદર્શન આપેલ હતું અને સ્ત્રીઓના સોળ શણગાર વિશે ખુબજ સારૂં વકતવ્ય આપી બહેનોને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. શ્લોક અને મંત્રોથી જીવનમાં કેટલો બદલાવ વાતાવરણ પવિત્ર બને તેવું જણાવેલ.

આ કાર્યક્રમમાં સૌ પ્રથમ હનુમાન ચાલિસાનું પઠન કર્યા બાદ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરેલ. ત્યાર બાદ આવેલ મહેમાનોનું ગીફ્ટ તેમજ સાલથી સન્માન કરેલ. બહેનો માટે જોડીમાં પરફેક્ટ મેચીંગ સ્પર્ધા સ્ત્રીઓના સોળ-શણગારની પરફોમન્સ કરતા યોજેલ દરેક બહેનોએ ખુબજ સરસ એન્ટ્રી કરેલ હતી. આ સ્પર્ધામાં પ્રથમ નંબર (૧) પરમાર પુનિતા મહેશભાઇ, ગોહિલ વૈશાલી વિનયભાઇ (૨) પરમાર અર્ચના જયદિપભાઇ, રાઠોડ પ્રીતીબેન પુનિતભાઇ (૩) પરમાર કૃપાલી દક્ષેશભાઇ, પરમાર ચેતના દિપકભાઇ વિજેતા થયેલ. નિર્ણાયક તરીકે શ્રીમતી યામિનીબેન ઠક્કર અને શ્રીમતી મીરાબેન ચૌહાણે સેવા આપેલ હતી.

યામિનીબેન ઠક્કર દ્વારા દરેક પાર્ટીસિપેટને રૂા. ૧૦૦૦ પ્રોત્સાહન ઇનામ આપવામાં આવેલ. કુલ રૂા. ૧૦,૦૦૦ અને સર્ટીફીકેટ બધાને આપ્યા હતા. મહિલા મંડળે એમનો આભાર વ્યક્ત કરેલ અને મહિલા મંડળ તરફથી વિજેતાઓને દરેકને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવેલ તેમજ અન્ય કાર્યક્રમ લક્કી ડ્રો, પ્રશ્નોતરી, ગાંધીધામ વિરાટ સગપણ સંમેલનની ચર્ચાઓ વધુ પાત્રો જોડાય તેવા પ્રયત્નો કરવા તેમજ અંતમાં આભારવિધી કરી અલ્પાહાર લઇ છુટા પડેલ. સંચાલન ઉષાબેન ચૌહાણે કરેલ. આ કાર્યક્રમમાં સરપંચ રસિલાબેન રાઠોડ તેમજ અ.ભા.મ. મહામંડળના સલાહકાર અનસુયાબેન જે. પરમાર, ભાનુબેન જે. પરમાર, ભાવનાબેન ચૌહાણ, ભાવનાબેન પરમાર, લલીતાબેન વરૂ, અર્ચનાબેન પરમાર સર્વે હોદ્દેદારો તેમજ પુરી કારોબારીની ટીમે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ. સર્વે ટીમનો આભાર માનવામાં આવેલ.



તા. ૩૧-૦૭-૨૦૨૫ના મહિલા મંડળે શ્રી ખોડિયાર માતા મંદિર (શિણાય), નિત્યાનંદ આશ્રમ, જોગણીનાર, શ્રી

હરસિદ્ધી માતાજી મંદિર તેમજ અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરે દર્શન તેમજ પ્રદર્શની જોવા ગયેલ હતા તેમજ વિરા (શક્તિ ધોધ) કુદરતી વરસાદમય વાતાવરણ ગ્રિનરી નિહાળી મન ખુશ થઇ જાય તેવા સ્થળોએ બહેનોએ આનંદ માણ્યો હતો. માતાજીના ગરબા રમ્યા તેમજ રાસ, હાઉઝી, ગેમ, લક્કી ડ્રો, નૃત્ય તેમજ રોચક કાર્યક્રમો દ્વારા આનંદ માણ્યો હતો. મહિલા મંડળ દ્વારા અલ્પાહાર આપવામાં આવેલ. ખુબ સારી સંખ્યામાં બહેનો જોડાયા હતા. પ્રવાસ સમિતિનો આયોજન માટે આભાર માનવામાં આવેલ.

## છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ




છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા ધાર્મિક યાત્રા ગંગા સાગરનું તા. ૧૮-૭-૨૦૨૫ થી ૨૧-૦૭-૨૦૨૫ સુધી આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બિલાસપુર, જગદલપુર, દુર્ગ, કુમ્હારી, રાયપુર, રાયગઢ સાથે છત્તીસગઢથી બહાર ગામ સરાયપલ્લી, રાંચી, વડોદરા, મુંબઇ, નાગપુર, જબલપુરથી ટોટલ ૬૯ ભાઇઓ-બહેનોએ લાભ લીધો હતો.

ધાર્મિક યાત્રા ૧૮-૦૭-૨૦૨૫ના રાયપુરથી પ્રારંભ થયેલ. જેમાં રાયપુર મહિલા મંડળના સલાહકાર પૂનમબેન ટાંક સાથે કલ્પનાબેન પરમાર, કનકબેન ટાંક, સોનલબેન રાઠોડ, દીપાબેન સાવરિયા, શ્રૃષ્ટિબેન ચૌહાણ દ્વારા બધા ગંગા સાગર યાત્રીઓનું કંકુ-તિલક કરી પુષ્પગુચ્છ આપી સમ્માન કરીને શુભ યાત્રા માટે શુભેચ્છા પાઠવેલ હતી. રાયપુર મહિલા મંડળનો આભાર માનવામાં આવેલ. યાત્રામાં સર્વે ભાઇઓ-બહેનો સ્નાન, ભજન-કિર્તન સાથે રાસગરબાનું પણ આનંદ લીધેલ. બધા યાત્રીઓના સાથ-સહકારથી આ યાત્રા ખુબજ સફળ અને યાદગાર થયેલ. સર્વે યાત્રીઓનું સર્વે કાર્યોમાં સહયોગ મળેલ હતું.

## રાયપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયપુર મહિલા મંડળ દ્વારા મહા રૂદ્રાભિષેકનું આયોજન તા. ૨૮ જુલાઇ-૨૦૨૫ સોમવારના દિવસે સમાજ ભવનમાં રાખવામાં આવેલ હતી. શાસ્ત્રી શ્રી હેમલ મહેન્દ્રભાઇ વ્યાસના સાનિધ્યમાં મહારૂદ્રાભિષેક પૂજા કરાવામાં આવેલ હતી.

મુખ્ય યજમાનમાં હેમંતભાઇ ગોહિલ, શ્રી સુર્યકાંતભાઇ રાઠોડ, શ્રી મહેન્દ્રભાઇ ખોડિયાર, મોહિત ધર્મેન્દ્રભાઇ ચાવડા

સાથે સમાજના ૨૨ જોડલાઓએ રૂદ્રાભિષયેકનું લાભ લીધેલ. રૂદ્રાભિષેકના ધાર્મિક આયોજનમાં સેવા સમિતિ પ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડા સાથે યુવા મંડળ પ્રમુખ ચેતનભાઇ પરમાર સર્વે પદાધિકારીઓ ઉપસ્થિત હતા. મહિલા મંડળની સર્વે બહેનો મળી શિવલિંગ બનાવી પૂજાની તૈયારી ખુબજ સરસ રીતે કરેલ. સર્વે ભાઇઓ-બહેનોના સહકાર-સહયોગથી આ પૂજા સંપન્ન થયેલ. પૂજા પશ્ચાત મંડળ દ્વારા ફલાહારની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.



## અમદાવાદ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળ વતી અમદાવાદ મહિલા મંડળ દ્વારા ઓનલાઇન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જે સ્પર્ધાનું ટોપીક ''લીલા પાનમાંથી તોરણ બનાવવાનું હતું.'' જે સ્પર્ધા તા. ૨૭ જુલાઇ, રવિવારના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં બહેનોએ ખાલી લીલા પાનમાંથી જ તોરણ બનાવવાનું હતું. જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ પોતાના તોરણના વિડીયો અને ફોટો મોકલાવેલ હતા. બહેનોએ ખુબજ સુંદર તોરણ બનાવેલ હતાં. જેમાં પ્રથમ - શ્રીમતી રેણુકાબેન દિપેશભાઇ પરમાર -



જામનગર-સિક્કા, દ્વિતીય - શ્રીમતી કવિતાબેન કૃષ્ણલાલ ચૌહાણ - મીઠાપુર, દેવભૂમિ દ્વારકા, તૃતિય - શ્રીમતી ધારાબેન પાર્થભાઇ ચૌહાણ - અમદાવાદ, આશ્વાસન - શ્રીમતી વર્ષાબેન કૌશલભાઇ કાચા - જામનગર-સિક્કા.

## કેંજોરગઢ મહિલા મંડળ



કેંજોરગઢ મહિલા મંડળ દ્વારા તા. ૨૨-૦૭-૨૦૨૫ના સમાજવાડીમાં હરિયાળી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. આમાં સૌ બહેનો લીલી સાડી પહેરી ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ સૌ સદસ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ઉપસ્થિત સદસ્યોએ ઉદ્બોધન આપ્યું હતું. ભજન ગાયું હતું તથા નૃત્ય પ્રદર્શન કર્યું હતું. સૌ સદસ્યો મળીને જાત-જાતના ગેમ રમ્યા હતા. અંતમાં અલ્પાહાર લઇ સૌ છુટા પડ્યા હતા. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન મહિલા મંડળ દ્વારા તા. ૨૮-૦૭-૨૦૨૫ના સમાજવાડીમાં સત્સંગ રાખવામાં આવેલ હતો. સાંજે ૪.૦૦ વાગ્યે સૌ બહેનો ઉપસ્થિત થઇ કથા વાર્તા તથા ભજન-કિર્તન કર્યા હતા. ત્યાર બાદ આરતી કરી હતી. તા. ૦૫-૦૮-૨૦૨૫ના સમાજવાડીમાં સુંદરકાંડનો પાઠ કરવામાં આવેલ હતો. સાંજે ૪.૦૦ કલાકે સૌ બહેનો ઉપસ્થિત થઇ સુંદરકાંઠનો પાઠ કર્યો હતો.

## નાગપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર મધ્યે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ગીતીકાબેન ચૌહાણની પ્રેરણાથી તા. ૨૮ જુલાઇને શ્રાવણ માસના પહેલા સોમવારના રોજે રૂદ્રાભિષેકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં નાગપુર ઘટકની બહેનો ખુબજ ઉત્સાહથી ભાગ લઇને સારી સંખ્યામાં ઉપસ્થિતિ આપી હતી. ત્યાર બાદ ભજન-કિર્તનની રમઝટ જમાવી હતી. બાદમાં મહિલા મંડળ દ્વારા ફરાળ આપવામાં આવેલ અને શ્રીમતી વીણાબેન કિશોરભાઇ ચૌહાણ દ્વારા સાબુદાણાની ખીચડીનો આનંદ માણીને સૌ બહેનોએ વિદાય લીધી હતી.

## હૈદ્રાબાદ-સિકંદ્રાબાદ મહિલા મંડળ



હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા તા. ૨૬/૦૭/૨૦૨૫, શનિવાર શ્રાવણ માસમાં સાવન કી સૈર આયોજીત કરવામાં આવી. ઉમિયા માતાના મંદિરમાં માતાજી દર્શન, મહાદેવ દર્શન અને રૂદ્રાભિષેક કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યું હતું. સવારે ૮.૦૦ વાગે બસમાં નાસ્તો કરીને ભજન ગાયા અને રીલ બનાવી હતી.

મંદિરે પહોંચીને સામુહિક રૂદ્રાભિષેક કરવામાં આવ્યું. બધી બહેનો ડ્રેસકોડના થીમ કલરના અનુકુળ સુંદર તૈયાર થઇને આવ્યા હતા. બપોરે સ્વાદિષ્ટ ભોજન જમ્યા પછી તંબોલા અને ગેમ રમ્યું. સાંજની ચાય-કોફી પછી બધી બહેનોએ રીલ બનાવીને ફોટા પડાવ્યા હતા. સાંજે ૭ વાગે માતાજીની આરતી કરીને રાત્રી કાઠીયાવાડી ભોજનનો આનંદ માણી બધા છુટા પડ્યા હતા.

## ધનબાદ મહિલા મંડળ

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ધનબાદ મહિલા મંડળ દ્વારા તા. ૨૬-૦૭-૨૦૨૫, શનિવારના રોજ સમાજ ભવનમાં સાવન ઉત્સવનું આયોજન કરવામાં આવેલ. આ ઉત્સવ માટે ડ્રેસકોડ હતું કોઇપણ ગ્રીન કલરનું પોષાક. બહેનોએ સારી સંખ્યામાં ઉપસ્થિતિ આપી હતી અને બધા ખુબજ સરસ રીતે તૈયાર થઇને આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ગુરૂ વંદના પર ક્લાસીકલ ડાન્સ પ્રસ્તુતી દ્વારા કરવામાં આવેલ. આ પ્રસ્તુતી શ્રીમતી શ્વેતાબેન નીતીનભાઇ ચૌહાણ અને તેમની પુત્રી હિમ્જા ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રીમતી નૈનાબેન ચૌહાણ દ્વારા એક હિંડોળો પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

સાવન ક્વીન કોન્ટેસ્ટ માટે બહેનોને ફુલોની પટ્ટી પહેરીને કૃષ્ણ ધુન પર પોતાને પ્રસ્તુત કરવાનું હતું. આ કોન્ટેસ્ટમાં શ્રીમતી સંજના હિતેશ ટાંક સાવન ક્વીન ઘોષિત થયા. બહેનો માટે ગેમ્સના સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. જેમાં બધાએ ગીફ્ટ જીત્યા હતા અને આનંદ માણ્યો હતો. હાઉઝી પણ રમાડવામાં આવી હતી. અંતમાં ફળાહાર અલ્પાહારનો આનંદ લઇને બધા છુટા પડ્યા હતા.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

સહ વીર્યં કરવાવહૈ

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયપુર ઘટક

## કારોબારી સમિતિ સત્ર : 2025–2028



**પ્રમુખ**
હેમંત હરીરામભાઈ ગોહિલ
મો. : 87705 81211



**ઉપપ્રમુખ**
હિતેશ મગનભાઈ વરૂ
મો. : 93006 88763



**ઉપપ્રમુખ**
સતીશ રતીલાલભાઈ ચાવડા
મો. : 93002 92497



**મંત્રી**
રાજેશ કાંતિપ્રસાદભાઈ રાઠોડ
મો. : 98271 07171



**મંત્રી**
ઉદય અરૂણભાઈ વરૂ
મો. : 94252 04787



**ખજાંચી**
દિલીપ કેશવજીભાઈ ચાવડા
મો. : 94062 36406



**સહખજાંચી**
પ્રિતેશ મોહનભાઈ ચાવડા
મો. : 98271 17228



**સહમંત્રી**
રવિન્દ્ર દેવરામભાઈ પરમાર
મો. : 94252 08645



**સહમંત્રી**
આશિષ બાબુભાઈ ટાંક
મો. : 93010 29808



**સહમંત્રી**
યુધીર માધવજીભાઈ વરૂ
મો. : 99815 50200



**સહમંત્રી**
ચંદ્રકાંત બેચરભાઈ ચૌહાણ
મો. : 91119 93678



**કાર્યકારિણી**
ધર્મેન્દ્ર રમેશચંદ્ર ચાવડા
મો. : 98271 58204



**કાર્યકારિણી**
મહેશ કાંતિપ્રસાદભાઈ રાઠોડ
મો. : 99071 61990

# શ્રી ગુર્જર ક્ષત્રિય ગુજરાતી સમાજ, દુર્ગ ઘટક

રજી.નં. 1944

સહ વીર્યં કરવાવહૈ

## દુર્ગ ઘટકના નવા ભવ્ય, બહુઉદ્દેશિય સુસજ્જીત સમાજ ભવન નિર્માણ હેતુ દાનદાતાઓંની યાદી



**₹3,51,000**



સ્વ. શ્રી ધનજીભાઈ નરસિંહભાઈ ટાંક
સ્વ.જયાબેન ધનજીભાઈ ટાંક
ની પુણ્ય સ્મૃતિમા હસ્તે
શ્રી ભરતભાઈ ટાંક અને શ્રી શાંતિલાલભાઈ ટાંક
દેશમા ગામ- નાગલપર, હા.મુકામ- દુર્ગ/જગદલપુર

**₹3,51,000**



ગં.સ્વ.લાભુબેન રમેશભાઈ સોલંકી
તથા
શ્રી નીતિનભાઈ રમેશભાઈ સોલંકી
શ્રી જયદીપભાઈ રમેશભાઈ સોલંકી
શ્રી ખુશાલભાઈ રમેશભાઈ સોલંકી
દેશમા ગામ- અંજાર, હા.મુકામ- દુર્ગ

**₹3,51,000**

સહ વીર્યં કરવાવહૈ

શ્રી ગુપ્ત દાન

**₹3,51,000**



શ્રી શાંતિલાલભાઈ ઓધવજીભાઈ જેઠવા
શ્રી કમલાબેન શાંતિલાલભાઈ જેઠવા
શ્રી દિનેશભાઈ શાંતિલાલભાઈ જેઠવા
દેશમા ગામ- અંજાર, હા.મુકામ- દુર્ગ

**₹3,51,000**



સ્વ.જયંતિલાલભાઈ પ્રેમજીભાઈસોલંકી
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
શ્રી ગુંજન ભાઈ જયંતીલાલભાઈ સોલંકી
શ્રી વિકાસભાઈ જયંતીલાલભાઈ સોલંકી
દેશમા ગામ- વીડી, હા.મુકામ- દુર્ગ

**₹3,00,000**



શ્રી વૃજલાલભાઈ રૂડાભાઈ સોલંકી
તથા
શ્રી રાજેશભાઈ વૃજલાલભાઈ સોલંકી
શ્રી સંજયભાઈ વૃજલાલભાઈ સોલંકી
શ્રી નિતેશભાઈ વૃજલાલભાઈ સોલંકી
દેશમા ગામ- વીડી, હા.મુકામ- દુર્ગ

**₹2,51,000**



ગં.સ્વ. અન્નપૂર્ણાબેન જયંતીલાલભાઈ રાઠોડ
દેશમા ગામ- મેઘપર, હા.મુકામ- દુર્ગ

**₹2,01,000**



સ્વ. હરિકુઁવરબેન પુરૂષોત્તમભાઈ ટાંક
ની પુણ્ય સ્મૃતિમા હસ્તે
શ્રી ધીરજલાલભાઈ પુરૂષોત્તમભાઈ ટાંક
દેશમા ગામ- અંજાર, હા.મુકામ- દુર્ગ

**₹1,69,611**

સહ વીર્યં કરવાવહૈ

સ્વ. ચિમનભાઈ રાઠોડ (ટ્રસ્ટ)
ની પુણ્ય સ્મૃતિમા હસ્તે
શ્રી ચંદ્રકાંતભાઈ ભુવાનભાઈ વાઢેર
હા.મુકામ- દુર્ગ

**₹1,51,000**



સ્વ. ગીતાબેન અમૃતલાલભાઈ જેઠવા
ની પુણ્ય સ્મૃતિમા હસ્તે
શ્રી અમૃતલાલભાઈ પ્રાગજીભાઈ જેઠવા
દેશમા ગામ - અંજાર, હા.મુકામ- દુર્ગ

**₹1,51,000**



સ્વ.શિવજીભાઈ કલ્યાણજીભાઈ રાઠોડ
સ્વ.ગોદાવરીબેન શિવજીભાઈ રાઠોડ
ની પુણ્ય સ્મૃતિમા હસ્તે
શ્રી મુકુંદભાઈ શિવજીભાઈ રાઠોડ
શ્રીમતી કરૂણાબેન મુકુંદભાઈ રાઠોડ
દેશમા ગામ- બિડોઈ, હા.મુકામ- દુર્ગ

**₹1,11,111**



શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
(મહાસભા વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી)
દેશમા ગામ-માધાપર, હા.મુકામ- માધાપર

સર્વે ભામાશાહો, ઉદાર દિલ દાનદાતાઓં, સેવાભાવી સમાજ બાંધવોંને હૃદયનાં અંતઃકરણથી નમન-વંદન-અભિનંદન અર્પિત કરીયે છીએ...
આપ સર્વેના આ મહાદાનનેં અમારા દુર્ગ ઘટકના સર્વે જન-જન વતી આભાર... આભાર..... આભાર.....

**....પીસેગાંવ, દુર્ગ સમાજ ભવન નિર્માણ સમિતિનાં સમસ્ત સભ્યગણોં.....**

**વિશેષ-** બહાર ગામથી કાર્ય હેતુ આવતા સમાજ બાંધવો માટે દુર્ગ સમાજ ભવનમા વ્યાજબી શુલ્ક સાથે રોકાવાની સગવડ ઉપલબ્ધ છે

માનવંતા દાનદાતાઓંની શેષ યાદી આવતા અંકમા સાદર જાહેર કરવામાં આવશે.....(યાદી અપૂર્ણ)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દેવળીયા ઘટક








દેવળીયા ગામે દેવળીયા ઘટક તરફથી શ્રી દેવલેશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર થયો. ત્યાર બાદ શ્રી રામેશ્વર મંદિર ખાખચોકનો જીર્ણોદ્ધાર થયો અને ત્યાર બાદ ગામનાં મધ્યમાં આવેલ શ્રી લક્ષ્મીનારાયણ મંદિરનો જીર્ણોદ્ધાર અને મંદિરના પૂજારીનું રહેવાનું મકાન બનાવવામાં આવ્યું. આ મંદિર સાથે શ્રી સત્યનારાયણ ભગવાનનું મંદિર અને શ્રી વિશ્વેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. જેમાં નવી આવેલ મૂર્તિ શ્રી ગણપતિજી, શ્રી હનુમાનજી, શ્રી ગંગાજી, નંદીજી અને કાચબાનું નવેસર પ્રાણ પ્રતિષ્ઠા તા. ૧૨-૦૭-૨૦૨૫ને શનિવાર અને તા. ૧૩-૦૭-૨૦૨૫, રવિવારે રંગેચંગે કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. દેવળીયા ગામના બહાર વસતા ભાઇઓ અને બહેનોએ હાજરી આપી આ કાયક્રમને સફળ બનાવ્યો હતો.



## નમ્ર નિવેદન

આ સાથે દેવળીયા ઘટક તરફથી નિવેદન કરવામાં આવે છે કે, **દેવળીયા ગામે ગુર્જર ક્ષત્રિય સમાજનું મિસ્ત્રી સમાજ ભવન બનાવવાનું આયોજન ચાલુ છે.** આ સમાજ ભવન ૯૦૦૦ (નવ હજાર ચોરસ ફુટ)માં કાર્ય થશે. **દેવળીયા અને કચ્છ અને કચ્છ બહારનાં દિલેર દાતાશ્રીઓને વિનંતી કે દેવળીયાના નાના ઘટકને સમાજ ભવન બનાવવામાં સહકાર આપવા અપિલ કરવામાં આવે છે.** દેવળીયા ગામે અઢાર કુળદેવીના સ્થાનકો આવેલ છે. નવરાત્રીનાં દિવસો દરમ્યાન બહારથી આવતા ભાઇ-બહેનોને આ સમાજવાડી ખુબજ ઉપયોગી થશે તે હેતુથી આયોજન કરવામાં આવ્યું છે. બાંધકામ માટે નીચે મુજબની સમિતિ બનાવવામાં આવેલ છે.

**વિનિત : હિંમતલાલ ભવાન ચાવડા (પ્રમુખશ્રી, દેવળીયા ઘટક)**

**હીંમતલાલ ભવાનભાઇ ચાવડા – મો. ૯૭૨૬૧૩૯૩૧૨**

**હિતેશ ગોકળભાઇ રાઠોડ – મો. ૯૮૨૫૮૯૪૯૪૫**
**પ્રભુલાલ અરજણભાઇ ચાવડા – મો. ૯૯૦૯૦૬૮૯૫૭**
**પ્રદિપ અમરસીભાઇ ચૌહાણ – મો. ૯૩૭૬૫૭૫૮૫૬**

**પરેશ નૌતમલાલ ચૌહાણ – મો. ૯૯૦૯૫૨૫૩૧૯**
**કીરીટ ધીરજલાલ રાઠોડ – મો. ૯૭૨૫૨૬૬૯૬૮**
**ગીરીશ દયારામભાઇ ચૌહાણ – મો. ૭૦૧૬૬૬૩૧૦૬**

**બેંક ઓફ બરોડા – અંજાર શાખામાં ગુર્જર ક્ષત્રિય સમાજનું ખાતું છે. જેના ખાતા નં. 03740100007180 છે. જેના IFSC Code BARB0ANJARX છે.**

**આપ ઉપર મુજબના સમિતિના સભ્યોનો સંપર્ક સાધી શકો છો.**

# ચાવડા પરિવારનું ગૌરવ... હાર્દિક અભિનંદન




## CA Pratik Arunbhai Chawda

કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીની અસીમ કૃપા અને વડીલોના આશીર્વાદથી કચ્છ મેઘપર હાલ મુકામ ડોંબિવલી (મુંબઈ) નિવાસી **અ.સૌ. સારીકાબેન તથા શ્રી અરૂણભાઇ રમણિકલાલ ચાવડા**ના સુપુત્ર **ચિ. પ્રતિક અરૂણભાઇ ચાવડા**એ મે-૨૦૨૫માં CA Final ની પરીક્ષા ઉત્તિર્ણ કરી CA (Chartered Accountant) ની ડીગ્રી પ્રાપ્ત કરી ચાવડા પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

ભવિષ્યમાં ઉતરોત્તર પ્રગતિ કરી ખુબ નામના મેળવો એવી અમારી શુભકામના સહ આશીર્વાદ....

:: શુભેચ્છક પરિવારજનો ::

| | |
|---|---|
| સ્વ. રમણિકલાલ વલમજીભાઈ ચાવડા (દાદા) | ગં.સ્વ. રમાબેન રમણિકલાલ ચાવડા (દાદી) |
| શ્રી અરૂણભાઈ રમણિકલાલ ચાવડા (પિતા) | શ્રીમતી સારિકાબેન અરૂણભાઈ ચાવડા (માતા) |
| શ્રી ઉદયભાઈ રમણિકલાલ ચાવડા (કાકા) | શ્રીમતી ઉર્વીશીબેન ઉદયભાઈ ચાવડા (કાકી) |
| ગં.સ્વ. રંજનાબેન પટેલ ખોડિયાર પરિવાર (નાની) | વેદાંત, દિશી, પ્રનીલ, યાત્રિક (ભાઈ-બહેન) |
| શ્રી નિલેશભાઈ મોહનલાલ પટેલ ખોડિયાર (મામા) | શ્રીમતી હિરલબેન નિલેશભાઈ પટેલ ખોડિયાર (મામી) |

તથા સમસ્ત ચાવડા પરિવાર

## હાર્દિક અભિનંદન



અંબેજોગાઈ નિવાસી (પરલી ઘટક) **શ્રીમતી હર્ષાબેન ઘનશ્યામભાઈ મારૂ** ના સુપુત્ર **ચિ. કુશલ ઘનશ્યામભાઈ મારૂ (Mech. Engineer) (D.O.B. 16/05/2002)** નું અંબેજોગાઈની પ્રખ્યાત સ્વામી વિવેકાનંદ સ્કૂલમાં ૨૦/૭/૨૦૨૫, રવિવારના સંસ્થાના ભૂતપૂર્વ દસ (૧૦) વિદ્યાર્થી જેમણે વિવિધ ક્ષેત્રમાં મોટી પ્રગતિ કરી નામના મેળવી છે તેમાં કુશલનું યુવા ઉદ્યોજક તરીકે સત્કાર કરવામાં આવેલ છે...

નગરપાલિકાના મુકુંદરાજ સભાગૃહમાં રાખવામાં આવેલ મોટા સમારંભમાં સંસ્થાના પ્રમુખ પ્રિન્સિપાલ, ડેપ્યુટી કલેક્ટર શિક્ષણ અધિકારી અનેક અધિકારીઓ સામાજિક અને રાજકીય કાર્યકરો પ્રતિષ્ઠિત નાગરિકોની ઉપસ્થિતિ રહી હતી. **ચિ. કુશલ**ને કુટુંબની કોઈ પાર્શ્વભૂમિ નહીં હોવા છતાં આપણા સમાજના જાણીતાં રેલ્વે કોન્ટ્રાકટર શ્રી અર્જુનભાઈ અને શ્રી દિનેશભાઈ પરમાર (નાના તથા મામા)ના માર્ગદર્શનમાં ૧૮ વર્ષની ઉંમરથી જ એજ્યુકેશન સાથે રેલ્વે ઈલેક્ટ્રીક કોન્ટ્રાકટર તરીકે કામમાં જોડાઈ ગયો અને પ્રગતિ પથ પર વધી રહો છે સાથે તે વિવિધ સામહાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ રસ ધરાવે છે. અંબેજોગાઈના રોટરેક્ટ ક્લબમાં પણ તે સંસ્થાપક સદસ્ય છે તેમજ ગૌશાળા ટ્રસ્ટમાં પણ તે સદસ્ય છે... સાથે સ્વામિનારાયણ સત્સંગમાં પણ તે સક્રીય રહે છે.

**કુશલ ભવિષ્યમાં વધુને વધુ પ્રગતિ કરે અને કુટુંબ તથા સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ..**

:: શુભેચ્છક પરિવારજનો ::

સ્વ. દેવકન્યાબેન નારાયણભાઈ પરમાર (નાના-નાની... અંબેજોગાઈ)
શ્રીમતી ઈન્દુબેન જગમાલભાઈ પરમાર (નાના-નાની.. કલ્યાણ)
શ્રીમતી ચંપાબેન અર્જુનભાઈ પરમાર (નાના-નાની... પરલી)
શ્રીમતી કૃતિકાબેન દિનેશભાઈ પરમાર (મામા-મામી... પરલી)
શ્રીમતી આશાબેન નરેશભાઈ પરમાર (મામા-મામી... અંબેજોગાઈ)
શ્રીમતી હર્ષાબેન ઘનશ્યામભાઈ મારૂ (માતા-પિતા... અંબેજોગાઈ)
શ્રીમતી કવિતાબેન કિરણભાઈ ગોહિલ (મામા-મામી... પરલી
કુમારી પૂર્તિ નરેશભાઈ પરમાર (બહેન)

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Dishi V. Jethwa

**Father** : **Vinod Shantilal Jethwa**
**Mother** : **Veena Vinod Jethwa**
**G. Father** : **Shantilal Odhavji Jethwa**
**G. Mother** : **Kamlaben Shantilal Jethwa**
D.O.B. : 20 February, 1999
Time of Birth : 9.58 am
Place of Birth : Raipur (C.G.)
Height : 5'.5"
Qualification : B.Com. - S.K. Somaiya College, Mumbai
MBA in HR from Dy Patil Uni. Pune
Job : Sr. Officer with CMA CGM Global (India) Pvt. Ltd. (MNC) Business, Services, Airoli, Navi Mumbai
Father's Occ. : Tax Consultant
Lang. Kn. : English, Hindi Gujarati
Native Place : Anjar
Kuldevi : Shree Brahmani Maa
Gotra : Shandilya
**Sibling** : **Jenil Vinod Jethwa (Ygr. Brother)**
**Mosad** : **Late Kantilal Amarsi Rathod**
**Mama** : **CA Pritesh Kantilal Rathod, Raipur (C.G.)**
Pre. Adrs. : Sarvodaya Garden, Pandurangwadi, Dombivali East, Thane 421201 (MH)
Contact No. : 9821389280 (Father)
9870523824 (Mother)
E-mail : vinodjethwa@gmail.com



I'm **Krutagna**, an architect with a storyteller's soul, I write my thoughts and fram moments whole. Lines I draw, not just in design- But in life, with meaning, bold and fine.
I cherish culture, people, and places, Fitness keeps me grounded through life's races. In memories with family and friends I find light, A heart that's gentle, curious, and bright.

## Krutagna Khodiyar (Manglik)

### ARCHITECT

**DOB** : **20-04-2002** **Height** : **5'6"**
**POB** : **Rajkot** **Gotra** : **Atri**
**TOB** : **10.45 am** **Native Place : Anjar (Kutch)**

I am currently employed as an architect at a reputable firm, while also managing my own independent architectural practice on a freelance basis.

**Father** : **Kiranbhai Dayarambhai Khodiyar**
Superintending Engineer (SE) Nadiad-GETCO
**Mother** : **Dinaben Kiranbhai Khodiyar**
Pramukh - Rajkot Mahila Mandal
**Dadi** : **Mayaben Dayarambhai Khodiyar**
**(Lt. Dayarambhai Khodiyar - Dada)**
**Elder Sister** : **Mrs. Devanshi Dhavalbhai Parmar**
(Madhapar-Bhuj) Shasvat Enterprise
**Ygr. Brother** : **Madhav Kiranbhai Khodiyar**
Engineer at Hitachi Hi-Rel Power Enectronics Gandhinagar
**Nani** : **Shantaben Suryakantbhai Vegad**
**(Lt. Suryakantbhai Vegad - Nana)**
**Mama-Mami** : **Kiranbhai Suryakantbhai Vegad**
**Jaishreeben Kiranbhai Vegad**
**Pravinbhai Suryakantbhai Vegad**
**Naynaben Pravinbhai Vegad**
VEGAD SOUND - Anjar
Address : "CHITRAKUT", Railnagar-3, Jamnagar Road, Rajkot - 6
**Contact** : **9925206984, 9712659411**

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Paawan Chawda

Date of Birth : 13th June 1997
Time of Birth : 08:25 pm
Place of Birth : Durg (C.G.)
Gotra : Kashyap
Kuldevi : Shri Brahmani Maa (Devalia)
Native Place : Sinugra
Height : 5'3"
Education : Masters in Sustainable Architecture - SPA Vijayawada
Occupation : Sustainability Engineer, Bengaluru (Kar.)
**Father** : **Shri Pankaj Chawda**
Businessman (9343393290)
**Mother** : **Smt. Minal Chawda** - 9481632290
**Dadaji** : **Shri Arvind Harilal Chawda**
**Dadi** : **Smt. Harshada Chawda** - 7019639132
**Fai** : **Smt. Geetanjali Tank** (Pune, MH)
**Fua** : **Shri Ketan Tank** (Pune, MH)
**Mosad** : Durg (Chhattisgarh)
**Nana** : **Lt. Kishorebhai Solanki**
**Nani** : **Smt. Aruna K. Solanki**
**Mama** : **Shri Lokesh Solanki**
**Mami** : **Smt. Jayshree Solanki**
**Mama** : **Shri Nikunj Solanki**
**Mami** : **Smt. Dipti Solanki**
Address : #218, "Paawan", KHB Colony, Chamarajanagar, Mysuru, Karnataka - 871313



## Monika Rathod

D.O.B. : 07-01-1999
Birth Time : 11:47 am
Birth Place : Gondia (MH)
Height : 5'4"
Address : Near Powar Boarding, Gondia (MH) 441614
Education : Bachelors of Engineering (Computer & TEchnology) MIET, Gondia
Job : Ericsson, Bangalore (Present)
**Father** : **Sunilbhai Virjibhai Rathod**
Mo. 9421810381
**Mother** : **Ranjanben Sunilbhai Rathod**
Mo. 7517794156
**Gr. Father** : **Lt. Virjibhai Rathod**
**Gr. Mother** : **Lt. Shantaben Rathod**
**Sister** : **Hardika Bijal Patel** (Married, Pune)
**Brother** : **Karan S. Rathod** (Working TCS)
Native Place : Khedoi (Kutch-Gujarat)
Kuldevi : Shree Chamunda Maa
Gotra : Gautam
**Nana** : **Mohanlalbhai L. Chawda**
Mo. 9303214604
**Nani** : **Laxmiben M. Chawda**
**Mama** : **Pritesh M. Chawda** - Mo. 9827117228
**Mami** : **Neha P. Chawda**
Address : Shrinagar, Raipur (C.G.)

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રીમતી અન્નપુર્ણાબેન લલિતકુમાર ચાવડા

**જન્મ તા. ૧૨–૧૨–૧૯૪૮ સ્વ. તા. ૨૧–૦૭–૨૦૨૫**

**મુળ ગામ : ચંદિઆ, હાલ મુકામ : મુન્દ્રા (કચ્છ)**

"जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।  तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ।।"

– શ્રીમદ્ ભગવદ્ ગીતા ૨/૨૭

આંસુઓના તોરણ બાંધી ગઇ તમારી આ વિદાય. વિજળીના ચમકારાની જેમ ક્ષણભર માટે આંખો ખોલી અને કંઇક સંદેશ આપતી હોય એમ, પરંતુ ઉતાવણી હતી એમ બીજી જ ક્ષણે આંખો બંધ કરી દીધી. જાણે મનની વાત અધુરી રહી ગઇ, મને લાગ્યું જાણે મને એક અંધકારમાં છોડીને ચાલી ગઇ. જીવનમાં તમારા અથાક પરિશ્રમથી વિકસાવેલી ગૃહસ્થજીવનની આ ફુલવાડી હવે કેમ સચવાશે ?

આપની પાછળ સમગ્ર પરિવાર જાણે સુનો સુનો થઇ ગયો છે. આપ જ્યાં પણ છો પરમ કૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને પરમ શાંતિ આપે એવી અમો સૌ ઈશ્વર પાસે અમારા હૃદયના ઉંડાણથી પ્રાર્થના કરીએ છીએ. ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શૌકમગ્ન પરિવારજનો ::

| | | | |
|---|---|---|---|
| લલિતકુમાર કાનજીભાઇ ચાવડા | પતિ | અ.સૌ. શ્રદ્ધાબેન કલ્પેશભાઇ રાઠોડ | પુત્રી |
| આશિષ લલિતકુમાર ચાવડા | પુત્ર | કલ્પેશકુમાર ડોલરરાય રાઠોડ | જમાઇ |
| અ.સૌ. મમતાબેન આશિષ ચાવડા | પુત્રવધુ | અ.સૌ. દર્શનાબેન પરેશભાઇ વરૂ | પુત્રી |
| | | પરેશકુમાર જયંતિલાલ વરૂ | જમાઇ |

**આપની ફુલવાડીના પુષ્પો : ધૈર્ય, મનશ્રી, ઉદીતા, પ્રીશા**

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## રાયપુર ઘટક



તારીખ ૧૩.૭.૨૦૨૫ રવિવારના રાયપુર ઘટક દ્વારા ત્રિવાર્ષિક સામાન્ય સભા શ્રી ક્ષત્રિય સેવા સમિતિ ભવનમાં રાખવામાં આવેલ હતી જેમાં વિભિન્ન એજન્ડા પછી પ્રમુખશ્રીની ચૂંટણીના એજન્ડામાં શ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલ વગર ચૂંટણીની વર્ણી એટલે સર્વ સમ્મતિ થી રાયપુર ઘટકના પ્રમુખ પદે પ્રમુખ પદે આસીન થયા.

ત્યાર બાદ ચુંટણી અધિકારી શ્રી રમેશભાઈ ચાવડાએ પુષ્પહાર પેહરાવીને શ્રી હેમંતભાઈ ગોહિલનું સમ્માન કર્યું અને વિભિન્ન સંસ્થાઓનાં પ્રમુખ અને પદાધિકારી દ્વારા અને સમાજબાંધવો દ્વારા તેમનું પુષ્પહારથી સ્વાગત કરી હેમંતભાઈને ખૂબ ખૂબ બધાઈ દેવામાં આવી. આપણા સમાજના ગોર મહારાજ ભીલાઈ નિવાસી ભાગવત કથાકાર શ્રી પ્રકાશભાઈ જોશી મહારાજ પોતાના રાયપુર પ્રવાસે આવેલ અને શ્રી હેમંતભાઈ ગોહિલના ઘરે જઈ અને તેમને બધાઈ આપી હતી. ત્યારબાદ મહારાજ શ્રી એ સમાજ માં એક સંગીતમય હનુમાન ચાલીસા પાઠનો આગ્રહ કર્યો જેને શ્રી હેમંતભાઈ એ સહર્ષ સ્વીકાર કર્યો હતો. દર મહિને આખરી શનિવારના (૨૬.૭.૨૦૨૫) થતા હનુમાન ચાલીસા પાઠમાં શ્રી પ્રકાશભાઈ જોશી એ પોતાની ઉપસ્થિતિ થી ખૂબ સારો એક સંગીતમયી હનુમાન ચાલીસાનો પાઠ કર્યો, જેમાં રાયપુર ઘટકના સભ્યો ઝૂમી ઊઠ્યા, અને રાસ ગરબા પણ કરવાં માં આવ્યા. અંતમાં શ્રી હેમંતભાઈ દ્વારા મહારાજનું સાલ અને શ્રીફળ થી સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ હેમંતભાઈએ પોતાના પદાધિકારીઓના નામોની ઘોષણા કરી. જે આ પ્રમાણે છે. શ્રી હેમંત હરિરામભાઈ ગોહિલ-પ્રમુખશ્રી, શ્રી હિતેશ મગનભાઈ વરુ અને શ્રી સતિષભાઈ રતિલાલભાઈ ચાવડા - ઉપપ્રમુખશ્રીઓ, શ્રી રાજેશ કાંતિપ્રસાદ રાઠોડ અને શ્રી ઉદય અરુણભાઈ વરુ - મંત્રીશ્રીઓ, શ્રી રવિન્દ્ર દેવરામભાઈ પરમાર, શ્રી આશિષ



બાબુભાઈ ટાંક, શ્રી ચંદુભાઈ બેચરભાઈ ચૌહાણ અને શ્રી યુધિર માધવજીભાઈ વરુ - સહમંત્રીશ્રીઓ, શ્રી દિલીપ કેશવજીભાઈ ચાવડા - ખજાનચી શ્રી અને સહજાનચીના રૂપે શ્રી પ્રિતેશ મોહનભાઈ ચાવડાનાં નામની ઘોષણા કરવામાં આવી હતી. બે કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. બધાય પદાધિકારીઓને મહારાજશ્રીનાં હસ્તે આશીર્વાદ અને પદભાર દેવામાં આવ્યો હતો. શ્રી હનુમાન દાદાની આરતીના બાદ શ્રી હેમંતભાઈ દ્વારા પોતાનો ઉદબોધનમાં સમાજના માટે ખૂબ સારી રીતેથી આગળ કાર્ય માટે પ્રતિબદ્ધતા બતાવી અને સમાજની વિભિન્ન સંસ્થાને સાથે લઈ અખિલ ભારતીય સ્તરે થતા કર્યોને સારી રીતેથી સંપન્ન કરાવવાનો વિચાર વ્યક્ત કર્યો. ત્યાર બાદ હનુમાન દાદાની આરતી પછી, બધાય ઉપસ્થિત સભ્યો એ પ્રસાદ ગ્રહણ કર્યો. ત્યાર બાદ તારીખ ૩૧.૭.૨૦૨૫ના રાયપુર ઘટક દ્વારા એક મીટિંગ રાખવામાં આવેલ હતી, જેમાં વિભિન્ન પ્રકોષ્ઠનું નિર્માણ કરવામાં આવ્યું અને પ્રકોષ્ઠમાં રહેતા સભ્યોનાં નામની ઘોષણા કરવામાં આવી. ત્યાર બાદ મહાસભા ઘટકોનાં આંગણે આપણી મહાસભા ના આદરણીય પ્રમુખશ્રી સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકીનાં છત્તીસગઢ અને

ઓરિસ્સા પ્રવાસની રૂપરેખા તૈયાર કરવામાં આવેલ. જેની મીટિંગ તારીખ ૧૭.૭.૨૦૨૫ના શ્રી સેવા સમિતિ ભવન રાયપુરમાં રાખવામાં આવેલ. જેમાં સમાજના ગણમાન્ય સભ્યો સાથે ઘટક અંતર્ગત આવતી સંસ્થાના પદાધિકારીઓ ઉપસ્થિત હતા અને પ્રમુખશ્રીનાં કાર્યક્રમને વીહદ રૂપે તારીખ ૨૪.૮.૨૦૨૫ના નક્કી કરવામાં આવ્યું હતું.

## હાજાપર ઘટક

પ્રમુખ શ્રી કેતનભાઇ ચૌહાણે પ્રથમ હાજાપર સમાજ ભવનની પ્રગતિનો સર્વે કમીટી મેમ્બરોને અભિનંદન આપેલ હતા.



તા. ૧૨-૦૭-૨૦૨૫ના રોજે હાજાપર ઘટકની મીટીંગ રાખવામાં આવેલ હતી. મુખ્ય એજન્ડા પ્રમાણે હાજાપર સમાજભવનની પ્રગતિના એક ભાગરૂપે ગ્રેનાઇટ બારીઓ, ફ્રેમ, લોખંડની ગ્રીલ અને ફ્લોરીંગ-કોટા સ્ટોન, ટાઇલ્સ સાથે સાથે સમાજભવનની કમ્પાઉન્ડ દિવાલ વિષે વિચારણા થયેલ હતી. અમુક કાર્યો પર નિર્ણય નક્કી થયા અને અમુક નિર્ણયો આવતી મીટીંગમાં લેવાના તેમ નક્કી થયું. સમાજ ભવનના આર્કીટેક અશ્વીનભાઇ ચાવડાએ ભવિષ્યને ધ્યાનમાં રાખીને જરૂરી સુચનો અને ફેરફાર તરફ ધ્યાન દોર્યું હતું.

ત્યાર બાદ ગત મહિને લગાવેલ મહત્વના સીસીટીવી કેમેરાના કોન્ટ્રાક્ટર મુળ હાજાપરના હિતેશભાઇ પરમાર પધારેલ. સર્વે કમીટી મેમ્બરોને સીસીટીવી વિષે સંપૂર્ણ માહિતી આપેલ હતી. આ કેમેરા દ્વારા પ્રાચીન ઠાકર મંદિરની સાધન-સામગ્રીની પણ સુરક્ષા થઇ ગયેલ છે. હાજાપર ઘટકની કમિટી, કુકમા ઘટકના પ્રમુખ શ્રી કેતનભાઇ ચૌહાણના નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાત રાખેલ હતી. આનંદમય વાતાવરણમાં પ્રતિષ્ઠિત કુકમા ઘટકના હાજાપર ઘટકના પ્રમુખ નવીનભાઇ યાદવે હાજાપર ઘટકની પ્રવૃત્તિ અને સમાજ ભવન વિષે વિસ્તૃત માહિતી આપેલ હતી.

પ્રસંગને અનુરૂપ હાલ ચાલી રહેલી મહાસભાની ઉત્કૃષ્ટ સામાજીક કાર્યોની બંને ઘટકોએ વિચારોની આપ-લે કરી હતી. વિશેષમાં કુકમા ઘટકના પ્રમુખશ્રીએ હાજાપર ઘટકને કોઇપણ પ્રકારની મદદરૂપ થવા તૈયાર રહેશે તેવું જણાવ્યું હતું. આ શુભેચ્છા મુલાકાતમાં ટી.ડી.ઓ. શૈલેષભાઇ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાતમાં સમાજ ભવનના મુખ્ય દાતા શ્રી વલમજીભાઇ વાઘેલા, મંત્રી શ્રી ઇશ્વરલાલભાઇ પરમાર, ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમાર, કમીટી મેમ્બર અશ્વીનભાઇ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

વિશેષમાં સેતુ સમાજ સંદેશના દરેક અહેવાલમાં અચુક જણાવવામાં આવે છે કે આપશ્રી કે આપશ્રીના સગાસંબંધીના મકાન, ખેતર, વાડી હાજાપર-હરૂડી ગામમાં હોય તો જરૂરથી હાજાપર ઘટક પ્રમુખશ્રી નવીનભાઇ યાદવ (મો. ૯૮૨૧૮૪૦૧૫૯) નો સંપર્ક કરવો જેથી મદદરૂપ થઇ શકાય.



# માધાપર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા સર્વે સમાજના બાળકો માટે સુવર્ણપ્રાશન ટીપાનો નિઃશુલ્ક છઠ્ઠો કેમ્પ સમાજ ભવન મધ્યે તા. ૨૫-૦૭-૨૦૨૫ના રોજ યોજાયો હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૧૨૮ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિઃશુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ઘટકના સહમંત્રી તથા પ્રોજેક્ટ ચેરમેન દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડા તથા કાન્તીભાઇ વિશ્રામભાઇ સોલંકી અને રાજેશભાઇ રસીકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવી હતી અને તેમના વરદ હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતા. સાતમો કેમ્પ તા. ૨૧-૦૮-૨૦૨૫, ગુરૂવારના રોજે યોજાશે. જેમાં તમામ સમાજના બાળકોને લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ.

માધાપર ઘટક અને રામકૃષ્ણ મઠ-ભુજ દ્વારા આયોજીત દરેક સમાજ માટે નિઃશુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પ માધાપર સમાજ ભવન મધ્યે તા. ૧૩-૦૮-૨૦૨૫ના બુધવારના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં ઘટકના પ્રમુખ શ્રી જયંતિભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ દરેક સમાજના લોકો માટે ફ્રીમાં નિદાન કરી ફ્રીમાં દવાઓ આપવામાં આવેલ હતી. રામકૃષ્ણ મઠ ભુજના ડૉ. યશ્વી પરમાર અને ડૉ. હિરલ આહિરે સેવા આપેલ હતી. નિઃશુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પમાં કુલ ૪૬ લોકોએ પોતાના શરીરનું નિદાન કરાવેલ હતું.



કેમ્પમાં માધાપર ઘટકના મંત્રી શ્રી દિપકભાઇ નરસિંહભાઇ ચૌહાણ, કચ્છ પ્રા.ના ઉપપ્રમુખ શ્રી કમલેશભાઇ પરમાર, માધાપર ઘટકના સહમંત્રી દિનેશભાઇ ચાવડા અને રાજેશભાઇ ચાવડાએ વ્યવસ્થા સંભાળેલ હતી.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા તા. ૧૫-૦૮-૨૦૨૫ના ૭૯માં સ્વાતંત્ર દિવસના સવારે ૯ કલાકે ઘટક પ્રમુખ શ્રી જયંતીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદન રાખવામાં આવેલ. જેમાં માધાપર ઘટકના ખજાનચી શ્રી મનોજભાઇ જયંતિલાલ ટાંકના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ હતો. જેમાં સમાજના મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ.



શ્રી મનોજભાઇ સોલંકી, કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, મહિલા મંડળ, યુવા મંડળ, યુવતી મંડળના હોદ્દેદારો તેમજ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, ભારતના નાગરિક તરીકે આપણા સૌની ફરજ છે કે રાષ્ટ્ર પ્રત્યે જાગૃત રહી જીવન જીવવું જોઇએ અને દેશ માટે પોતાનાથી થઇ શકે તેવું સત્કાર્ય કરી દેશભક્તિના યજ્ઞમાં આહુતિ આપવી જોઇએ. કાર્યક્રમનું સંચાલન સહમંત્રી શ્રી દિનેશભાઇ ચાવડાએ કર્યું હતું. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર



સમાજ ભવન ખાતે છેલ્લા ૧૪ વર્ષ થી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ચાલતા દૈનિક નિઃશુલ્ક વર્ગ માં નિયમિત આવતા ભાઈઓ તથા બહેનોનો પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે કડીયાધૌ, વિથોણ ખેતા બાપા સ્થાનક મંદિર, દાદા-દાદી પાર્ક, ફોટ મહાદેવ મંદિરના સ્થળોના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડીલોએ ધાર્મિક સ્થળોની યાત્રા ઉપરાંત પ્રાકૃતિક સૌંદર્યની મજા માણી હતી. પ્રવાસના આયોજનની વ્યવસ્થા યોગ શિક્ષક શ્રી નરેન્દ્રભાઇ જાદવજી વાઘેલા, શ્રી ગૌવર્ધનભાઈ હરીલાલ ચૌહાણ, શ્રી ગીરીશભાઈ હીરજીભાઈ ચૌહાણ તથા શ્રી છોટાલાલ ભાઈ વરૂએ સંભાળેલ હતી.

## પૂર્વ ઓડિશા પ્રા.સમિતિ

ડિસેમ્બર મહિનામાં પુરીમાં આયોજીત થનારી સમુહ ભાગવત કથા તથા મહાસભાનું વાર્ષિક અધિવેશન વિષે આ સભામાં ચર્ચા




કટક મધ્યે તા. ૦૩-૦૮-૨૦૨૫, રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિ તથા પશ્ચિમ ઓડિશા પ્રાદેશિક સમિતિની સંયુક્ત સભા રાખવામાં આવેલ હતી. જેમાં પ્રાદેશિક સમિતિ અંતર્ગત ઘટકોના પદાધિકારીઓ, મહાસભાના પદાધિકારીઓ તથા રાયપુર ઘટકના હોદ્દેદારો પણ ઉપસ્થિત હતા. મંચ પર મહાસભા પૂર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઇ પરમાર, મહાસભા ઉપપ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડા, મંત્રી શ્રી કિશોરભાઇ ટાંક, કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઇ વરૂ, પૂર્વ ઓડિશા પ્રા. પ્રમુખ શ્રી દિનેશભાઇ ટાંક, પશ્ચિમ ઓડિશા પ્રા. પ્રમુખ શ્રી નિતીનભાઇ વરૂ, કટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ ટાંક, રાયપુર ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ ગોહિલ, શ્રી વિનોદભાઇ ટાંક, પ્રાદેશિક મંત્રી શ્રી મનોજભાઇ ચાવડા, શ્રી રસિકભાઇ પરમાર, શ્રી હેમંતભાઇ ચૌહાણ, શ્રીમતી પ્રતિમાબેન પરમાર, શ્રીમતી રીટાબેન ટાંક, શ્રી ધીરૂભાઇ પરમાર, શ્રી રૂધીરભાઇ વરૂ, શ્રી જયેશભાઇ વરૂ તથા શ્રી રાજેશભાઇ રાઠોડ બીરાજમાન હતા.

કરવામાં આવી હતી. અતિથિઓ દ્વારા દીપ પ્રજ્વલિત કરી તથા કટક મહિલા મંડળની બહેનો દ્વારા પ્રભુ પ્રાર્થનાની સાથે આ સભા શરૂ થઇ હતી. પૂર્વ ઓડિશા પ્રા. પ્રમુખ શ્રી દિનેશભાઇની અધ્યક્ષતામાં આયોજીત આ સભામાં સૌ પ્રથમ કટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇએ અતિથિઓનું સ્વાગત કર્યું હતું તથા તેમનો પરિચય પ્રદાન કર્યો હતો. કટક ઘટકના મહાનુભાવો દ્વારા અતિથિઓને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ હતા. અતિથિઓ દ્વારા વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવેલ



હતું. ત્યાર બાદ સર્વે અતિથિઓએ પુરી મધ્યે ડિસેમ્બર મહિનામાં આયોજીત થનારી સમુહ ભાગવત કથા વિશે જાણકારી આપી હતી તથા ઉપસ્થિત ભાઇઓ તથા બહેનોએ આ ચર્ચામાં ભાગ લીધો હતો. ભાગવત કથા માટે દાન-દાતાશ્રીઓને અતિથિઓએ સન્માનિત કર્યા હતા. અંતમાં સ્વાદિષ્ટ ભોજનની સાથે આ કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

## બિલાસપુર ઘટક



૧૫મી ઓગષ્ટ ૨૦૨૫ના બિલાસપુર ઘટક આંગણે રાષ્ટ્રીય તપર્વ ૭૯માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય અતિથિ રૂપે સમાજના વરીષ્ઠ માતૃ તુલ્ય આદ. ગં.સ્વ. ભાગીરથીબેન રતિલાલભાઇ ટાંક દ્વારા ઝંડારોહણ કરવામાં આવ્યું. ઘટક પ્રમુખ શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણ દ્વારા મુખ્ય અતિથિનું શાલ તથા પુષ્પગુચ્છથી સમ્માન કરવામાં આવ્યું હતું. ઝંડારોહણ પછી રાષ્ટ્રગાન સાથે તિરંગાને સલામી આપવામાં આવી હતી. પોતાના ઉદ્‌બોધનમાં મુખ્ય અતિથિએ ઘટકને આભાર આપવા માટે એક સરસ ગીત પણ ગાયું હતું.

ઘટક પ્રમુખ શ્રી અંબાલાલભાઇ ચૌહાણ દ્વારા ઉદ્‌બોધનમાં સ્વતંત્રતા દિવસની શુભેચ્છા સાથે સમાજ પ્રગતિમાં સાથ માટે સહુને ધન્યવાદ આપ્યો હતો. ઘટક મંત્રી શ્રી ભાવેશભાઇ નરસીભાઇ ગોહિલ દ્વારા શુભેચ્છા સાથે મહાસભા પ્રમુખશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજીની ઘટક આંગણે શુભેચ્છા મુલાકાત વિશેની રૂપરેખા આપી હતી. છ.ગ. પ્રાદેશિક પ્રમુખ શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ દ્વારા મહાસભા પ્રમુખશ્રીનાં છત્તીસગઢ પ્રાદેશિક પ્રવાસની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ અવસરે મુખ્ય અતિથિ દ્વારા શુભેચ્છાથી રૂા. ૧૦,૦૦૦ની શુભેચ્છા ભેટ ઘટકને આપવામાં આવી હતી. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ભારતીબેન યોગેનભાઇ રાઠોડ, ચેરપર્સન શ્રીમતી શર્મિલાબેન ભુપેશભાઇ ચાવડા, શ્રીમતી પુષ્પાબેન મનસુખભાઇ ચૌહાણ, શ્રી મહેન્દ્રભાઇ કેશવજીભાઇ રાઠોડ, યુવા મંડળ ઉપપ્રમુખ શ્રી હનીસભાઇ મુરારીલાલભાઇ પરમાર દ્વારા પોતાના વિચારો રાખવામાં આવ્યા હતા. ઘટક કાર્યકારિણી, મહિલા મંડળ તથા યુવા મંડળ દ્વારા સક્રિય રીતે સહયોગ આપવામાં આવ્યો હતો.

## કેંજોરગઢ ઘટક

દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૫-૦૮-૨૦૨૫ સ્વાતંત્ર્ય દિવસના અવસર પર સમાજવાડીમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. મુખ્ય અતિથિ તરીકે શ્રી ગીરધરલાલ વેલજીભાઇ રાઠોડના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ શિવલાલ પરમાર, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન જાદવજીભાઇ યાદવ તથા યુવા મંડળ મંત્રી શ્રી દેવેનભાઇ મુકુંદભાઇ સોલંકીએ પુષ્પગુચ્છ આપી તથા સાલ ઓઢાડી અતિથિઓનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ અતિથિના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. સૌએ



રાષ્ટ્રગીત ગાયું હતું.

ઘટક મંત્રી શ્રી મનોજભાઇ પી. ચાવડાએ અતિથિ તથા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું આ કાર્યક્રમમાં સ્વાગત કર્યું હતું. તે પછી શ્રીમતી રીતાબેન કિશોરભાઇ રાઠોડ, શ્રી અંશ રાજેશભાઇ રાઠોડ તથા શ્રી જયકરભાઇ ગીરધરલાલ રાઠોડે ઉદ્‌બોધન આપ્યું હતું તથા દેશભક્તિ ગીત ગાયું હતું. યુવા મંડળ મંત્રી શ્રી



દેવેનભાઇ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન તથા ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇએ પોત-પોતાનું ઉદ્‌બોધન આપ્યું હતું. ત્યાર બાદ અતિથિશ્રી ગીરધરલાલભાઇએ પોતાના ઉદ્‌બોધનમાં સમાજના દરેક કાર્યમાં સૌ ભાઇ-બહેનો હોંશભેર ભાગ લઇ તેને સફળ કરવા કહ્યું હતું. અંતમાં ઘટક ઉપપ્રમુખ શ્રી કૌશિકભાઇ પુરૂષોત્તમભાઇ ટાંકે અતિથિ તથા સૌ મહાનુભાવોનું આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ત્યાર બાદ સૌ અલ્પાહાર લઇ છુટા પડ્યા હતા.

## કુકમા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કુકમા ઘટક દ્વારા તા. ૧૭-૦૮-૨૦૨૫ના રોજ વિદ્યાર્થી ઉત્કર્ષને વેગ આપવા તથા વિદ્યાર્થીઓને સન્માનવા માટે સરસ્વતી સન્માન સમારોહ ઘટક પ્રમુખ શ્રી કેતનભાઇ એચ. ચૌહાણના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ હતું. જેમાં નર્સરીથી એમ.બી.બી.એસ. અને વિશેષ સિદ્ધી સુધીના ૧૧૫ વિદ્યાર્થીઓને ઉપયોગી ગીફ્ટ સાથે સર્ટીફીકેટ આપવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવેલ હતી. ત્યાર બાદ ભાવેશ સોલંકીના સુર સાધના ગ્રુપ દ્વારા માતા સરસ્વતીને સંગીતમય ભાવ અર્પણ કરવામાં આવેલ હતો. જિલ્લા કક્ષાએ ભારતનાટ્યમ ક્ષેત્રે ઘટકનું ગૌરવ વધારનાર કુ. જિયા કપિલભાઇ સોલંકી દ્વારા સુંદર મજાની ભગવાન ગણેશજીના નૃત્ય સાથે સ્તુતિ રજુ કરેલ. આ કાર્યક્રમમાં પધારેલ ગામના સરપંચ શ્રી રસીલાબેન રાઠોડ, કચ્છ પ્રા.સ.ના મહામંત્રી અને કેળવણી મંડળના મંત્રી શ્રી અનિલભાઇ ડી. ચૌહાણ, કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ શ્રી મુકુંદભાઇ પરમાર, કન્યા છાત્રાલય મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણ, અ.ભા.મહિલા મહામંડળ મંત્રી શ્રીમતી ઉષાબેન ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી શોભનાબેન, યુવા મંડળ પ્રમુખ શ્રી ઉતમભાઇ, સિનિયર સિટીઝન પ્રમુખ શ્રી નરેશભાઇ, યુવતી મંડળ પ્રમુખ શ્રીમતી આનંદીબેન તથા ઉપસ્થિત સૌ સમાજબંધુઓ અને બાળકોનું ઘટકના મંત્રી શ્રી દિલીપભાઇ ટાંકએ પ્રાસંગીક સ્વાગત કરેલ હતું.

પ્રાસંગીક ઉદ્‌બોધનમાં શ્રી મુકુંદભાઇએ સમગ્ર કાર્યક્રમને બિરદાવેલ સાથે નાનાથી મોટા વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે શુભકામના આપેલ. પ્રાદેશિક મહામંત્રી શ્રી અનિલભાઇએ વિદ્યાથી ઉત્કર્ષના કાર્ય માટે ઘટકની ટીમને અભિનંદન પાઠવેલ હતા સાથે ભૂતકાળના ઘટકના સંસ્મરણો વાગોળેલ હતા, સમાજના અંજાર ભવન મધ્યે કાર્યરત કે.જી.કે. વોકેશનલ કોલેજના કોર્ષ વિશે માહિતી આપી હતી. ગામમાં એસ.એસ.સી.માં એ-૧ ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને સવિશેષ નોંધ લઇ અભિનંદન પાઠવેલ હતા. સમાજના એકમાત્ર કન્યા છાત્રાલય કુકમાના મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણે પોતાના વકતવ્યમાં જણાવેલ કે વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક કાર્ય માટે

ઘટકની ટીમની પ્રશંસા કરી અને વિદ્યાર્થીઓને વધુ જોમ-જુસ્સા સાથે મહેનત કરી આવતા વર્ષે ઇનામો પ્રાપ્ત થાય એવી લાગણી વ્યક્ત કરેલ હતી. વિદ્યાર્થી પ્રતિભાવ માટે કુ. નિધિ જયેશભાઇ પરમર, કુ. સ્તુતિ જીતેન્દ્રભાઇ યાદવ, કુ. વંશીકા ઉમંગભાઇ પરમાર એ ઘટક દ્વારા થતી આ પ્રવૃત્તિને બિરદાવી હતી અને ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને ફળની આશા રાખ્યા વગર નિઃસ્વાર્થ ભાવે મહેનત કરવા જણાવેલ હતું.

શ્રી જયસુખભાઇ પરમાર દ્વારા ઇનામ મેળવનાર સૌ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતમાં ઘટક પ્રમુખ શ્રી કેતનભાઇએ પોતાના વકતવ્યમાં ઘટકની નવનિયુક્ત ટીમ પર વિશ્વાસ રાખીને રૂા. ૬૦ હજાર જેટલા માતબર અનુદાન આપવા બદલ સૌ દાનદાતાશ્રીઓનો આભાર વ્યક્ત કરેલ હતો. કુકમા ઘટકના સ્નેહમય આમંત્રણથી કેળવણી મંડળ દ્વારા આયોજીત પ્રાદેશિક કક્ષાના સરસ્વતી સન્માન સમારોહના ચાલુ સાલે આયોજીત થનાર સમારોહની જાણકારી આપેલ હતી

ભૂતકાળમાં આયોજીત બે મહાકથા જેમ આગામી વર્ષે કુકમા ઘટક દ્વારા સમુહ ભાગવત કથાનું આયોજન કરવાનો સંકલ્પ જણાવેલ હતો સાથે ઘટક દ્વારા તૈયાર ડિજીટલ વસ્તીપત્રકને સોવેનિયર રૂપ આપીને સ્મારિકા સ્વરૂપે વસ્તીપત્રકનો અંક બનાવવાની વાત જણાવેલ હતી અને આ માટે છેલ્લા કલર કવર પેજના દાતાશ્રી તરીકે રૂા. ૨૫૦૦૦નું અનુદાન ઘટક પૂર્વ પ્રમુખ શ્રી શશિકાન્તભાઇ હેમરાજભાઇ ચૌહાણ પરિવાર દ્વારા પ્રાપ્ત થયેલ છે. આ જાહેરાતને ઉપસ્થિત સૌએ તાડીઓના ગડગડાટથી વધાવી હતી અને અંતમાં પ્રમુખશ્રીએ નવા વર્ષના દિવસે ઘટકનું જ્ઞાતિ ભોજન આયોજીત કરવાની જાહેરાત કરેલ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઘટક ઉપપ્રમુખ શ્રી ઉમેશભાઇ ચૌહાણ, સહમંત્રી શ્રી ઉમંગભાઇ પરમાર, સરસ્વતી સન્માન સમિતિ સંયોજક શ્રી પિયુષભાઇ ટાંક દ્વારા કરવામાં આવેલ હતું. મંત્રી શ્રી દિલીપભાઇ ટાંક, ઘટક પ્રચાર-પ્રસાર સંયોજક શ્રી અંકિતભાઇ ચૌહાણ, પંકજભાઇ ચૌહાણ, વિપુલભાઇ ચૌહાણ, યોગેશભાઇ ટાંક, પાર્થભાઇ પરમાર, પર્વ ચૌહાણ, રીધમ ટાંક, ગૌરવ પરમાર, અરવિંદભાઇ ચૌહાણ સાથે ઘટક કારોબારી સભ્યો, મહિલા મંડળ, યુવા મંડળ ટીમએ વ્યવસ્થા સંભાળી હતી. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગાન ગાઇ અને અલ્પાહાર ગ્રહણ કરીને કાર્યક્રમ પૂર્ણ ઘોષિત કરવામાં આવેલ હતો.

## ગુજરાત પ્રા. સમિતિ

મહાસભા દ્વારા આયોજીત, લક્ષ્ય સમિતિ દ્વારા પ્રસ્તુત, ગુજરાત પ્રાદેશિક સહકારીત, અમદાવાદ ઘટક ને આંગણે યોજાયેલ બિઝનેસ કનેક્શન મીટનું આયોજન અમદાવાદની પ્રખ્યાત મેનેજમેન્ટ એસોસિએશનનાના એરકન્ડિશન હોલમાં યંગ ઇન્ટરપ્રિન્યોરશીપની વિશાળ હાજરીમાં તા. ૧૩/૦૭/૨૫ ને રવિવારના દિવસે યોજવામાં આવેલ હતી.

આ મેગા સક્સેસ મીટમાં મહાસભાના પ્રમુખશ્રી આદરણીય સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી સાહેબ તેમજ પુર્વ પ્રમુખ શ્રી કુંવરજીભાઈ રણછોડભાઈ ટાંક સાહેબ, વરિષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા, ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ, ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ નાનાલાલભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ, વ.મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર, લીગલ એડવાઈઝર એડવોકેટ શ્રી ભગવાનભાઈ રાઠોડ, ઝોનલ પ્રમુખ શ્રી પ્રભુલાલભાઈ ભવાનભાઈ રાઠોડ, ગુજરાત પ્રાદેશિક પ્રમુખ શ્રી રસિકભાઈ હરીલાલ ચૌહાણ, શ્રી તુષારભાઈ



મોહનલાલ ચૌહાણ, અમદાવાદ ઘટક પ્રમુખ શ્રી દયારામભાઈ ભોવાનભાઈ રાઠોડ, યુવા મંડળ પ્રમુખ શ્રી યશ્વિન ચૌહાણ, તેમજ બિઝનેસ માધાતા શ્રી વિપિનભાઈ દેવરામભાઈ રાઠોડ, શ્રી સુભાષભાઈ ચાવડા, શ્રી મોહિતભાઈ વિનોદભાઈ સોલંકી, શ્રી ડો.અભિષેકભાઈ પરમાર, શ્રી જગદીશભાઈ વરૂ, શ્રી હિતેશભાઈ ચૌહાણ, શ્રી હિતેષભાઈ સોલંકી, શ્રી આષિસભાઈ વેગડ, શ્રી યષવંતભાઈ રાઠોડ, શ્રી જીગર ખોડિયાર, શ્રી રાજેશ ચાવડા, શ્રી સંદિપ ચાવડા, શ્રી હિરાલાલ કેશવજીભાઈ ખોડિયાર, શ્રીમતિ શકુંતલાબેન વાઘેલા, શ્રી નરોત્તમભાઈ જેઠવા, શ્રી દુર્ગેશભાઈ ચૌહાણ. તેમજ ભારતભરમાંથી યુવાઓ ખુબજ બહોળી સંખ્યામા હાજર રહી આજની મીટમાં પધારી લક્ષ્ય સમિતિના સફળ આયોજનના સાક્ષી થયા. મહાસભાની લક્ષ્ય સમિતિના




પ્રભારી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણના નેજા હેઠળ યોજાયેલ અમદાવાદ બિઝનેસ કનેક્ટિંગ મીટ ખુબજ સફળ રહી. મીટનું એન્કરિંગ શ્રીમતિ માધુરીબેન ચેતનભાઈ ટાંક દ્વારા ખુબજ પ્રભાવશાળી રીતે કરવામાં આવેલ. લેપટોપ ઉપર ડિજીટલ ડેટા શેરીંગ કુ.ડિમ્પલ દિપકભાઈ ચૌહાણ દ્વારા ખુબજ માઈક્રોનિકલ રીતે તૈયાર કરી રજુ કરવામા આવેલ. ડો.અભિષેકભાઈ પરમાર અને શ્રી હિતેષભાઈ ચૌહાણ ની ઝીણવટ ભરી તૈયારીઓના ભાગ રૂપે આજની મીટને ચાર ચાંદ લાગી ગયા હતા. લક્ષ્ય સમિતીના મુખ્ય પ્રભારી શ્રી પરેશભાઈ ચૌહાણની તન-મન-ધન સાથે તેમની સંપૂર્ણ સ્વૈરછીક ડેડિકેશન સાથે કામને સફળતાપૂર્વક અંતિમ પડાવ સુધી લઈ જવાના વિઝનને કારણે તેમજ ટીમ વર્કના કારણે આ અમદાવાદ બિઝનેસ કનેક્ટિંગ મીટ ખુબજ સફળ રહી. આ મીટમાં ગુ.પ્રા.સ.ના કોષાધ્યક્ષ શ્રી દુર્ગેસભાઈ કાનજીભાઈ ચૌહાણ જે આ મીટ ને સફળતાની ઉંચાઈ અપનાર સાચા સ્વયં સેવક તરીકે ઉભરી આવેલ છે. જેમણે આયોજન થી લઈ હોલ, હોટેલ, ભોજન વ્યવસ્થા, ચા-પાણી, ઓડિયો,વિઝયુઅલ તેમજ ટેક્નિકલ બાબતને એ.એમ.એ. મેનેજમેન્ટ સાથે ટ્યુનિંગમાં રહી આ મીટની સંપૂર્ણ જવાબદારી સાથે સફળ બનાવવા સતત પ્રયાસરત રહ્યા હતા તેમની સાથે શ્રી નરોત્તમભાઈ વાઘજીભાઈ જેઠવા તેમજ શ્રી દુર્ગેશભાઈ નો સન કુશલ કુમાર ના સંપૂર્ણ સહયોગ થી આજની મીટ સફળ રહી જેમને પધારેલ સૌ કોઈએ એકી સૂર સાથે સુંદર વ્યવસ્થાની પ્રસંશા કરેલ. યુવા મંડળ પ્રમુખ શ્રી યશ્વિનભાઈ ચૌહાણ તેમજ યુવા મંડળ અમદાવાદની ટીમ દ્વારા મીટ માટેની રજિસ્ટ્રેશન તેમજ ગીફ્ટ ડિસ્ટ્રીબ્યુશનની સંપૂર્ણ જવાબદારી ખુબજ જવાબદારીથી પરીપૂર્ણ પાર પાડેલ તે બદલ શ્રી યશ્વિનભાઈ ચૌહાણ અને તેમની ટીમનો આભાર માનવામાં આવેલ તેમજ મીટમાં ખડેપગે ઉભા રહી દરેક એન્ટરપ્રિન્યોરને તેમની જગ્યાએ જઈ માઈક આપનાર અજય રાઠોડ અને લિસા ચૌહાણની સર્વિસ માટે તેમનો પણ આભાર માનવામાં આવેલ.

## આદીપુર ઘટક





આદીપુર ઘટક દ્વારા વૃક્ષારોપણ પર્વ-૨૦૨૫ તા. ૦૯-૦૮-૨૦૨૫ થી ૩૦-૦૮-૨૦૨૫ સુધી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ. જે અંતર્ગત ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકીએ ઘટકના વોટ્સએપ ગ્રુપમાં અપલ કરેલ કે ઘટકના દરેક સમાજબંધુઓ પોતાના ઘરે અથવા ઘરની આસપાસ, સમાજ ભવન અથવા કામના સ્થળની આસપાસ વૃક્ષારોપણ જરૂરથી કરે. ઉપરોક્ત અપીલને માન આપી આદીપુર ઘટકના સભ્યો તેમના ક્ષેત્રમાં વૃક્ષારોપણ કરી સાથે વૃક્ષોની જાળવણી અને પર્યાવરણની સુરક્ષા કરવાની શપથ લઇ તેમનું યોગદાન આપી રહ્યા છે. અત્યાર સુધી વૃક્ષારોપણ કરી, વૃક્ષારોપણ કરતા હોય તેવા ફોટા મોકલાવેલ. ઘટક પ્રમુખશ્રીએ વૃક્ષારોપણ કરનાર સૌનો આભાર માનેલ. તા. ૯ થી ૧૫ ઓગષ્ટ-૨૦૨૫ ''હર ઘર તિરંગા'' લહેરાવીએ અભિયાનની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના

ભાગરૂપે આદીપુર ઘટકના સભ્યોએ પોતાના ઘર અને ઓફીસ પર તિરંગો લહેરાવી તિરંગા સાથેની સેલ્ફી પ્રમુખશ્રીના વોટ્સએપ નંબર પર મોકલાવી, રાષ્ટ્રીય અભિયાનમાં ભાગ લઇ ગૌરવની અનુભૂતી કરી હતી.

રક્ષાબંધન નિમિત્તે મહિલા મંડળના ઉપપ્રમુખ શ્રીમતી પલ્લવીબેન મહેશભાઇ પરમારે ઘઉં-ચણાના લાડવા બનાવી, અગાઉથી ઓર્ડર નોંધાવેલ સભ્યોને વિતરીત કર્યા હતા. સરસ્વતી સન્માન માટે ઘટકના નર્સરી, કે.જી.થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ પાસેથી માર્કસશીટની નકલ લેવાનું કાર્ય ચાલુમાં છે. વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવશે. રાહત દરે નોટબુક્સ વિતરણ, સમાજ ભવન મધ્યે ચાલુ છે. બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે. સમાજ ભવનના નવીનીકરણના ભાગરૂપે રંગરોગાનનું કામ પૂર્ણ થયેલ છે.

## છત્રપતિ સંભાજીનગર ઘટક

તા. ૦૩-૦૮-૨૦૨૫, રવિવારે છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ) ઘટક, યુવા મંડળે ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટનું



તા. ૨૦-૦૭-૨૦૨૫, રવિવારે વૃક્ષારોપણ મહાયજ્ઞ સંયુક્તપણે યોજાયો હતો. જેમાં ૨૧૦૦૦ વૃક્ષોનું પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. મરાઠવાડા ઇકો ટેરિયર્સ અને ગાયત્રી પરિવાર દ્વારા સંયુક્તપણે આયોજીત થયું.

આ મહાયજ્ઞમાં આપણા કે.જી.કે. છત્રપતિ સંભાજીનગર ઘટકના ઉત્સાહી ભાઇઓ-બહેનોએ પણ વૃક્ષારોપણ મહાયજ્ઞમાં સેવા આપી, આ કાર્યની નોંધ લેતા આપણને પ્રશંસા પ્રમાણપત્ર આપેલ હતું જે માટે કર્નલ શ્રી નિર્દેશ શાહ કમાન્ડિંગ ઓફિસર ઇન્ટરનેટરી બટાલિયન અને શ્રી રાજેશભાઇ ટાંક ગાયત્રી પરિવાર છત્રપતિ સંભાજીનગરનો આભાર માન્યો હતો.

સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ એક મનોરંજક તેમજ રોમાંચક કાર્યક્રમ રહ્યો હતો. જેમાં સૌને ઉર્જા, ટીમ ભાવના અને ખેલદિલીનો ભરપૂર અનુભવ માણ્યો હતો.

યુવા મંડળ પ્રમુખ કુમારી હર્ષાલી મારૂએ સંપૂર્ણ સંચાલન કરેલ, ઘટકના સર્વે હોદ્દેદારો અને સર્વે ભાઇ-બહેનોએ હાજરી આપી ટુર્નામેન્ટની શોભા વધારી હતી. વિનર ટીમ : ફાફડા ભજીયા, સૌથી વધુ રન : ક્રિષ્ના ચાવડા, સૌથી વધુ વિકેટ - જીતેશ મારૂ. વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવેલ અને ઇનામ આપવામાં આવેલ. ભાગ લેનારા અને મેદાન પર પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા દરેકને અભિનંદન પાઠવેલ.





પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ

શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક

250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696



વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ

શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક

૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com

**યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.**

## અંજાર યુવા મંડળ



યુવા મંડળ અંજાર હર હંમેશ કંઈક નવું કરવા માટે પ્રખ્યાત છે. આ વખતે પણ અંજાર યુવા મંડળ દ્વારા હર હંમેશની જેમ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી સાથે કાનુડા હરીફાઈ તેમજ મટકી ફોડ હરીફાઈ નું આયોજન કરવામાં આવેલું હતું. અંજાર ઘટકમાંથી અંદાજે ૫૦થી વધારે નાના નાના ભૂલકાઓ કાનુડા બની અને સમાજવાડી આવેલ હતા. તે તમામ બાળકોને ગિફ્ટ આપી અભિવાદન કરેલું હતું. ત્યાર બાદ આ વખતે એક નવું સેટઅપ ઊભું કરેલું હતું તેમાં કાનુડા બનીને આવેલ તમામ બાળકોનો એક અલગથી ફોટોગ્રાફર રાખી અને થીમ પ્રમાણે તેમના ફોટા પાડવામાં આવેલા હતા અને અંજાર યુવા મંડળ દ્વારા તે તમામને બે બે કોપી આપવામાં આવેલ હતી. ત્યારબાદ મટકી ફોડ ભાઈઓ તથા બહેનોની એમ અલગ અલગ હરીફાઈ રાખેલી હતી ભાઈઓ તેમજ બહેનોમાં બજરંગ ટીમ દબડાનો વિજય થયેલો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ટીમ યુવા મંડળ અંજારનો સંપુર્ણ સહકાર મળ્યો હતો.

આ આયોજનમાં અંજાર ઘટક પ્રમુખશ્રી વિનોદભાઈ મોહનલાલભાઈ ખોડીયાર, મહિલા મંડળ પ્રમુખ સવિતાબેન ચૌહાણ સાથે ઘટકના તેમજ મહિલા મંડળના તમામ હોદ્દેદારો હાજર રહેલા હતા તેમજ યુવા મંડળના પ્રમુખ શ્રી પ્રતિકભાઇ દિનેશભાઈ ટાંક તેમની સાથે ગીરીશભાઈ પરમાર, મુકેશભાઈ ખોડીયાર, પ્રતિકભાઇ ખોડીયાર, હિનેશભાઈ રાઠોડ, ધર્મેશભાઇ ચૌહાણ, સંદીપભાઇ ટાંક, મિતભાઈ ચૌહાણ, હર્ષદભાઈ રાઠોડ, સાગરભાઇ જેઠવા વગેરે હોદ્દેદારોએ સંપૂર્ણ સાથ-સહકાર આપેલ હતો. કાનુડા હરીફાઇના જજ તરીકે શિલાબેન સોલંકી, કૃતિકાબેન જેઠવાએ સેવા આપેલ હતી. જન્માષ્ટમીના કન્વીનર તરીકે દીપ પરમાર, રામચંદ્રભાઇ ટાંક તેમજ પૂજન ચાવડાએ જવાબદારી સંભાળી હતી.

સૌ જ ન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ
(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore
(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing

## પુના યુવા મંડળ



શ્રી કે.જી.કે. પુના યુવા મંડળે તા. ૧૯-૦૭-૨૦૨૫ના રોજ જગતાપ વોટર ફોલ પર ટ્રીપનું આયોજન કર્યું હતું. સમાજના લગભગ ૫૦ જેટલા યુવાઓએ આયોજનમાં ભાગ લીધો હતો. સવારના ૯ વાગે બધાને વોટર ફોલ પહોંચીને ચા-નાસ્તાનો પ્રોગ્રામ હતો.

ત્યાર બાદ સૌએ મનભરીને વોટરફોલમાં નાહવાની મજા માણી, રેન ડાન્સ તથા વોટર ગરબા રમ્યા હતા. બપોરેના ૧ થી ૨ની વચ્ચે જમવાનો આસ્વાદ લઇ ફરી વોટર ફોલમાં તંબોલા, મ્યુઝીકલ ચેર જેવી રમતો રમી કુદરતના સાનિધ્યમાં સાંજ સુધીનો આનંદ માણ્યો હતો. સાંજે ૫ વાગે ચા-પાણી લઇ સૌ આનંદભેર થઇ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા મંડળના પ્રમુખ શ્રી પ્રિયેશભાઇ સોલંકી, શ્રી તેજેન્દ્રભાઇ ચાવડા તથા ઉગમ ટાંકે સારો સાથ-સહકાર આપ્યો હતો.

## રાયપુર યુવા મંડળ




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવામંડળ, રાયપુર દ્વારા દર વર્ષે યોજાતું સમાજ આઇડલ આ વર્ષે પણ ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું. સ્વતંત્રતા દિવસના અવસરે યોજાયેલી આ ગાયન અને નૃત્ય સ્પર્ધાએ સમાજના યુવાનોને પોતાની પ્રતિભા દર્શાવવાનો ઉત્તમ મોકો આપ્યો. આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે રાયપુર ઘટકના



પ્રમુખ તેમજ મહાસભા ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ ગોહિલ, તેમજ મહાસભા ખજાનચી અને યુવામંડળ સલાહકાર પ્રમુખ શ્રી હિતેશભાઈ વરુ ઉપસ્થિત રહ્યા. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમનો માન વધાર્યો. કાર્યક્રમમાં જજ તરીકે શ્રી તરુણભાઈ રાઠોડ અને શ્રીમતી ખુશ્બૂબેન ચૌહાણ હાજર રહ્યા, જેમણે પ્રતિભાગીઓની ઉત્તમ રજૂઆતનું નિષ્પક્ષ મૂલ્યાંકન કર્યું. નૃત્ય સ્પર્ધામાં, અનેક પ્રતિભાગીઓએ મનોહર પ્રદર્શન આપ્યાં, જેમાંથી કુ. રિતી ટાંક વિજેતા રહી. તેમના અભિનય અને તાલમેલે સૌનું દિલ જીતી લીધું. ગાયન સ્પર્ધામાં, ૧૮ વર્ષ થી નીચી કેટેગરીમાં - અથર્વ રાઠોડ એ પોતાના સુરીલા અવાજથી સૌને મંત્રમુગ્ધ કર્યા. ૧૮ વર્ષ થી ઉપર કેટેગરીમાં - શ્રી આનંદભાઈ ટાંક એ અનોખી ગાયકીથી સૌને પ્રભાવિત કરીને વિજેતા બન્યા. કાર્યક્રમના અંતે વિજેતાઓને પ્રીઝ મની અને માનપત્રથી સન્માનિત કરવામાં આવ્યા. સમાજના વરિષ્ઠો અને સભ્યોની હાજરીથી યુવાનોને પ્રોત્સાહન મળ્યું અને નવા ઉત્સાહ સાથે તેમની પ્રતિભા ખીલી ઉઠી હતી. સમાજ આઇડલ ૨૦૨૫ એ માત્ર એક સ્પર્ધા ન રહી, પરંતુ સમાજની એકતા, સંસ્કૃતિ અને યુવાનોની સર્જનાત્મકતાનો ઉત્સવ બની ગયો.

## બિલાસપુર યુવા મંડળ







બિલાસપુર યુવા મંડળ દ્વારા આયોજીત ગોકુળાષ્ટમીના ભક્તિમય કાર્યક્રમમાં પૂજન, ભજન, નાના બાળકોનો ફેન્સી ડ્રેસ કોમ્પીટીશન તથા બાળકોએ દહીંહાંડી ફોડીને હર્ષોલ્લાસ સાથે મનાવ્યું હતું. કાર્યક્રમના અંતે રાત્રે ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં બિલાસપુર ઘટક સાથે સમ્માનનીય સભ્યોએ મહત્વપૂર્ણ અને ઉત્સાહ ભરેલ ઉપસ્થિત રહીને સહયોગ આપ્યો હતો. યુવા મંડળ સહુનો હૃદયથી આભાર વ્યક્ત કરે છે. બિલાસપુર ઘટક અને મહિલા મંડળનું પણ સાથ સહકાર મળ્યો હતો. પ્રભારી પ્રમુખ શ્રી પરિચય રમણીકભાઇ જેઠવા, મંત્રી શ્રી નિશાંત ભારતભાઇ સોલંકી, ઉપપ્રમુખ શ્રી અમિત દિનેશભાઇ ચૌહાણ અને શ્રી હનિશ મોરારીભાઇ પરમાર તથા યુવા મંડળ ટીમ યોગદાન સાથે સર્વે સમાજબાંધવોએ તન, મન અને ધનથી જોડાઇને યુવા મંડળનું ખુબજ ઉત્સાહવર્ધન કરેલ હતું.

## વડોદરા યુવા મંડળ

વડોદરા યુવા મંડળ દ્વારા તા. ૦૩-૦૮-૨૦૨૫, રવિવારના રોજ આર્ટ એન્ડ એજ્યુકેશનલ ફેસ્ટ-૨૦૨૫નું સમાજ ભવન મધ્યે ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ સમાજના પ્રબુદ્ધ વર્ગને તેમની કળા અને બુદ્ધિ ચાતુર્યને સૌ સમાજબંધુઓ સમક્ષ રજુ કરવાની તક આપી તીઓને પ્રોત્સાહિત કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત વડોદરા ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ હતી. ત્યાર બાદ યુવા મંડળ કમિટીની બહેનો દ્વારા સુંદર પ્રભુ પ્રાર્થનાની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી. યુવા મંડળના શૈક્ષણિક મંત્રી શ્રી દિશાબેન રાઠોડ



દ્વારા સૌનું સ્વાગત કરી દરેક ગ્રુપની વિવિધ સ્પર્ધાની માહિતી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ કમિટી સભ્યો દ્વારા કુલ ૦૫ ગ્રુપની વિવિધ સ્પર્ધાઓ જેમ કે માર્ગ શોધો, કલર પૂરો, શબ્દ શોધો, ક્લે આર્ટ, હિન્દી શ્રુતલેખન, શાકભાજીથી છાપકામ કળા,




સ્મૃતિ રમત, મલ્ટી ગ્રેન આર્ટ, વકતૃત્વ સ્પર્ધા, સલાડ સજાવટ વગેરેનું આયોજન કરવામાં આવેલ હતું.

વડોદરા ઘટકના ૭૦થી વધુ નાના બાળકો, ભાઇઓ-બહેનો અને વડીલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. ત્યાર બાદ યુવા મંડળ મંત્રી શ્રી ભવ્યભાઇ પરમાર અને સભ્ય શ્રીમતી ફોરમબેન ચાવડા દ્વારા મંચનું સંચાલન કરવામાં આવેલ હતું. પ્રથમ ગ્રુપના તમામ સ્પર્ધકો અને ૨,૩,૪,૫ ગ્રુપની સ્પર્ધાના વિજેતાઓને ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારો દ્વારા ઇનામ વિતરણ કરવામાં આવેલ હતું.

ત્યાર બાદ શૈક્ષણિક મંત્રી શ્રી દિશાબેન રાઠોડ દ્વારા કાર્યક્રમની આભારવિધી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ યુવા મંડળ કમિટીના તમામ સભ્ય ભવ્ય પરમાર, ભાવિશાબેન રાઠોડ, દિશાબેન રાઠોડ, કૃપાબેન સોલંકી, કુંજલબેન રાઠોડ, કૌશલભાઇ ચાવડા, ફોરમબેન ચાવડા, મિતેશભાઇ પરમાર, લોમેશભાઇ વાઘેલા, પલકભાઇ ચૌહાણ, શુચિબેન સોલંકી, હસિતભાઇ સોલંકી અને દિશાબેન ટાંક દ્વારા ખુબ સરસ સહકાર પ્રાપ્ત થયેલો હતો. અંતમાં યુવા મંડળના પ્રમુખ શ્રી હર્ષભાઇ ટાંક દ્વારા ખુબ સરસ કાર્યક્રમ બદલ સર્વે સ્પર્ધકો અને વાલી તેમજ દાતાશ્રીઓ અને યુવા મંડળ કમિટીને ઉપસ્થિત રહીને કાર્યને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કરેલ. ત્યાર બાદ અંતે રાષ્ટ્રગાન ગાઇ સ્વાદિષ્ટ ભોજન લઇ ખુશીભેર છુટા પડ્યા હતા.


## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૩-૨૦૨૬ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**

Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૩૧-૦૧-૨૦૨૬ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**

CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

## વાઢેર નુખના શ્રી મોમાય માતાજી - સિનુગ્રા

શ્રી વાઢેર નુખના શ્રી મોમાય માતાજીની અસીમ કૃપાથી **સં. ૨૦૮૧, આસો સુદ-૮, મંગળવાર, તા. ૩૦-૦૯-૨૦૨૫ના માતાજીનો હોમ-હવન તથા સમુહ પ્રસાદ તથા આસો સુદ-૯, બુધવારના તા. ૦૧-૧૦-૨૦૨૫ના વાઢેર કુળના તમામ ગોઠી ભાઇઓ દ્વારા માતાજીની મહાઆરતી તથા સમુહ નૈવેધ તથા કર થશે.** આ બંને દિવસના પ્રસાદના દાતા (૧) શ્રી દિનેશભાઇ જેન્તીલાલ વાઢેર તથા (૨) શ્રી વિનોદભાઇ જેન્તીલાલ વાઢેર તરફથી છે. ઉપરોક્ત બંને દિવસોએ દર્શન-સમુહ પ્રસાદ લેવા આમંત્રણ પાઠવવામાં આવે છે. જે ભાઇઓને હવનમાં બેસવાનો લાભ લેવાનો હોય તથા કર કરવાના હોય તો તેમણે અગાઉથી જાણ કરવા વિનંતી. દરેક વાઢેર કુટુંબને આ આમંત્રણ અન્ય વાઢેર કુટુંબીજનોને આપવા નમ્ર વિનંતી તથા કુટુંબની નિયાણીઓને પણ આમંત્રણ આપવા વિનંતી.

**નાનાલાલ પ્રાગજી વાઢેર – ૯૪૨૮૭૪૮૦૫૮**
**ઇશ્વરલાલ દેવરામ વાઢેર – ૯૮૨૫૩૬૮૨૧૯**
**દિનેશ ભીમજી વાઢેર – ૯૮૨૫૮૩૭૨૦૪**
**હરીશ અમૃતલાલ વાઢેર – ૯૯૨૫૬૬૧૪૨૪**
**સંજયકુમાર નાનાલાલ વાઢેર – ૯૪૨૭૪૫૨૫૬૭**

## અંજાર વરૂ-પરમાર ગોઠી ભાઇઓ જોગ

જયશ્રી માં ત્રુઠીયાણ માં, કુળદેવી માં ચામુડા માં તથા માં હરસિદ્ધી માતાજીની પરમ કૃપાથી વરૂ-પરમાર ગોઠી ભાઇઓને જણાવવાનું કે, આપણા કુળદેવી માતાજીના સ્થાનકે **નવરાત્રી નિમિત્તે આસો સુદ નોમ, તા. ૦૧-૧૦-૨૦૨૫, બુધવારના માતાજીના હોમ-હવન, નિવેદ તથા સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.** જે ગોઠી ભાઇઓ હવનમાં બેસવા ઇચ્છતા હોય તેમણે નીચે દર્શાવેલ સંપર્ક સુત્રોનો સંપર્ક કરવો. **મહાપ્રસાદના મુખ્યદાતા શ્રી મનોજભાઇ જાદવજીભાઇ વરૂ - રાયપુર છે.** માતાજીના સ્થાનકે અખંડ દીવો કરવામાં આવશે. સર્વે ગોઠીભાઇઓને હવનદર્શન અને સમુહ પ્રસાદનો લાભ લેવા નિમંત્રણ છે. સમગ્ર આયોજન કુળદેવી માતાજીના સ્થાનક પ્લોટ નં. ૨૪, ખેતરપાળ-૩, અંજાર મધ્યે કરવામાં આવેલ છે.

**પ્રમુખ – કામેશ ખુશાલભાઇ વરૂ – ૯૯૨૪૬૧૪૧૧૯**
**મંત્રી – કૈલાશ અરૂણભાઇ વરૂ – ૯૮૨૪૭૫૫૧૭૮**

|| માં ચામુંડાયે નમઃ || || શ્રી ગણેશાય નમઃ || || જયશ્રી વાછડા ડાડા ||

## જાંબુડીના સોલંકી ગોઠી ભાઇઓને



ગામ : જાંબુડી, તા. ભુજ (કચ્છ) ૩૭૦૧૦૫

### સ્નેહ નિમંત્રણ

સ્નેહી ગોઠી ભાઇશ્રી,

સવિનય સાથે જણાવવાનું કે, કુળદેવી શ્રી ચામુંડા માતાજી તથા શ્રી વાછડા ડાડા અને શ્રી સુરાપુરા ડાડાને નમતા તમામ સોલંકી પરિવાર જાંબુડીવાળા ભાઇઓના પ્રયાસથી જાંબુડી ગામે **માતાજીના મઢમાં ત્રણ દિવસ ચંડીપાઠ**નું આયોજન કરેલ છે. જેમાં આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજીના દર્શનનો લ્હાવો લેવા માટે જાંબુડીના સોલંકી નુખના પરિવારજનોને આત્મિય આમંત્રણ પાઠવીએ છીએ. **જે ગોઠી ભાઇઓ હવનમાં બેસવા ઇચ્છતા હોય** તેમણે નીચે દર્શાવેલ સંપર્ક સુત્રનો સંપર્ક કરવાનો રહેશે અને **કાર્યક્રમ દરમ્યાન રહેવાની તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.** કચ્છ બહારથી જે ભાઇઓ કુળદેવીના દર્શન-હવનમાં પધારવા ઇચ્છા ધરાવતા હોય તેમણે દસ દિવસ અગાઉ નીચે દર્શાવેલ સંપર્કસુત્રનો સંપર્ક કરવાનો રહેશે.

**:: કાર્યક્રમની પ્રસંગમાળા ::**

**આસો સુદ-૪, શુક્રવાર, તા. ૨૬-૦૯-૨૦૨૫**
દશવીદ સ્નાન
**આસો સુદ-૫, શનિવાર, તા. ૨૭-૦૯-૨૦૨૫**
સવારે ૯ થી સાંજે ૬, (ચંડીપાઠ પ્રારંભ ગોઠી ભાઇઓ સાથે)
**આસો સુદ-૬, રવિવાર, તા. ૨૮-૦૯-૨૦૨૫**
સવારે ૯ થી સાંજે ૬, (ચંડીપાઠ પ્રારંભ ગોઠી ભાઇઓ સાથે)
**આસો સુદ-૭, સોમવાર, તા. ૨૯-૦૯-૨૦૨૫**
સવારે ૯ થી સાંજે ૬, (ચંડીપાઠ પ્રારંભ ગોઠી ભાઇઓ સાથે)
**આસો સુદ-૮, મંગળવાર, તા. ૩૦-૦૯-૨૦૨૫**
નવચંડીયજ્ઞ(આઠમનો હવન) - સવારે ૮.૦૦ થી ૧.૦૦ કલાકે
**આસો સુદ-૯, બુધવાર, તા. ૦૧-૧૦-૨૦૨૫**
સમુહ નૈવેધ બપોરે ૧.૦૦ કલાકે

**:: સંપર્ક સુત્રો ::**

**શ્રી કમલેશ ધારશીભાઇ સોલંકી** (પ્રમુખશ્રી – અંજાર)
**શ્રી વેલજીભાઇ રતનશી સોલંકી** (ઉપપ્રમુખશ્રી – અંજાર)
**શ્રી કપીલ દિપકભાઇ સોલંકી** (મંત્રીશ્રી–મુ.પો.કુકમા) મો. ૮૫૧૧૯૩૮૬૦૦
**શ્રી કપીલ એસ. સોલંકી** (સહમંત્રીશ્રી–કુકમા) મો. ૯૯૧૩૪૭૧૬૬૮
**શ્રી દિપકભાઇ સોલંકી** (કોટડા (ચ.) (મો. ૭૬૨૧૯૯૬૭૪૪)
**શ્રી જયેન્દ્રભાઇ એમ. સોલંકી** (ઓડીટર) ૧૧૪, સેક્ટર-૫, ગાંધીધામ
**શ્રી ઉદય બાબુલાલભાઇ સોલંકી** (ખજાનચીશ્રી–જાંબુડી)

**વ્યવસ્થાપક સમિતિ તરફથી સર્વે ગોઠી ભાઇઓને આમંત્રણ પાઠવીએ છીએ.**

જય શ્રી ચાવલ માતાજી

# કુકમાના રાઠોડ ગોઠી પરિવાર જોગ

## આસો માસ નવરાત્રી નિમંત્રણ

આથી સર્વે રાઠોડ ગોઠી ભાઈઓને જય માતાજી સાથે જણાવવાનું કે, આ વર્ષે આસો માસ નવરાત્રી ના પ્રસંગો નીચે મુજબ ઉજવવામાં આવશે. આસો સુદ એકમ સવંત ૨૦૮૧ સોમવાર તા. ૨૨/૦૯/૨૦૨૫ થી આસો સુદ દશમ સવંત ૨૦૮૧ ગુરૂવાર તા. ૦૨/૧૦/૨૦૨૫ દરમ્યાન નવરાત્રી ઉજવવામાં આવશે. આસો સુદ એકમના રોજ માતાજીનું સવારે ઘટ સ્થાપન કરવામાં આવશે. **નોમનું નૈવદ ઝારણ આસો સુદ નોમ તારીખ ૦૧/૧૦ /૨૦૨૫ બુધવારે ૧૨–30 વાગ્યા સુધી ઝારી જવું.**

**દશેરાનો નવરાત્રી હવન સંવત ૨૦૮૧ આસો સુદ દશમ (દશેરા) તારીખ ૦૨/૧૦/૨૦૨૫ ગુરુવારે સવારે ૮ વાગ્યેથી પ્રારંભ કરવામાં આવશે.** હવન પુર્ણ થયા બાદ ગરબાનું વિર્સજન કરવામાં આવશે. ત્યાર બાદ સર્વે રાઠોડ ગોઠી પરિવાર મહા પ્રસાદ લેશે. તમારી નીયાણી ને સાથે તેડતા આવશો. સહર્ષ સાથે જણાવવાનું કે આ વખતે દશેરા ના **મહાપ્રસાદના દાતાશ્રી પ્રભુલાલભાઈ ભવાનભાઈ રાઠોડ (વડોદરા ઘટક પ્રમુખશ્રી** ) દ્વારા રાખવા માં આવેલ છે. ઉપરોક્ત દશમના નવરાત્રી પ્રસંગે હવનનો તેમજ નૈવેધ મહાપ્રસાદનો લાભ લેવા દરેક દેશમાં તથા પરદેશ વસ્તા રાઠોડ ગોઠીઓને ને પધારવા આમંત્રણ આપવામાં આવે છે.

**વિશેષ નોંધ :** જે ગોઠી ભાઈઓ એ માતાજી માટે ધુપ દિપ /હોમ હવન કે પ્રસાદ માટે ભેટ આપવા ઈચ્છતા હોય તેમણે નીચે દર્શાવેલ બેન્ક એકાઉન્ટ અથવા ક્યુઆર કોડ સ્કેન કરી એકાઉન્ટ માં જમા કરાવી આપનું અમુલ્ય દાન નોધાવી શકશો.

**Bank Name :-**
**Bank of Baroda (Kukma Branch)**
**A/c. Name :-**
**Shree Rathod Chaval Mai Mandal**
**A/c. No. : 09460100022560**
**IFSC Code : BARB0KUKMAX**
**(IFSC Code**માં પાંચમો અક્ષર ઝીરો છે.)

**શ્રી રાઠોડ ચાવલ માઈ મંડળ વ્યવસ્થાપક સમિતિ**

# શ્રી વરૂ ગોઠી પરિવાર - દેવળીય જોગ

આથી વરૂ ગોઠી પરિવાર (દેવળિયા) શ્રી ચામુંડા માતાજીના સર્વ ગોઠી ભાઈઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ માતાજીના સ્થાનકે સવંત ૨૦૮૧ આસો સુદ એકમ થીતા. ૨૨/૦૯/૨૦૨૫ થી માતાજીના મંદિરે ઘટ:સ્થાપના વિધિ, નવચંડી પાઠ તથા અખંડ જ્યોતનું આયોજન કરવામાં આવેલ છે તથા **આસો સુદ આઠમ, તા.30/૯/૨૦૨૫, મંગળવારના હવાનાષ્ટમી તથા સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. સમુહ પ્રસાદના દાતા શ્રી જીગ્નેશ રણછોડ વરૂ પરિવાર માધાપર છે.** તો સર્વે વરૂ ગોઠી પરિવારને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવાવામાં આવે છે.

**શ્રી વરૂ ગોઠી પરિવાર દેવળીયા**

Unlock Your
Financial Future with Expert
***Mutual Fund Guidance!***

1. *Daily Investment tracking on personalized android app.*
2. *FREE Audio Video insights about mutual funds by industry leaders.*
3. *Investments starting from ₹1000/-.*
4. *Benefit from 17 years of personal investment experience*

**AMIT GOPAL CHAUHAN**
Mutual Fund Distributor
**12, Ashwamegh complex, Vijay Nagar, Anjar (Kachchh) Gujarat 370110**
**Contact : 8401482462, 8866933113**
**E-mail :** amit2462@agcmfd.com, **Website :** www.agcmfd.com
***Excel your personal financial Growth... Simply !***

# સમાજ ગૌરવ



મહાસભાના પુર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ વિશનજીભાઈ પરમાર તથા અખિલ ભારતીય મહિલા મંડળના પુર્વ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઈ પરમાર-રાઉરકેલાના પુત્રવધુ શ્રીમતી ગ્રિષ્માબેન ધર્મેશભાઈ પરમારની રોટરી ક્લબ ઓફ રાઉરકેલા ક્વીનની આવતા સત્ર ૨૦૨૫ થી ૨૦૨૬ માટે પ્રમુખશ્રીની વરણી થયેલ છે. રાઉરકેલા ઘટક તરફ થી તેમને ખુબ ખુબ અભિનંદન.



મહાસભાના પુર્વ પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ વિશનજીભાઈ પરમાર તથા અખિલ ભારતીય મહિલા મહામંડળ પુર્વ પ્રમુખશ્રી પ્રતિમાબેન પરમારની પોત્રી ધ્રિતિ ધર્મેશભાઇ પરમાર ૧૨મી સીબીએસઇ બોર્ડમાં ૯૯.૬૦ % નંબર થી ઉત્તીર્ણ થઈ પરિવાર તથા રાઉલકેલા સમાજ નું નામ રોશન કરવા બદલ રાઉલકેલા ઘટક તરફથી ખુબ ખુબ અભિનંદન. ભવિષ્યમાં પણ આવી જ રીતે ઉતરોત્તર પ્રગતિ કરી પરિવાર અને સમાજનું નામ રોશન કરે એવી હાર્દિક શુભકામના...



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ના ગૌરવ રુપ ભુજ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતી પ્રવીણાબેન રાઠોડના વરદ હસ્તે આજે તાલુકા પંચાયત કચેરી ખાતે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. માધાપર ઘટક તરફથી તેમને ખુબ ખુબ અભિનંદન...

## શ્રી કમધજીયા રાઠોડ પરિવાર (નાગલપર)

સૌ ગોઠી ભાઈ-બહેનો ને સહર્ષ જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ આસો નવરાત્રીમાં માતાજીના સ્થાનકમાં આઠમનો હવન તથા નોમનાં સમુહનૈવેધનું આયોજન રાખવામાં આવેલ છે. તે મુજબ **તા. ૩૦/૦૯/૨૫ ને મંગળવારે આસો સુદ – ૮ નાં દિવસે માતાજી નો હવન તેમજ સમૂહ પ્રસાદ રાખેલ છે** તથા **તા.૦૧/૧૦/૨૫ ને બુધવારે આસો સુદ – ૯ નાં સમુહનૈવેધ તથા કાંબી છોડવાનું આયોજન તથા નૈવેધનો સમુહપ્રસાદ રાખવામાં આવેલ છે.** તો આ બંને દિવસે ગામ તથા પરગામ વસતા સૌ ગોઠી ભાઈઓ ને આ મહાપ્રસાદ લેવા ભાવભર્યું આમંત્રણ છે. બીજું કે જે ગોઠી ભાઈઓ ને આઠમ નાં દિવસે હવન માં બેસવા ની ઇચ્છા હોય તો આપ શ્રી અગાઉથી વહેલી તકે નીચે આપેલ ફોન નં પર જાણ કરશો.

પંકજ પ્રાગજીભાઈ - ૯૮૨૫૨૯૩૧૧૪
પંકજ શિવલાલભાઈ - ૯૮૨૫૬૪૪૪૯૬
નરભેરામ ખીમજીભાઈ - ૮૧૪૧૨૩૨૬૩૭


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ન્યાસ-નાગપુર



તા. ૨૭-૦૬-૨૦૨૫ના દિવસે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સાર્વજનિક ટ્રસ્ટ ન્યાસ, નાગપુરની કાર્યવાહક સમિતિ એવં સંસ્થાપે ન્યાસી, વિશેષ આમંત્રિત સદસ્યોની પ્રથમ સભા શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજવાડી, રેલટોલી, ગોંદિયા મધ્યે સવારે



૧૧.૩૦ કલાકે લેવામાં આવેલ હતી. સર્વ પ્રથમ મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ જયંતિલાલભાઇ પરમાર દ્વારા નવનિયુક્ત આદ. પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ કરમશીભાઇ ટાંક, સંસ્થાપક ન્યાસી શ્રી યજ્ઞનેશભાઇ પ્રકાશભાઇ ચૌહાણ, કોષાધ્યક્ષ શ્રી જયંતિલાલ અમરીશભાઇ વેગડ, વરીષ્ઠ સલાહકાર શ્રી હિમ્મતલાલભાઇ ભવાનજીભાઇ રાઠોડ અને ગોંદિયા ઘટકના પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઇ રથીન્દ્રભાઇ રાઠોડને મંચ પર આમંત્રિત કરવામાં આવેલ. સર્વે મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવેલ.

મંત્રી શ્રી વિષય સુચીનુસાર પાછલી કાર્યવાહક સમિતિનું વાચન શ્રી કમલેશભાઇ હરિલાલભાઇ રાઠોડને પઠન કરવા આમંત્રીત કરેલ. આ પ્રથમ સભામાં મંત્રીશ્રી દ્વારા નવા નિયુક્ત દસ સદસ્યોનો પરિચય કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫ના ઓડીટ રિપોર્ટને વાચીને સંભળાવી અને બહાલી આપવામાં આવેલ. ન્યાસ દ્વારા ઘટકોને શૈક્ષણિક, વૈદ્યકિય મદદ આપવામાં આવી તેની જાણકારી આપી. ન્યાસની નિધી વધારવા માટે નવા ૧૧ ન્યાસી (ટ્રસ્ટી) બનાવવામાં આવેલ અને નિધ વધારવા માટે ઉપસ્થિત સદસ્યો દ્વારા સુઝાવ માગવામાં આવ્યા. પ્રમુખશ્રીની સ્વીકૃતીથી નિમ્નાંકિત મનોનિત



સદસ્યોની નિયુક્તી કરવામાં આવેલ. શ્રી ગોવર્ધનભાઇ દયારામભાઇ ટાંક - તુમસર, શ્રી શિવલાલ રામજીભાઇ ટાંક - ગોંદિયા, શ્રી નવીનભાઇ રામજીભાઇ ટાંક - અમરાવતી, શ્રી વિનયભાઇ મુલજીભાઇ પરમાર - ગોંદિયા, શ્રી મિતેશભાઇ કરશનભાઇ પરમાર - ગોંદિયા, શ્રી દિપેશભાઇ પ્રભુલાલ પરમાર - નાગપુર. સભામાં વિશેષ અતિથિ શ્રીમતી રાધીકાબેન પ્રકાશભાઇ ચૌહાણ, કામઠી ગોંદિયા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રંજનબેન લલીતભાઇ ચાવડા, ગોંદિયા, મ.મ. ઉપપ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિલીપભાઇ ટાંક, સલાહકાર મંડળ સભ્ય શ્રીમતી કોકીલાબેન દેવેન્દ્રભાઇ રાઠોડ ઉપસ્થિત હતા. અંતમાં નવનિયુક્ત પ્રમુખ સર્વે ઉપસ્થિત સદસ્યોને ન્યાસનું ફંડ વધારવા માટે પ્રયત્ન કરવા, સર્વે ઘટકોને સંગઠન મજબુત કરવા માટે સાથ-સહકાર આપવા માટે વિનંતી કરવામાં આવી. અંતમાં મંત્રીશ્રી દ્વારા આભાર વ્યક્ત કરી રાષ્ટ્રગીત બાદ પ્રમુખશ્રીની અનુમતિથી સભા સમાપ્ત કરવામાં આવી હતી.

# મા જગદંબા ટ્રસ્ટ-કેંજોરગઢ



તા. ૦૬-૦૫-૨૦૨૫ના રોજ કે.જી.કે. સમાજ મહાસભાના આદરણીય પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર અને અ.ભા.મહિલા મહામંડળના શ્રીમતી વેલબુને નારાયણભાઇ ચાવડાનું કેંજોરવગઢ આગમન એક મહત્વપૂર્ણ પ્રસંગ હતો.

તા. ૦૭-૦૫-૨૦૨૫ના રોજ સવારે ૮ વાગ્યે હોટલ અજંતા ખાતે સન્માનિત મહેમાનો અને મા જગદંબા ટ્રસ્ટની ઔપચારિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું તું. સૌ પ્રથમ મહાસભાના પ્રમુખ અને વરીષ્ઠ મહામંત્રી રીનું ટ્રસ્ટ દ્વારા



પુષ્પગુચ્છ અને શાલ આપીને સન્માન કરવામાં આવેલ. આ સન્માન સમારોહ દરમિયાનની લાગણીઓ અને પ્રતિક્રિયાઓ અવિસ્મરણીય હતી. પોતાના ભાવનાત્મક ભાષણમાં માન. પ્રમુખશ્રીએ જાતિ અને ધર્મથી ઉપર ઉઠીને સમાજ સેવા પ્રત્યે પ્રતિબદ્ધતા અને ટ્રસ્ટને પ્રગતિના માર્ગ પર આગળ વધારવા માટે સમર્પણની પ્રશંસા કરી. તેમણે ટ્રસ્ટના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડ્યો અને માનવતાવાદી સેવા પ્રત્યેની આપણી જવાબદારીઓનું અહેસાસ કરાવ્યો. મહાસભાના પ્રમુખે ટ્રસ્ટના અધ્યક્ષ ડૉ. નરેન્દ્રભાઇ રાઠોડને શાલ અને તમામ સભ્યોને પ્રશંસા સાથે નિશ્ચિત રકમનું કવર આપીને સન્માનિત કર્યા હતા.

મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે મહાસભાની અને પ્રમુખશ્રીની સમાજસેવા પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. કચ્છની ધણીયાણી મા આશાપુરા માતાજી મંદિર ટ્રસ્ટના આજીવન ટ્રસ્ટ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી છે તે પણ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મહાસભા સમાજના વિવિધ વર્ગો માટે કેવી રીતે કાર્ય કરી રહી છે અને સમાજબંધુઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ કરી રહી છે. આ સાથે તેઓએ માં જગદંબા ટ્રસ્ટ કેન્જોર, ઓડિશાની પણ પ્રશંસા કરી હતી.

ડૉ. નરેન્દ્રભાઇ રાઠોડે કોવિડના સમયથી આજ સુધી મહાસભાના આરોગ્ય સલાહકાર તરીકે ભારતના સમગ્ર રાજ્યોમાં ઓલ ઇન્ડીયા કન્સલ્ટન્સી સર્વિસીસ મફત દર્દી સંભાળ અને સલાહ પુરી પાડી રહ્યા છે. ટ્રસ્ટના ચેરમેનશ્રીને ઓડિશા, મહારાષ્ટ્ર અને ઝારખંડ આદીમાંથી બે રાષ્ટ્રીય પુરસ્કાર, બે રાજ્ય સ્તરીય પુરસ્કાર સાથે અનેક એવોર્ડ મળ્યા છે. મા જગદંબા ટ્રસ્ટ મેમ્બરો દ્વારા આરોગ્યસંભાળ અને માનવતાવાદી કાર્યની પ્રવૃત્તિઓ-સ્થાનિક ઢાંગરપડામાં આદર્શન સ્મશાન ગૃહ અને લાકડાના સંગ્રહના નિર્માણમાં યોગદાન, છોડનું વિતરણ, વૃક્ષારોપણ અને સ્વચ્છ ભારત અભિયાનમાં યોગદાન, શિયાળાની ઋતુમાં જરૂરીયાતમંદ લોકોને ગરમ શાલ, સ્વેટર, ધાબળા, શર્ટ, પેન્ટ, ડ્રેસ અને સાડી વગેરેનું વિતરણ, ઉનાળામાં મસાલા છાસ, શરબત, પાણીની બોટલો અને નેપકિનનું વિતરણ, વહીવટી તંત્ર અને લોકોમાં ખાદ્યાન્ન, દવાઓ, માસ્ક જરૂરીયાતમંદોને મદદ કરવી, બિમારની આરોગ્ય સંભાળ પુરી

પાડવી, સામાજીક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં સહકાર આપવો, મફત બ્લડપ્રેશર, ડાયાબિટીસ, ઑક્સિજન, હિમોગ્લોબિન ચેકઅપ, મફત હોમિયોપેથિક આરોગ્ય શિબિરનું આયોજન. રક્તદાન, હોસ્પિટલમાં પ્રવેશ પ્રક્રિયા અને વિદ્યાર્થીઓને મદદ કરવાએ નોંધપાત્ર કાર્યો છે. આ પછી સમગ્ર પ્રતિનિધિમંડળ ટ્રસ્ટી ભાઇ શ્રી સોમનાથ ચાવડા દ્વારા સંચાલિત કાનજી ડાયા ધર્મશાળા ગયા, ત્યાં માનનીય અધ્યક્ષે સ્વ. કાનજી ડાયા ચાવડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી અને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ આપી. આ પ્રસંગે તેમણે સોમનાથભાઇના પૂર્વ સ્વ. શ્રી કાનજી ડાયા ચાવડાના જીવન અને સમાજમાં તેમના યોગદાન વિશે જાણ્યું. અંતમાં ટ્રસ્ટ તરફથી મહેમાનોનો આભાર પ્રગટ કરતા સંબોધનમાં કહેવામાં આવ્યું કે જગદંબા ટ્રસ્ટ, કેંજોરના ચેરમેન અને તમામ સદસ્યોને આપેલ અપાર આદર અને સ્નેહ બદલ અમે આપશ્રીઓનો હૃદયપૂર્વક આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. આપ દ્વારા દર્શાવવામાં આવેલા આદર અને સ્નેહથી અમને માત્ર ગર્વ જ નથી થયો પણ સમાજની સેવામાં વધુ સમર્પણ સાથે કામ કરવા માટે પ્રેરણા પણ મળી છે.

આ અનેરા પ્રસંગમાં માં જગદંબા ટ્રસ્ટના ચેરમેન ડૉ. નરેન્દ્ર રાઠોડ સાથે પૂર્વ ઓડિસા પ્રા. મંત્રી મનોજભાઇ ચાવડા, ઘટક સલાહકાર જગદીશભાઇ રાઠોડ, ઘટક પ્રમુખ રાજેશભાઇ પરમાર, યુવા મંડળ પ્રમુખ શિવકુમાર રાઠોડ, સમાજ સેવક રાધેશ્યામ રાઠોડ, ટ્રસ્ટી સોમનાથ ચાવડા, પરેશ ટાંક, જગદીશ રાઠોડ, હિતેશ રાઠોડ, રાજેશ રાઠોડ, હેમંત રાઠોડ, સંજયભાઇ તથા દીપક રાઠોડે સારો સહયોગ આપેલ હતો.

# સિનિયર સિટીઝન મંડળ - ગાંધીધામ



સિનિયર સીટીઝન મંડળ ગાંધીધામ દ્વારા ધાર્મીક પ્રવાસ તારીખ ૨૦-૭-૨૫ રવિવારના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રવાસના બસ ભાડાનો તથા માનકુવામાં કુલ્ફીનો ખર્ચ ખર્ચ ₹. ૧૫૦૦૦/- ગાંધીધામ ઘટકના દિલેર દાતાશ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ દ્વારા આપવામાં આવ્યો હતો.

આ પ્રવાસ ગાંધીધામથી ભેડમાતા-કોટડા (સવારનો નાસ્તો) દાદા-દાદી પાર્ક (ભોજન), ખેતાબાપાની વાડી, વાઢાંઈ થઇ ત્રિ-મંદિર ભુજ (રાત્રી ભોજન લઈ) ગાંધીધામ પરત આવેલ હતા. આ પ્રવાસમાં જોડાયેલ સિનિયર સિટીઝન મંડળ ના સભ્યો તથા અન્ય ઘટક ના ભાઈ બહેનોએ ખુબ જ આનંદ અને ઉત્સાહ પૂર્વક પ્રવાસમા ભાગ લીધો હતા. ભેડ માતા મંદિર જે રબારી જ્ઞાતિનું ખુબ જ સુંદર મંદિર છે. વરસાદનો સમય હોતા આ રમણીય સ્થળના ચારે બાજુ હરિયાલી હોતા દશ્ય આનંદમય હતું. ત્યારબાદ દાદા દાદી પાર્ક પહોંચ્યા.

ત્યાં બપોરના જમવાનું રાખવામાં આવેલ હતું. જમ્યા બાદ ત્યાંના ટ્રસ્ટી બહેનશ્રી એ દાદા-દાદી વાડીનો જે ઈતિહાસ છે તે બાબતે જાણકારી આપી હતી. સાથે ધાર્મીક પ્રવચન પણ આપેલ હતુ. ત્યારબાદ સંઘ વાઢાંઈ પહોંચ્યો હતો. ત્યાં રામ મંદિર તથા જોવા લાયક બીજા મંદિરોના દર્શન કરી સીધા ત્રિ-મંદિર-ભુજ પહોંચ્યા હતા. અડાલજ મંદિરની આવર્તી જેવા ત્રી મુરતી મંદિર ભુજના દર્શન કરી અને રાતનું ત્યાં શુદ્ધ સ્વચ્છ ભોજન આરોગ્યા બાદ ત્રી મંદિરના ટ્રસ્ટી શ્રી અરૂણભાઈ રણછોડભાઈ પરમાર દ્વારા તમામ સિનિયર સિટીઝનને પોતાના તરફ થી આઇસક્રીમ ખવડાવી હતી. ત્યારબાદ સીધા ગાંધીધામ પરત આવેલ હતા . નિર્વિઘ્ને આ પ્રવાસ પાર પાડવા સંસ્થાના શ્રી મહેન્દ્રભાઇ પરમાર-પ્રમુખ, શ્રી અશોકભાઇ ચૌહાણ - વરિષ્ઠ મંત્રી તથા જયેન્દ્રભાઇ સોલંકી, યશવંતભાઈ પરમાર એ સહકાર આપેલ હતો.






KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




# Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750

Ashok A. Rathod - 9898 907740

Rajen A. Rathod - 9898 907744

Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# ચતુર્થ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. જગદીશભાઈ હિરજીભાઈ ચૌહાણ

(બ્રહ્માણી પ્રિન્ટીંગ પ્રેસવાળા, ગાંધીધામ)

અંજલી માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલી માટે પુષ્પો ઓછા પડે છે, આંખો હજુ નિહાળે છે, અંતર હજુ પોકારે છે, આપનું અસ્તિત્વ આજે અમારી વચ્ચે નથી પરંતુ આપનો કુટુંબ પ્રત્યેના પ્રેમ અને સ્નેહીઓ પ્રત્યેનો સ્નેહ હંમેશા હૈયે રહેશે... પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. સાવિત્રીબેન જગદીશભાઈ ચૌહાણ | પત્ની |
| સ્વ. ડાઈબેન હિરજીભાઈ ચૌહાણ | માતા-પિતા |
| સ્વ. કાશીબેન પ્રાગજીભાઈ પઢિઆર | સાસુ-સસરા |
| રસીલાબેન મગનભાઈ ચૌહાણ | નાનાભાઈ-પત્ની |
| લતાબેન દિપેશભાઈ પરમાર | દિકરી-જમાઈ |
| જ્યોતિબેન ભરતભાઈ ચાવડા | દિકરી-જમાઈ |
| દક્ષાબેન મહેશભાઈ ચૌહાણ | દિકરી-જમાઈ |
| મીતલબેન આશીષભાઈ પરમાર | દિકરી-જમાઈ |
| સ્વ. પરસોત્તમભાઈ પ્રાગજીભાઈ પઢિઆર | સાળા |
| સ્વ. ભુપતભાઈ પ્રાગજીભાઈ પઢિઆર | સાળા |
| મોનિસ અને મોનિકા | મોટાબાપા |
| સ્વ. નર્મદાબેન ભવાનજી પરમાર | બહેન-બનેવી |
| સ્વ. હરીકુંવરબેન કેશવજીભાઈ રાઠોડ | બહેન-બનેવી |

દોહીત્રા-દોહીત્રી

શીવમ, રૂચીર, ભવ્ય, અનમ, જૈવીક

પૂજા, કાજલ, દિક્ષીતા, દેવાંશી

| | |
|---|---|
| શીતલબેન પ્રકાશભાઈ ખોડિયાર | ભાણેજ |

**તથા સમસ્ત ચૌહાણ પરિવારના જયશ્રી કૃષ્ણ**

# આઠમી વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. કેશવજીભાઈ રામજીભાઈ જેઠવા (કેશુ માસ્તર)

સ્વ. તા. ૦૬/૦૮/૨૦૧૭, મોટી નાગલપર, તા. અંજાર

અમારા પૂજનીય પિતાજી આજે અમારી વચ્ચે દેહરૂપે જીવંત નથી, પરંતુ તેમની સાથેના આત્મીય સંબંધોથી તેઓ અમારા હૃદયમાં હંમેશા જીવંત જ છે, તેમના સદ્‌ગુણોને અમારા જીવનની પ્રેરણા બનાવી, તેમને હૃદયપૂર્વક ભાવાંજલિ અર્પણ કરીએ છીએ.

**:: આપના પરિવારજનો ::**

| | |
|---|---|
| સ્વ. કસ્તુરબેન કેશવજીભાઈ જેઠવા | પત્નિ |
| સ્વ. રાધાબેન મુળજીભાઈ જેઠવા | ભાઈ-ભાભી |
| જયેન્દ્રબાળાબેન અમૃતલાલ જેઠવા | નાના ભાઈ - વહુ |
| ગં.સ્વ. કાશીબેન કાન્તીલાલ ચૌહાણ | બહેન-બનેવી |
| સ્વ. પ્રેમુબેન નાનાલાલ ચાવડા | બહેન-બનેવી |
| ગં.સ્વ. ત્રિવેણીબેન અશોકભાઈ પરમાર | બહેન-બનેવી |
| ગં.સ્વ. વેલુબેન જયંતિલાલ સોલંકી | બહેન-બનેવી |
| ગં.સ્વ. મીનાબેન મુકેશભાઈ જેઠવા | પુત્ર-પુત્રવધુ |
| સરલાબેન વિનોદભાઈ જેઠવા | પુત્ર-પુત્રવધુ |
| કવિતાબેન કનૈયાલાલ જેઠવા | પુત્ર-પુત્રવધુ |
| મમતાબેન બલરામભાઈ જેઠવા | પુત્ર-પુત્રવધુ |
| નીતાબેન વિનોદભાઈ પઢિઆર | પુત્રી-જમાઈ |
| અંજલીબેન કરણભાઈ જેઠવા | પૌત્ર-પૌત્રવધુ |
| હેમાંગીબેન પુનિતકુમાર જેઠવા | પૌત્ર-પૌત્રવધુ |
| પૂજાબેન નિકુંજભાઈ જેઠવા | પૌત્ર-પૌત્રવધુ |
| કલ્પાબેન કિશોરભાઈ રાઠોડ | પૌત્રી-જમાઈ |
| ધારાબેન સંદીપભાઈ ટાંક | પૌત્રી-જમાઈ |
| પ્રિયંકાબેન વિશાલભાઈ રાઠોડ | પૌત્રી-જમાઈ |
| જીનલબેન મયુરભાઈ પરમાર | પૌત્રી-જમાઈ |
| હિમાનીબેન ઉત્સવભાઈ પઢિઆર | દોહીત્રો-દોહીત્રવધુ |
| પાર્થ, શ્યામ, કિર્તન | પૌત્રા |
| ધવલ | દોહીત્ર |
| ક્રિષ્વા, વંશી, ધ્યાના | પરપૌત્રી |

## Surbhi Uniforms

Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.

HARI GADHVI
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com

Surbhi uniforms

## Surbhi Hotel

A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.

Hotel Surbhi™ The Relief Home

HOTEL SURBHI
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com

## Saarvin Custom Clearance

Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.

NIGAM CHAVDA
+91-99208 43135
Email : saarvincc@gmail.com

SAARVIN
CUSTOM CLEARANCE

Gayatri estate

## Gayatri Estate

Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.

NISHANT CHAVDA
+91-81419 06635

# SURBHI GROUP OF COMPANIES

## B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH



*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम ***मितेष जे. खोडियार*** है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance — The Health Insurance Specialist

HDFC ERGO — Take it easy!

IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho

Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

|| ઓમ શાંતિઃ ||

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**Mob. 98252 97341**

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : **Mo. 9537738640 (Deep)**




Khodiyar Engineering Works

Urja Engineering Company

Perfect Power Systems

Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



Authorised Dealer

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com




UNITRON
The Instrumentation People



Vipin Rathod
Managing Director

**UNITRON INSTRUMENTATION PVT. LTD**

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor, Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.

**Head Office:**

127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717

Email- info@unitron.in
Web: www.unitron.in

Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938 Published on September-2025
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.


|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે. PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક


માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ – અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ – ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.